CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ ઓગસ્ટ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ વદ ૧૩ | અંક : ૬૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતીય પેરા શૂટર અવની લેખરાએ ગોલ્ડ મેડલ જીત્યો

## અવની લેખારાએ પેરિસ પેરાલિમ્પિક્સમાં મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટની ફાઇનલમાં ગોલ્ડ મેડલ જીત્યો : મોદીએ અભિનંદન પાઠવ્યા

। (એજન્સી) પેરિસ, તા.૩૦ ।

ભારતની સ્ટાર પેરા શૂટર અવની લેખારાએ પેરિસ પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટની ફાઇનલમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. અવનીએ ભારતને પહેલો મેડલ અપાવ્યો. આ પહેલા પણ અવનીએ ટોક્યો પેરાલિમ્પિક માં ગોલ્ડ જીત્યો હતો. જ્યારે મોના અગ્રવાલે ભારતને બીજો મેડલ અપાવ્યો હતો. ભારતીય શૂટર અવની લેખારાએ પેરિસ પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં ચમત્કાર કર્યો છે. અવનીએ શુક્રવારે ઈર મહિલા ૧૦ મીટર એર રાઈફલ (SH1) ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. અવનીએ પેરાલિમ્પિક રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતની મોના અગ્રવાલે આ જ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ બે મેડલ સાથે ભારતનું ખાતું ચાલી રહેલી પેરાલિમ્પિક ગેમ્સમાં ખુલી ગયું છે. ભારત પાસે એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ છે.

૨૨ વર્ષની અવનીએ ફાઈનલમાં ૨૪૯.૭ પોઈન્ટ બનાવ્યા જે એક પેરાલિમ્પિક રેકોર્ડ છે. બ્રોન્ઝ મેડલ વિજેતા મોનાએ ૨૨૮.૭ પોઈન્ટ મેળવ્યા હતા. અવનીએ ટોક્યો પેરાલિમ્પિક્સ (૨૦૨૦) માં પણ આ જ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઈવેન્ટમાં દક્ષિણ કોરિયાના લી યુનરીએ સિલ્વર મેડલ જીત્યો હતો. અવનીએ ટોક્યો પેરાલિમ્પિક્સમાં ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશનમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અવની પેરાલિમ્પિક્સમાં બે ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા એથ્લેટ છે. તે પેરાલિમ્પિક ગેમ્સમાં બેક ટુ બેક ગોલ્ડ મેડલ જીતનાર



પ્રથમ ભારતીય એથ્લેટ પણ છે. અવની પેરાલિમ્પિક ગેમ્સમાં ત્રણ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા પણ બની ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અવની લેખારાને પેરાલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

પીએમ મોદીએ લખ્યું, 'ભારતે પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં મેડલનું ખાતું ખોલ્યું. અવની લેખરાને 10M એર રાઈફલ SH1 ઈવેન્ટમાં ગોલ્ડ જીતવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. તેણે ઈતિહાસ પણ રચ્યો છે કારણ કે તે ૩ પેરાલિમ્પિક મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા એથ્લેટ છે. તેમનું સમર્પણ ભારતને ગર્વ કરાવે છે. વડાપ્રધાને મોના અગ્રવાલને પણ અભિનંદન પાઠવ્યા. અવની લેખારા ક્વોલિફિકેશનમાં બીજા સ્થાને રહીને ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહી હતી. છેલ્લા એક વર્ષથી શાનદાર ફોર્મમાં રહેલી દેશબંધુ મોના અગ્રવાલે પણ પાંચમું સ્થાન મેળવીને આઠ શૂટર્સની ફાઈનલમાં ક્વોલિફાય કર્યું હતું. ડિફેન્ડિંગ ચેમ્પિયન અવનીએ ૬૨૫.૮નો સ્કોર કર્યો હતો અને તે ઈરિના શેટનિકથી પાછળ હતી. ઈરિનાએ પેરાલિમ્પિક ક્વોલિફિકેશન રાઉન્ડમાં ૬૨૭.૫ના સ્કોર સાથે નવો રેકોર્ડ બનાવ્યો હતો.

### ભારતીય પેરા એથ્લેટ શીતલ દેવીએ પેરાલિમ્પિકના પહેલા ઈતિહાસ રચ્યો

પેરિસ પેરાલિમ્પિકની શરુઆત થઈ ચૂકી છે. આ વચ્ચે ભારતીય પેરા એથ્લેટ શીતલ દેવીએ પેરાલિમ્પિકના પહેલા જ દિવસે ઈતિહાસ રચી દીધો છે. તેમણે મહિલાની તીરંદાજીના ક્વોલિફિકેશનમાં શાનદાર પ્રદર્શન કરી ૭૨૦માંથી ૭૦૩ અંક મેળવી ક્વાર્ટરફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે. શીતલ દેવી ૭૦૩ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહી હતી પરંતુ તેમણે ગત્ત ૬૯૮ અંકનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. તેનો આ રેકોર્ડ વધારે સમય ટક્યો નહિ અને તુર્કીની ખેલાડીએ આ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. પરંતુ શીતલ દેવી રેંકિંગ રાઉન્ડમાં બીજા સ્થાને રહી છે. હવે શીતલ દેવી ૩૧ ઓગસ્ટના સાંજે ૯ કલાકે પોતાની ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. તેમજ ભારતની સરિતાએ પણ ભાગ લીધો છે. તે ૯માં સ્થાને રહી હતી. સરિતા પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવા માટે હવે રમશે. બીજા સ્થાને રહેવાના કારણે શીતલ દેવીએ સીધો રાઉન્ડ ઓફ ૧૬ માટે ક્વોલિફાય કરી લીધું છે.

### બ્રોન્ઝ મેડલ વિજેતા મોનાએ ૨૨૮.૭ પોઈન્ટ મેળવ્યા

## પેરા-શૂટર મોના અગ્રવાલે બ્રોન્ઝ મેડલ જીતી લીધો

। (એજન્સી) પેરિસ, તા.૩૦ ।

ભારતીય શૂટર અવની લેખારા અને મોના અગ્રવાલે પેરિસ પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કર્યું છે. અવનીએ શુક્રવારે (૩૦ ઓગસ્ટ) મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ (SH1) ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેની સાથે મોના અગ્રવાલે પણ આ જ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ બે મેડલ સાથે ભારતનું પેરિસ પેરાલિમ્પિક્સમાં ખાતું ખુલી ગયું છે. ભારત પાસે એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ છે. અવનીએ ફાઈનલમાં ૨૪૯.૭ પોઈન્ટ મેળવીને પેરાલિમ્પિક્સમાં રેકોર્ડ બનાવ્યો હતો. બ્રોન્ઝ મેડલ વિજેતા મોનાએ ૨૨૮.૭ પોઈન્ટ મેળવ્યા હતા. ૩૭ વર્ષની પેરા શૂટર મોના અગ્રવાલે પેરિસ પેરાલિમ્પિક્સમાં ત્રણ મેડલની ઈવેન્ટ્સમાં ભાગ લીધો છે. આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં સતત શાનદાર પ્રદર્શન કરી રહેલી મોના હવે મિક્સડ ૫૦ મીટર રાઈફલ પ્રોન R6 ઈવેન્ટ અને મહિલાઓની ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન ઈ૮ ઈવેન્ટમાં ભાગ લેશે.

### પ્રીતિ પાલે પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો

પ્રીતિ પાલે પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તેણે મહિલાઓની ૧૦૦ મીટર ટી૩૫ કેટેગરીની રેસમાં મેડલ જીત્યો છે. ૩૦ ઓગસ્ટે ભારતે જીતેલો આ ત્રીજો મેડલ છે. પ્રીતિએ ઈતિહાસ પણ રચ્યો છે કારણ કે તે પેરાલિમ્પિક ગેમ્સની ટ્રેક ઈવેન્ટમાં મેડલ જીતનારી પ્રથમ ભારતીય એથ્લેટ બની છે. ટી૩૫ કેટેગરીની મહિલાઓની ૧૦૦ મીટર રેસની ફાઈનલમાં ભારતની પ્રીતિ પાલે ૧૪.૨૧ સેકન્ડમાં રેસ પૂરી કરી અને ત્રીજું સ્થાન મેળવ્યું. ચીનના દોડવીરોએ પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ચીનની જિયા (૧૩.૩૫ સેકન્ડ) અને ગુઓએ ૧૩.૭૪ સેકન્ડમાં રેસ પૂરી કરીને સિલ્વર મેડલ જીત્યો હતો. તમને જણાવી દઈએ કે પ્રીતિ પાલે આ વર્ષે કોબેમાં આયોજિત વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં બ્રોન્ઝ મેડલ જીતીને પેરિસ ઓલિમ્પિક ની ફાઈનલમાં સીધી જગ્યા બનાવી લીધી હતી.



### પેરિસ પેરાલિમ્પિક્સ : શૂટિંગમાં મનીષ નરવાલે જીત્યો સિલ્વર

। પેરિસ, તા.૩૦ ।


પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતીય શૂટરોનો જલવો યથાવત છે. અવની લેખરા અને મોના અગ્રવાલ બાદ હવે મનીષ નરવાલે મેડલ જીતવામાં સફળતા મેળવી છે. મનીષ નરવાલે સિલ્વર મેડલ કબજે કર્યો હતો. તેણે પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ SH1માં સિલ્વર મેડલ જીત્યો હતો. અત્યાર સુધીમાં ભારતે પેરિસ પેરાલિમ્પિકમાં ૪ મેડલ જીત્યા છે. આ પહેલા ભારતીય પેરા શૂટર અવની લેખરાએ શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

### બસ પલટી ખાઈ જતા ૧૮ લોકો ઘવાયા

## ભક્તોથી ભરેલી હરિદ્વાર જતી બસ સામે બળદ આવી જતાં ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો

। (એજન્સી) શાહજહાંપુર, તા.૩૦ ।

યુપીના શાહજહાંપુરમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૮ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના એક બળદને બચાવવાના પ્રયાસમાં બની હતી જ્યાં બસ કાબૂ બહાર જતા પલટી ગઈ હતી. મળતી માહિતી મુજબ, શાહજહાંપુર જિલ્લાના સીતાપુરથી મુસાફરોને લઈને હરિદ્વાર જઈ રહેલી એક ખાનગી બસ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બળદને બચાવવાના પ્રયાસમાં કાબૂ બહાર ગઈ અને પલટી ગઈ. આ અકસ્માતમાં ૧૮ લોકો ઘાયલ થયા છે. જેની સારવાર ચાલી રહી છે. આ ઘટના અંગે માહિતી આપતા પોલીસ એરિયા ઓફિસર (શહેર) સૌમ્ય પાંડેએ



જણાવ્યું કે, સીતાપુરથી એક બસ મુસાફરોને લઈને હરિદ્વાર જઈ રહી હતી. ગુરુવારે રાત્રે લગભગ ૧ વાગ્યે બસ થાના રામચંદ્ર મિશન વિસ્તારમાં હાઈવે પર પહોંચી હતી, ત્યારે અચાનક બસની સામે એક બળદ આવી જતા તેને બચાવવાના પ્રયાસમાં ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને બસ રોડની બાજુમાં પલટી ગઈ. આ અકસ્માતમાં ૧૮ લોકો ઘાયલ થયા છે. આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને સારવાર માટે સરકારી મેડિકલ કોલેજમાં મોકલ્યા હતા. કેટલાક ગંભીર રીતે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને બાકીનાને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી છે. મુસાફરોએ જણાવ્યું કે, અચાનક બળદ રસ્તા પર આવ્યો, જેને જોઈને ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક લગાવી પરંતુ બસ કાબૂ બહાર ગઈ અને પલટી ગઈ. આ પછી હોબાળો મચી ગયો હતો. અરાજકતા વચ્ચે કોઈક રીતે બધાને બહાર કાઢવામાં આવ્યા.

### છેલ્લા પાંચ ક્વાર્ટરમાં સૌથી ઓછો જીડીપી જાહેર થયો

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતનો આર્થિક વિકાસ રૂંધાયો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ છેલ્લા પાંચ ત્રિમાસિકના તળિયે નોંધાયો છે. તેમજ વાર્ષિક ધોરણે પણ ૧.૫ ટકા ઘટ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૬.૭ ટકા નોંધાયો છે. જે માર્ચ ત્રિમાસિકમાં ૭.૮ ટકા અને ગત નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં ૮.૨ ટકા હતો. આરબીઆઈના પ્રથમ ત્રિમાસિક માટેના ૭.૨ ટકાના અંદાજ સામે પણ જીડીપી ઘટ્યો છે.

### IPOમાં અનિયમિતતાના કારણે કંપનીને નોટિસ

## Paytmએ તેના IPO અંગે સેબી તરફથી નોટિસ મળવાના સમાચારનો જવાબ આપ્યો

**Paytm દેશની સૌથી મોટી ફિનટેક કંપનીઓમાંની એક**

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

Paytm એ તેના IPO અંગે સેબી તરફથી નોટિસ મળવાના સમાચારનો જવાબ આપ્યો છે. શેરબજારને મોકલવામાં આવેલી માહિતીમાં તેણે કહ્યું છે કે તે પહેલાથી જ બધું કહી ચૂકી છે. ફિનટેક કંપનીએ Paytm મીડિયામાં ચાલી રહેલા તમામ અહેવાલોને ફગાવી દીધા છે જેમાં કહેવામાં આવ્યું હતું કે તેને બજાર નિયામક સેબી તરફથી નવી નોટિસ મળી છે. સેબીએ તેના IPOમાં અનિયમિતતાના કારણે કંપનીને આ નોટિસ મોકલી છે. Paytm એ આ વિશેની માહિતી શેરબજારને મોકલીને તમામ અટકળોને ફગાવી દીધી છે, Paytmનું કહેવું છે કે તેને SEBI તરફથી કોઈ નવી સૂચના મળી નથી. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર દરમિયાન સેબી દ્વારા તેને નોટિસ મોકલવામાં આવી હતી, જેનો તેણે તાજેતરમાં તેના વાર્ષિક નાણાકીય પરિણામોમાં જવાબ આપ્યો છે. પેટીએમનું કહેવું છે કે તે માર્કેટ રેગ્યુલેટર સેબી સાથે સતત વાતચીત કરી રહી છે. તે આ મામલે વધુ માહિતી પણ એકઠી કરી રહી છે.

### સરકાર દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી

## શિવાજી પાર્કમાં ક્રિકેટના ભગવાનના ગુરૂની પ્રતિમા બનશે

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

ભારતીય ટીમના દિગ્ગજ બેટ્સમેન અને ર્ક્રિકે ઝૌંષ્ઠિ કહેવાતા સચિન તેંડુલકરના કોચનું સન્માન કરવામાં આવશે. મહારાષ્ટ્ર સરકારે એક મોટો નિર્ણય લેતા મુંબઈના શિવાજી પાર્કમાં સચિનના બાળપણના કોચ રમાકાંત આચરેકરજીની પ્રતિમા સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી. રમાકાંત આચરેકર તેંડુલકરના બાળપણના કોચ હતા. રમાકાંત આચરેકરે દિગ્ગજની ક્રિકેટ કારકિર્દીની શરૂઆતથી અંત સુધી મહત્વની ભૂમિકા ભજવી હતી. બાળપણમાં તેંડુલકરને તેમણે કોચિંગ આપ્યું હતું અને મુંબઈના અન્ય કેટલાક ખેલાડીઓને પણ તાલીમ આપી હતી, જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવા ગયા હતા. હવે મહારાષ્ટ્ર સરકારે તેમના સન્માનમાં શિવાજી પાર્કમાં રમાકાંત આચરેકર સ્મારક બનાવવાની જાહેરાત કરી છે. સરકારના નિર્ણયનું સ્વાગત કરતા સચિને કહ્યું- આચરેકર સરનો મારા અને અન્ય ઘણા લોકોના જીવન પર ઘણો પ્રભાવ પડ્યો છે. હું તેમના તમામ વિદ્યાર્થીઓ વતી બોલી રહ્યો છું. તેમનું જીવન શિવાજી પાર્કમાં ક્રિકેટની આસપાસ જ ફરતું હતું. શિવાજી પાર્કમાં જ હંમેશા રહેવાની તેમની ઈચ્છા રહી હશે અને સરકારે આ સ્મારક થકી યથાર્ત શ્રદ્ધાંજલિ અર્પવાનો પ્રયાસ કર્યો છે. આચરેકર સરની પ્રતિમા તેમની કર્મભૂમિ પર બનાવવાના સરકારના નિર્ણયથી હું ખૂબ જ ખુશ છું.

## ચીનના આક્રમણને લીધે ભારત અમેરિકા સાથે અભૂતપૂર્વ સંબંધો બાંધશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

ચીનનાં આક્રમણને લીધે નરેન્દ્ર મોદીની સરકાર અમેરિકા સાથે અભૂતપૂર્વ સંબંધો બાંધવા ઈચ્છે છે, પરંતુ તે સાથે તે ફસાઈ ન જાય તેમજ તેને (અમેરિકા) અધ વચ્ચેથી જ પડતા મુકી દે તેવી આશંકાથી સાવચેતી પૂર્વક આગળ વધવા માગે છે. તેમ અમેરિકાના નેશનલ સિક્યુરીટી એડવાઈઝર લેફ. જન. (નિવૃત્ત) એચ.આર. મેક માસ્ટરે તેઓના સૌથી છેલ્લા પુસ્તકમાં લખ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પના સમયમાં તેઓ અમેરિકાના રાષ્ટ્રીય સલામતી સલાહકાર પદે હતા. તેઓએ તેમના પુસ્તક એટ-વોર-વીથ અવરસેલ્વઝમાં તેઓની ભારતના એન.એસ.એ. અજિત ડૉવલ સાથેની મુલાકાત વિષે પણ લખ્યું છે. જો કે



તેના બીજા જ દિવસે તેઓને તે પદ ઉપરથી દૂર કરાયા હતા, તે અલગ વાત છે. તેઓએ લખ્યું છે કે, મને તે પદ ઉપરથી દૂર કરવામાં આવ્યો તેની આગળના દિવસે મેં અજિત ડોવલને ડીનર આપ્યું હતું. જે બે નદીઓના સંગમ સ્થળે આવેલા શાંત સ્થળ ફોટ-મેકનૈરમાં આપ્યું હતું. અમે ઘણી ધીમેથી વાતો કરી હતી અને એવું દેખાડતા હતા કે જાણે અમે રૂટીન સબ્જેકટસ પર જ વાતો કરી રહ્યા છીએ. મને આશ્ચર્ય તો તે થયું કે જ્યારે દોવલે મને કહ્યું, આપણી આ સ્તરની મૈત્રી કેટલો સમય ચાલશે ? તેનો સીધો જ અર્થ તે હતો કે મને તે પદ પરથી દૂર કરવામાં આવશે. મેક-માસ્ટરે વધુમાં લખ્યું છે કે મેં તે સમયે ઓગસ્ટમાં ટ્રમ્પે તૈયાર કરેલી દક્ષિણ એશિયાની ૧૦ વર્ષનાં યુદ્ધ દરમિયાન ચાલી રહેલી અમેરિકાની રણનીતિની પણ સમીક્ષા કરી હતી.

મેક-માસ્ટરે એપ્રિલ ૧૪ થી ૧૭ દરમિયાન અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને અમેરિકાની મુલાકાત લીધી હતી. તે દરમિયાન તેઓએ તે સમયનાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, વિદેશ સચિવ પદે રહેલા જયશંકર તેમજ એ.એસ.એ. દોવલની સાથે પણ ચર્ચા કરી હતી.

### ન્યૂઝ બ્રિફ

### હવે વિધાનસભામાં શુક્રવારની નમાઝ માટે નહીં મળે વિરામ

। દીસપુર, તા.૩૦ ।

આસામ વિધાનસભામાં હવે મુસ્લિમ સભ્યોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. શુક્રવારે, હિમંતા બિસ્વા સરમાની સરકારે, વિધાનસભાના સત્ર દરમિયાન શુક્રવારે મુસ્લિમ સભ્યોને આપવામાં આવતો બે કલાકનો વિરામ નાબૂદ કરી દીધો છે. શુક્રવારે આસામ વિધાનસભાના અધ્યક્ષ વિશ્વજીત દૈમરી દ્વારા મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય અંગે સરકારનું કહેવું છે કે આનાથી વિધાનસભાની કાર્યક્ષમતા વધશે અને શુક્રવારે પણ સામાન્ય દિવસોની જેમ જ કાર્યવાહી ચાલુ રહેશે. આસામ રાજ્યના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ, વિધાનસભા અધ્યક્ષ વિશ્વજીત દૈમરીના નિર્ણયને આવકાર્યો છે.

## શિવાજી મહારાજની પ્રતિમા ધરાશાયી થવાનો મુદ્દો સરકારને પડ્યો ભારે

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ધરાશાયી થવાનો મુદ્દો રાજ્ય સરકાર માટે ભારે પડી રહ્યો છે. આ મુદ્દે સમગ્ર સરકાર જ બેકફૂટ પર આવી ગઈ છે અને કોઈપણ રીતે તેનાથી બચવાના પ્રયત્નમાં છે. ચૂંટણીની સિઝન પહેલા શિવાજી મહારાજની પ્રતિમા ધરાશાયી થવાથી વિપક્ષને એક મુદ્દો મળી ગયો છે. આ જ કારણ છે કે સીએમ એકનાથ શિંદેએ કહ્યું કે હુ ૧૦૦ વખત શિવાજી મહારાજની પ્રતિમાના પગે પડીને માફી માગવા માટે તૈયાર છુ. મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજ પૂજનીય છે અને તેમને રાજકારણથી દૂર રાખવા જોઈએ. સિંધુદુર્ગમાં સ્થિત આ મૂર્તિ પડવા મુદ્દે અજીત પવારે પણ દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે કહ્યું કે હુ મહારાષ્ટ્રની ૧૩ કરોડ જનતાની આ મુદ્દે માફી માગુ છુ. મહારાજ શિવાજીની પ્રતિમા ધરાશાયી થવી અમારા માટે એક આઘાત જેવું છે. 'આ મામલે દોષિત ઠેકેદારોને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. રાજ્યના ડેપ્યુટી સીએમ તરીકે હુ માફી માગુ છુ. મારુ વચન છે કે ભવિષ્યમાં હવે રાજ્યમાં આવી કોઈ ઘટના થવા દેવામાં આવશે નહીં.' એકનાથ શિંદેએ કહ્યું કે મહારાજ શિવાજી મહારાષ્ટ્રના સંરક્ષક દેવતા છે. હુ તેમના ૧૦૦ વખત પગે પડીને માફી માગવા માટે તૈયાર છુ. ભાજપ નેતા અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ આ મુદ્દે દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે કહ્યું કે મહારાજની પ્રતિમાનું નિર્માણ ભારતીય નૌસેનાની દેખરેખમાં થયુ હતું. આમાં રાજ્ય સરકારની કોઈ ભૂમિકા નહોતી. રાજ્ય સરકાર આના કરતાં પણ મોટી શિવાજીની પ્રતિમા લગાવશે અને તેમના સન્માનને અકબંધ રાખવામાં આવશે. મહારાષ્ટ્રના રાજકારણ અને સમાજમાં શિવાજી મહારાજ એક ભાવનાત્મક પાસું છે. કોઈ પણ દળ કે નેતા તેમના સન્માનની સાથે જ રાજકારણ કરી શકે છે.

## છત્રપતિ શિવાજીની પ્રતિમા પડવા બદલ પીએમ મોદીએ માફી માંગી

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

તાજેતરમાં જ મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા પડી ગઈ હતી. આ ઘટનાને લઈને મહારાષ્ટ્રમાં ભારે રાજકીય ખળભળાટ મચી ગયો હતો. આજે શુક્રવારે મહારાષ્ટ્ર પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક બેઠકમાં આ ઘટના માટે માફી માંગી છે. પીએમ મોદીએ આ ઘટના માટે માફી માંગી છે અને કહ્યું છે કે શિવાજી અમારા માટે આરાધ્ય છે. ચાલો જાણીએ પીએમ મોદીએ બીજું શું કહ્યું છે. શુક્રવારે મહારાષ્ટ્રના પાલઘરમાં પીએમ મોદીએ કહ્યું કે, 'જ્યારે મને પીએમ પદનો ઉમેદવાર જાહેર કરવામાં આવ્યો ત્યારે હું સૌથી પહેલા રાયગઢમાં છત્રપતિ શિવાજી મહારાજની જગ્યા પર ગયો હતો. તાજેતરમાં સિંધુદુર્ગમાં જે કંઈ પણ થયું, શિવાજી માત્ર એક નામ નથી, તે માત્ર એક રાજા નથી, આપણા માટે શિવાજી આરાધ્ય છે. હું શિવજીના ચરણોમાં નમન કરું છું અને માફી માંગુ છું.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના પાલઘરમાં વાધવન પોર્ટનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ અંદાજે ૭૬,૦૦૦ કરોડ રૂપિયા છે. PM મોદીએ લગભગ રૂ. ૧,૫૬૦ કરોડના મૂલ્યની ૨૧૮ મત્સ્યઉદ્યોગ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે મહારાષ્ટ્ર માટે મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. વડવાણ પોર્ટનો આજે શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ દેશનું સૌથી મોટું કન્ટેનર પોર્ટ હશે. સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની પ્રતિમા તુટવા પર ડેપ્યુટી સીએમ અજિત પવારે પણ માફી માંગી હતી. તેમણે કહ્યું હતું કે બે-ત્રણ દિવસ પહેલા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા પડી હતી. આ ખૂબ જ નિંદનીય છે. આમાં જે પણ દોષિત હશે તેને સજા થશે.

CMYK

### દેવભૂમિ દ્વારકામાં જળ પ્રલય!!

# દ્વારકા નગરીમાં ભારે વરસાદને લઈને તારાજીના દ્રશ્યો જોવા મળ્યા

## ગોમતી નદી અને દરિયો એક થવાથી ગોમતી ઘાટ ડૂબ્યો



। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૩૦ ।

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી મેઘરાજા ધબધબાટી બોલાવી રહ્યાં છે, ત્યારે અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ નિર્માણ પામી હતી. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી છ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે દ્વારકા, પાવાગઢ, રાજકોટ, વડોદરા સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જ્યારે ગુજરાતમાં મેઘતાંડવ થવાથી અનેક વિસ્તારોમાં પ્રભાવિત થયા છે, ત્યારે રાજ્યમાં તારાજીના દ્રશ્યો જોવા મળ્યા છે. જેમાં રાજકોટમાં ઈન્ટરનેશનલ એરપોર્ટની ૧૫ ફૂટ ઊંચી વોલ તૂટી પડી છે, દ્વારકાના ગોમતી ઘાટ પર ખતરનાક વીજળી ત્રાટકી છે, દ્વારકા નગરીમાં ભારે વરસાદને લઈને જળપ્રલયના દ્રશ્યો સર્જાતા ગોમતી નદી અને દરિયો એક થવાથી ગોમતી ઘાટ સંપૂર્ણ ડૂબી ગયો છે, વડોદરા જળબંબાકાર સામે ઝઝૂમી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે, ત્યારે ભારે વરસાદી માહોલ વચ્ચે દ્વારકાના ગોમતી ઘાટ પર ખતરનાક વીજળી ત્રાટકી હોવાનો વીડિયો થયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. રાજ્યમાં અતિભારે વરસાદી માહોલ વચ્ચે અનેક જળાશયો અને નદીઓ છલકાઈ છે. આ દરમિયાન દ્વારકા નગરીમાં ભારે વરસાદને લઈને જળપ્રલયના દ્રશ્યો સર્જાયા છે, ત્યારે ગોમતી નદી અને દરિયો એક થવાથી ગોમતી ઘાટ સંપૂર્ણ ડૂબી ગયો છે.

પાવાગઢમાં સારો એવો વરસાદ વરસ્યો છે, ત્યારે પાવાગઢમાં મહાકાળીના મંદિરે મેઘાનો જળાભિષેક જેવા દ્રશ્યો જોવા મળ્યાં છે. જેમાં પાવાગઢના પગથિયાં પર જાણે નદીઓ વહી હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. છેલ્લા ત્રણ દિવસથી વડોદરા જિલ્લામાં ભયંકર વરસાદ વરસતાં પૂરની સ્થિતિ નિર્માણ પામી છે. વડોદરામાં જળબંબાકાર સામે અનેક લોકો પ્રભાવિત થયા છે. જ્યાં જોઈએ ત્યાં ઠેર-ઠેર વરસાદી પાણી દેખાય છે, ત્યારે કેટલાય લોકોનું સુરક્ષિત જગ્યાએ સ્થાળાંતર કરવામાં આવ્યું છે. આ દરમિયાન હરણી વિસ્તારની સોસાયટી અને એપાર્ટમેન્ટ્સમાં ત્રણ દિવસથી પાણી ભરાયેલી સ્થિતિમાં તંત્ર દ્વારા રાહત સામગ્રી પહોંચાડવા માટે એરફોર્સના હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી છે. જેમાં હેલિકોપ્ટર વડે ફૂડ પેકેટ પહોંચાડવામાં આવ્યાં હતા.

# સપ્તાહમાં પાંચ દિવસ પોષણયુક્ત લીલા શાકભાજી પીરસવામાં આવશે

## રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના બાળકોને હવે મધ્યાહન ભોજનમાં રોજ શાકભાજી ખાવા મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના બાળકોને હવે મધ્યાહન ભોજનમાં રોજ શાકભાજી ખાવા મળશે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોના મેનુમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં શાકભાજીના વધુ ઉપયોગ પર ભાર મૂકાયો હોવાનું જાણવા મળે છે.

અગાઉના મેનુમાં સપ્તાહમાં બે વખત વિદ્યાર્થીઓને શાક મળતું હતું, પરંતુ નવા મેનુમાં સપ્તાહમાં પાંચ દિવસ શાકભાજી પીરસવામાં આવશે. અગાઉ દાળ ઢોકળી અને વેજ પુલાવ સાથે શાક અપાતું ન હતું, પરંતુ નવા મેનુમાં આ ખાદ્યચીજો સાથે પણ બાળકોને શાક પણ આપવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, પી.એમ. પોષણ(મધ્યાહન ભોજન) યોજના



હેઠળ રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બપોરનું ગરમ ભોજન આપવામાં આવે છે.

શિક્ષણ વિભાગના ૨૦૨૦ના ઠરાવથી પી.એમ. પોષણ યોજનામાં બાળકોને આપવામાં આવતા ભોજનનું મેનુ નક્કી કરવામાં આવેલું છે. શિક્ષણ વિભાગના ૨૦૨૪ના ઠરાવ અનુસાર, પી.એમ. પોષણ યોજના અંતર્ગત અઠવાડિયામાં એક દિવસ બાળકોને સુખડી આપવામાં આવે છે.

રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ રાજ્યકક્ષાની સ્ટીયરીંગ કમ મોનિટરીંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં પી.એમ. પોષણ યોજના અંતર્ગત મેનુના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ જરૂરી સુધારા-વધારા કરવા સૂચન કરવામાં આવ્યું હતું. આમ, બેઠકમાં થયેલા સૂચનને પગલે પીએમ પોષણ યોજનાના મેનુમાં બદલાવ કરી સરકાર તરફથી નિયત થયેલા અનાજ, કઠોળ, તેલ અને લીલા શાકભાજીના જથ્થાના પ્રમાણ તથા ભારત સરકારની ગાઈડલાઈન અનુસાર નિયત થયેલી કેલરીનું પ્રમાણ જાળવી સમગ્ર રાજ્યમાં એક સાથે અમલમાં મૂકી શકાય તે મુજબનું વાનગી મેનુ નિયત કરવા ટેકનિકલ એડવાઈઝરી કમિટીની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

જે મુજબ કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી દ્વારા પી.એમ.પોષણ યોજનાના મેનુમાં ફેરફાર કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. દરખાસ્તના પગલે સરકાર દ્વારા તેની પર વિચારણા હાથ ધરી હતી અને ત્યારબાદ પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોને આપવામાં આવતા ભોજન માટે નવો મેનું નક્કી કરવામાં આવ્યો છે. જેનો અમલીકરણ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી કરવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળે છે. નવા મેનું પ્રમાણે હવે મધ્યાહન ભોજનમાં લીલા શાકભાજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે.

# જે યોજનાઓમાં સરકાર ગેરંટર છે તે ધિરાણ, સહાયમાં બેંકો સહયોગ આપે : મુખ્યમંત્રી

## સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીની ૧૮૨મી બેઠક ગાંધીનગરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ૧૮૨મી સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી (SLBC)ની બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રીએ એવા કેટલાક સૂચનો કર્યા હતા કે, (૧) નાના વેપારીઓ કિસાનો સહિતના જે લાભાર્થીઓને મળવાપાત્ર ધિરાણ સહાય યોજનામાં સરકાર ગેરંટર છે, તેવા લાભાર્થીઓને ધિરાણ આપવામાં ગતિ લાવવા બેંકોને સહયોગ આપે (૨) પીએમ સ્વનિધિ જેવી નાના વેપારીઓ-ફેરિયાઓને આત્મનિર્ભર બનાવતી ધિરાણ સહાયમાં અને નાના ખેડૂતોની કિસાન ક્રેડિટ જેવી યોજનાઓમાં પણ સરકાર ગેરેન્ટર હોય છે ત્યારે બેંકોને ધિરાણ સામે સિક્યુરિટીની કોઈ સમસ્યા હોવી ન જોઈએ (૩) પશુધન અને માછીમારોના ક્રેડિટ કાર્ડની યોજનામાં બેન્કર્સ ગતિ લાવે (૪) જન કલ્યાણ યોજનાઓમાં બેન્કર્સ ઉત્તમ યોગદાન આપે (૫) યુવા ઉદ્યોગ સાહસિકોના સ્ટાર્ટઅપ્સને પણ બેંક



સરળતાથી અને મોટી સંખ્યામાં ધિરાણ મદદ આપે એ દિશામાં વિચારે. આ તબક્કે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. હવે અમૃતકાળમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતથી પણ ગુજરાત અગ્રેસર રહેવાનું છે. આ હેતુસર રાજ્ય સરકારે અર્નિંગ વેલ અને લિવિંગ વેલના બે મુખ્ય પિલર પર ૨૦૪૭ સુધીનો આગવો રોડ મેપ તૈયાર કર્યો છે. જે મુજબ દરેક વ્યક્તિ અર્થતંત્ર સાથે જોડાઈને આગળ વધે ત્યારે જ ૨૦૪૭માં વિકસિત ભારતના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરી શકાશે. બેન્કસ પણ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં સહયોગ આપે અને વધુને વધુ લોકોને ફાઈનાન્સિયલ ઈન્કલુઝનનો લાભ આપે. દરમ્યાનમાં મુખ્ય સચિવ રાજકુમારે જણાવ્યું હતું કે, વિકસિત ભારત જ ૨૦૪૭ અન્વયે ગુજરાતનું અર્થતંત્ર આપણે ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલીયન ડોલર બનાવવાનું જે લક્ષ્ય રાખ્યું છે, તેમાં બેંક્સની મહત્વપૂર્ણ ભૂમિકા રહેવાની છે. ફાઈનાન્સિયલ સિસ્ટમ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત અને ગતિશીલ બનાવવામાં જે યોગદાન આપે છે, તેમાં બેંક્સની ભૂમિકા વધુ સંગીન બનાવવાનું વિચાર મંથન SLBCમાં થાય તે જરૂરી છે. હાલની વરસાદી આફતમાંથી નાના વેપારીઓ-ધંધા વ્યવસાયકારોની ઝડપભેર પૂર્વવત થવા બેંક્સની મદદ મળી રહે તે છે. રાજ્યના જે વિસ્તારોમાં બેંકોનો ક્રેડિટ રેશિયો ઓછો છે, તે વધારવા સાથે એસ્પીરેશનલ ડિસ્ટ્રિક્ટમાં લાભાર્થી કવરેજ વધારીને યોજનાકીય લાભ માટે બેન્કિંગ સેવાઓને વ્યાપક બનાવે.

## ૧.૫૦ કરોડનું સોનું છૂપાવી લાવનારા આરોપીના જામીન કોર્ટે ફગાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

શરીરના ગુપ્ત ભાગમાં ૧.૫૦ કરોડનું સોનું છૂપાવી લાવવાના કેસમાં આરોપીના જામીન મેટ્રોકોર્ટે ફગાવી દીધા છે. આ સાથે જ એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એસ.જે.પંચાલે નોંધ્યું હતું કે, આરોપી સામે તપાસ જારી છે, આરોપીએ ગુનામાં સક્રિય રોલ ભજવ્યો છે, આ પ્રકારની દાણચોરીને કારણે દેશના અર્થતંત્ર પર અસર થાય છે ત્યારે આરોપીને જામીન આપવા ન્યાયોચિત જણાતુ નથી. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીનું સોનું આવવાનું હોવાની બાતમીના આધારે ડીઆરઆઈએ સઘન વોચ ગોઠવી ત્યારે એરપોર્ટની ગ્રીન ચેનલ દ્વારા મુર્તઝા અલી ભોપાલવાલા અને ફરીદા ભોપાલવાલા બહાર નીકળવાનો પ્રયાસ કરતા ડીઆરઆઈને શંકા ગઈ હતી. આ મામલે ડીઆરઆઈએ બન્નેને ઝડપી લઈ જેલમાં મોકલી આપ્યા હતા. જ્યાંથી આરોપી મુર્તઝા અલી ભોપાલવાલાએ જામીન માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, ખોટી રીતે કેસ કરવામાં આવ્યો છે, તપાસમાં સહકાર આપ્યો છે.

### પૂરગ્રસ્ત વડોદરાની વ્હારે આવ્યું અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર

# અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી દ્વારા વડોદરાના પૂર અસરગ્રસ્ત વિસ્તારના લોકો માટે પાણીની બોટલો અને ફૂડ પેકેટ તૈયાર કરી મોકલ્યા

## જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સતત બે દિવસથી આશરે ૫૬,૦૦૦ ફૂડ પેકેટ તથા ૫૬,૦૦૦ પાણીની બોટલો વડોદરા પૂરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

વડોદરા શહેરમાં ભારે વરસાદ બાદ તારાજી સર્જાતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. શહેરમાં અનેક જગ્યાએ વિશ્વામિત્રી નદીના પાણી ફરી વળતા લોકોની હાલત કફોડી બની છે ત્યારે તંત્ર દ્વારા રાત દિન રાહત બચાવની કામગીરી કરાઈ રહી છે. આવામાં અન્ય જિલ્લાઓના વહીવટીતંત્ર દ્વારા અનેક પ્રકારની મદદ કરાઈ રહી છે. પૂરગ્રસ્ત વડોદરાની આ વિકટ પરિસ્થિતિમાં અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે. અમદાવાદ કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. ના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સતત બે દિવસથી મોટા પ્રમાણમાં ફૂડ પેકેટ તૈયાર કરી અને પાણીની બોટલોનો જથ્થો વડોદરા મોકલવામાં આવ્યો હતો. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં



ફસાયેલા નાગરિકોને મદદ કરવા અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાના સહયોગથી ગઈકાલે ૨૭૦૦૦ જેટલા ફૂડ પેકેટ અને ૨૬૦૦૦ જેટલી પાણીની બોટલો વડોદરા વહીવટીતંત્રને વિતરણ માટે મોકલવામાં આવી હતી. આ ઉપરાંત આજે બીજા દિવસે પણ ૨૯૦૦૦ ફૂડ પેકેટ તથા ૩૦૦૦૦ પાણીની બોટલો મોકલવામાં આવી હતી. આમ સતત બે દિવસ દરમિયાન અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આશરે ૫૬૦૦૦ જેટલા ફૂડ પેકેટ અને ૫૬૦૦૦ જેટલી પાણીની બોટલો મોકલવામાં આવી હતી.

વિતરણના આ સેવાકીય કાર્યમાં વહીવટીતંત્રના અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ વિભાગ તથા દસક્રોઈ વિભાગ દ્વારા ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી. જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં અમદાવાદ પૂર્વના ડેપ્યુટી કલેકટર સુશ્રી વસંતકુંવરબા પરમાર, અમદાવાદ પશ્ચિમના ડેપ્યુટી કલેકટર શ્રી ઉમંગ પટેલ તથા દસક્રોઈના પ્રાંત અધિકારી શ્રી તેજસ ચૌધરી અને સાણંદ પ્રાંત અધિકારી શ્રી ડી.બી.ટાંક દ્વારા ફૂડપેકેટ પહોંચાડવાનું કાર્ય કરાયું હતું.

### વરસાદ થકી થયેલ નુકસાનીનું તાત્કાલિક ધોરણે સર્વે કરવા ધિકારીઓને સૂચના અપાઈ

# વરસાદ પછી ઝાલોદ તાલુકાના અસર ગ્રસ્ત સ્થળોની મુલાકાત કરી નુકસાનીનો તાગ મેળવતા જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

સમગ્ર રાજ્યભરમાં અત્યારે વરસાદી માહોલ સર્જાઈ રહ્યો છે ત્યારે દાહોદ જિલ્લામાં વરસાદે વિરામ લેતાં જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેએ વરસાદ થકી થયેલા નુકસાનની સમીક્ષા કરવા ઝાલોદ તાલુકાના અસર ગ્રસ્ત સ્થળોની મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમ્યાન કલેકટર યોગેશ નિરગુડેએ ઝાલોદ તાલુકામાં આવેલ પંચ ક્રિષ્ના, માંડલી ખુટાના માંડલેશ્વર તેમજ ઝાલોદ પોલીસ સ્ટેશનની વિઝીટ કરી ઝાલોદ પ્રાંત કચેરી ખાતે સંકલનના અધિકારીઓશ્રી સાથે સમીક્ષા બેઠક કરી હતી. ઉપરાંત ગરાડુ મુખ્ય પ્રાથમિક શાળા, ગરાડુ ગ્રામ પંચાયત તેમજ ગરાડુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી. એ સાથે તેઓએ જે ઘરોમાં વરસાદના કારણે નુકસાન થયું હોય તેમની પણ મુલાકાત લઈ થયેલ નુકસાનનો તાગ મેળવ્યો હતો.

કલેકટએ રોડ - રસ્તાઓની વાત કરતા કહ્યું હતું કે, જે રસ્તાઓને વરસાદના કારણે નુકસાન થયું છે તેનું પેચવર્ક કરવાની કામગીરી પણ તાત્કાલિક ધોરણે થાય એ માટે પણ સૂચના આપવામાં આવી છે. જે માટે વહીવટી તંત્ર સતત પ્રયત્નો કરી રહ્યું છે.

મુલાકાત વખતે કલેકટર યોગેશ નિરગુડેએ સંબંધિત તમામ અધિકારીશ્રીઓને તાત્કાલિક ધોરણે નુકસાનના સર્વેની કામગીરી જલ્દીથી પૂર્ણ કરવાની સૂચના આપી હતી. અને નુકસાની માટે જે કઈ





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ચૂકવવા પાત્ર થતું હોય તે તાત્કાલિક પણે ચૂકવવામાં આવે એવી સૂચના આપવામાં આવી હતી. સ્થળ મુલાકાત દરમ્યાન પ્રાંત અધિકારીશ્રી, એ કે ભાટિયા મામલતદારશ્રી શૈલેન્દ્ર પરમાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે એચ ગઢવી તેમજ અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કર્મનું ફળ તો બધાંએ ભોગવવું જ પડે છે



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ : કવિ/લેખક)

કહેવાય છે કે મનુષ્ય જીવન આપણને સત્કાર્યો તેમજ પ્રભુનું સ્મરણ કરવા માટે જ આપવામાં આવ્યું છે. પરંતુ આપણે જીવનમાં ભાગ્યેજ સારા વિચારો, સારા કાર્યો કે પ્રભુનું ભજન કરીએ છીએ. આપણે તો દરરોજ પારકાની નિંદા, બદબોઈ, વગોવણી વિગેરે કરીએ છીએ. આ ઉપરાંત મફતિયું તથા વગર મહેનતનું ખાવા ટેવાયેલા છીએ તથા આપણને ખાસ કરીને સામી વ્યક્તિને હેરાન પરેશાન કરવામાં જ બહું આનંદ આવે છે. આમ આપણે જે કાંઈ ખોટાં કામો કરીએ છીએ તેનું ફળ આપણે વહેલું કે મોડું ભોગવવું જ પડે છે. ખુદ ભગવાન પણ આમાંથી બાકાત રહી શક્યાં નથી.ભગવાનને પણ કર્મનું ફળ ભોગવવું પડે છે. આ માટે નીચે મુજબની કથા જાણવા જેવી છે.

એક સમયે ભીમક નામના રાજાની સુપુત્રી દમયંતી કે જે રૂપ રૂપનાં અંબાર સમી હતી, તેનો સ્વયંવર યોજવામાં આવ્યો હતો. આ રૂપાળા સ્વયંવરમાં ભાગ લેવા માટે દૂર દૂરથી રાજા, મહારાજાઓ, રાજકુમારો, યક્ષ, ગાંધર્વ, દેવો તથા સ્વયં વિષ્ણુ ભગવાન પણ આવ્યાં હતાં. બધાં જ આમંત્રિત મહેમાનો પોતપોતાના સિંહાસન ઉપર બિરાજમાન હતાં, ત્યાં અચાનક શ્રી હરિ વિષ્ણુ ભગવાનની નજર દેવર્ષિ નારદજી ઉપર પડી. નારદજી તો સજીધજીને સ્વયંવરમાં ભાગ લેવા માટે પધાર્યા હતા. નારદજીને આવા વિશિષ્ટ વેશમાં જોઈને વિષ્ણુ ભગવાનને અત્યંત નવાઈ લાગી અને પૂછ્યું કે નારદજી આપ તો બાલ બ્રહ્મચારી છો, પછી આ સ્વયંવરમાં પધારવાનું પ્રયોજન શું છે?. નારદજીએ આ સાંભળીને કહ્યું કે, આવી જોબનવંતી, કોડભરી, રૂપ રૂપનાં અંબાર સમી કન્યાને પરણવાના કોડ કોને ન હોય?

ભગવાન વિષ્ણુએ વિચાર્યુ કે જો કદાચ દમયંતી નારદજીને ભુલથી પણ વરમાળા પહેરાવશે તો મહા અનર્થ થઈ જશે. ભગવાને વિચાર્ કર્યો કે, હું એવું કાંઈ કરૂં જેથી દમયંતી નારદજીને વરમાળા ન પહેરાવે. આવું વિચારીને વિષ્ણું ભગવાને નારદજીનું મુખ વાનર જેવું બનાવી દીધું. આ તરફ નિર્ધારિત સમયે, ભરી સભામાં દમયંતી વરમાળા લઈને વારાફરતી દરેક રાજાધિરાજાઓ, દેવો, ગાંધર્વો, મહાબલિઓ વિગેરે પાસે જવા લાગી, પરંતુ અચાનક નારદજી પાસે આવીને અટકી ગઈ અને નારદજીનું આવું વરવું મોઢું જોઈને ખડખડાટ હસવા લાગી. આ જોઈને આમંત્રિત મહેમાનો પણ પોતાનું હસવું ખાળી શક્યાં નહીં અને ભરસભામાં નારદજીની બહું બેઈજ્જતી થઈ. દેવર્ષિ નારદ મુનિને તો આ બાબતની ખબર હતી નહીં અને એમને ગતાગમ પણ ના પડી કે સભામાં બધાં શાં કારણે એમને જોઈને હસતાં હતાં?. આથી નારદજીએ શ્રી હરિને પૂછ્યું કે બધાં ક્યાં કારણસર મારા ઉપર હસતાં હતાં?. આ સાંભળતા જ શ્રી હરિએ ટીખળ કરતાં જણાવ્યું કે, પહેલાં તમો તમારી સૂરત જુઓ ત્યાર પછી જ દમયંતી જેવી રૂપસુંદરીને પરણવાના અને પામવાના સપનાં જુઓ. આમ કહીંને પ્રભુ સભાખંડની બહાર નીકળી ગયાં અને એમની પાછળ પાછળ નારદજી પણ બહાર નીકળી ગયાં. રસ્તામાં પસાર થતી વખતે એક નદી આવી ત્યાં નારદજીને હાથ પગ મોઢું ધોવાની ઈચ્છા થઈ અને જેવાં નારદજી નદીમાં ઉતર્યા કે એમણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું અને પોતાનું વાનર જેવું મુખ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. નારદજીને તૈયારીમાં ખ્યાલ આવી ગયો કે, આ ભગવાન વિષ્ણુનું જ કામ છે, તેથી નારદજી શ્રી હરિ ઉપર બહું ક્રોધે ભરાયા અને ગુસ્સામાં શાપ આપતાં બોલ્યાં કે, હે! વિષ્ણુ મેં તમારૂં કાંઈપણ બગાડ્યું ન હતું તેમ છતાં, તમોએ જાણીબૂઝીને મારૂં મુખ વાનર જેવું બનાવીને મહા અપરાધ કર્યો છે અને મને દમયંતી તેમજ રાજા ભીમકની સભામાં ખુબ લજ્જિત કર્યો છે, તેથી રામાવતારમાં તમારી પ્રિય પત્નીનું હરણ થશે અને તમો પત્ની વિરહમાં બહું તડપશો તથા તમારી પત્નીની ભાળ મેળવવા માટે તમારે વાનરસેનાની જ સહાય લેવી પડશે. આવાં કટુ વચનો સાંભળીને શ્રીહરિ ઘણાં જ ખસિયાણા અને શરમિંદા બન્યાં અને ભવિષ્યમાં ક્યારેય પણ આવુ દુ:સાહસ નહીં કરવાની ખાતરી આપીને નારદજીના ક્રોધને શાંત કર્યો. પરંતુ નારદજીને મજાકમાં સતાવવાનું ખોટું કાર્ય કર્યુ હતું એના ફળ સ્વરૂપે રામાવતારમાં એમની પ્રાણ પ્રિયાનું રાવણ દ્વારા હરણ થતાં સીતામાતાની ભાળ મેળવવા માટે રામને સુગ્રીવ, મહાબલિ હનુમાન, અંગદ, નલ, નીલ તથા સમગ્ર વાનરસેનાની મદદ લેવી પડી હતી. રામાવતારમાં જ વાલીએ રામનું કશું પણ ખરાબ કર્યુ નહતું છતાં પણ રામે સુગ્રીવનો પક્ષ લઈ વાલીને બાણથી હણી નાંખ્યો હતો, તેનાં ફળ સ્વરૂપે કૃષ્ણાવતારમાં વાલીએ પારધીના રૂપમાં ભગવાન શ્રી કૃષ્ણને બાણ મારીને હિસાબ સરભર કર્યો હતો. મહાભારતનાં યુદ્ધમાં પણ ભગવાન કૃષ્ણએ પાંડવોને બચાવવા વખતોવખત કાવાદાવા, રાજકારણ, છળકપટ જેવી રમતો રમીને કૌરવ સેનાનો સંહાર કર્યો હતો અને આ જોઈને દુ:ખી થયેલી ગાંધારીએ કૃષ્ણ ભગવાનને શાપ આપ્યો હતો કે જેવી રીતે અમારા કુરૂ વંશનો નાશ થયો છે તે રીતે તમારા યાદવ કૂળનો પણ સર્વનાશ થજો. જ્યારે યુદ્ધ પછી ભગવાન કૃષ્ણ દ્વારકા વસ્યા હતાં અને એમનાં યાદવ કૂળના સ્વજનો અને જ્ઞાતિજનોએ યાદવાસ્થળી યોજી અને અંદરો અંદર બધાં હણાઈ ગયાં અને કૃષ્ણ ભગવાનની અસલ દ્વારિકા નગરી સમુદ્રમાં ગરકાવ થઈ ગઈ. આમ કર્મ કોઈને છોડતું નથી. સારા કર્મોથી સારું ફળ મળે છે અને ખોટાં કર્મોથી ખરાબ ફળ મળે છે. માટે જ ઘણાં વિદ્વાનોએ કહ્યું છે કે કોઈનું ભલું ના થાય તો વાંધો નહીં, પરંતુ ક્યારેય કોઈનું બુરું કરવું નહીં કે જેથી આપણને કર્મફળ ના લાગે. શૈલેન્દ્ર નામના મશહૂર ગીતકારે તીસરી કસમ નામની ફિલ્મની એક ગીતની કડીમાં લખ્યું છે કે " ભલા કીજે ભલા હોગા, બુરા કીજે બુરા હોગા, વહી (નોંધપોથીમાં) લીખ લીખ કે ક્યાં હોગા, યહી સબકુછ ચૂકાના હૈ". સંન્યાસી ફિલ્મનાં એક ગીતમાં એમ.જી. હાશમત નામના ગીતકારે લખ્યું છે કે " કર્મ કિયે જા, ફલ કી ઈચ્છા મત કર તું ઈન્સાન, જૈસે કર્મ કરેગા વૈસે ફલ દેગા ભગવાન, યે હૈ ગીતા કા જ્ઞાન, યે હૈ ગીતા કા જ્ઞાન ".

ગુનેગારો માટે ઉદાહરણરૂપ નીવડે એવો કાયદો બનાવો

# મમતાએ મોદીને કોલકતા ડોક્ટર રેપ કેસ મામલે પત્ર લખ્યો

## પીડિત પરિવારને ૧૫ દિવસમાં ન્યાય મળે તેવી વ્યવસ્થા કરવાની જરૂર : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી



। (એજન્સી) કોલકાતા, તા.૩૦ ।

કોલકાતામાં મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મની ઘટના બાદ માત્ર પશ્ચિમ બંગાળ જ નહીં પરંતુ સમગ્ર દેશમાં રોષ વ્યાપી ઉઠ્યો હતો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એક વખત ચિઠ્ઠી લખી હતી. અગાઉ પણ તેમણે આ મામલે વડાપ્રધાનને ચિઠ્ઠી લખી હતી અને હવે ફરીથી તેમણે પત્ર લખીને કહ્યું છે કે, દુષ્કર્મની ઘટનાઓ પર કડક કાયદાની જરૂરિયાત અને આવા ગુનાઓના ગુનેગારોને દાખલારૂપ સજા મળે એ સંબંધિત ૨૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ મેં લખેલ પત્ર નંબર 44-CMનો જવાબ મળ્યો નથી. મુખ્યમંત્રી મમતા બેનરજીએ લખ્યું હતું કે, 'આટલા સંવેદનશીલ મુદ્દે તમારા તરફથી કોઈ જવાબ મળ્યો નથી. પરંતુ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી દ્વારા એક જવાબ મળ્યો છે, જે મારા પત્રમાં ઉઠાવવામાં આવેલ મુદ્દાની ગંભીરતા પર કેન્દ્રિત નથી. મને લાગે છે કે આ સામાન્ય જવાબ મોકલતી વખતે વિષયની ગંભીરતા ધ્યાનમાં નહીં લેવામાં આવી હોય. ઉલ્લેખનીય છે કે કોલકાતામાં મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મની ઘટના બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો અને એક મહત્વની માંગ કરી હતી.

મમતા બેનરજીએ દેશમાં દરરોજ થતાં દુષ્કર્મના આંકડાઓનો ઉલ્લેખ કરતાં પત્રમાં લખ્યું છે કે એવો કાયદો બનાવવો જોઈએ કે જે ગુનેગારો માટે ઉદાહરણરૂપ નીવડે. તેમણે માંગ કરી હતી કે પીડિત પરિવારને ૧૫ દિવસમાં ન્યાય મળે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. મૂળ ઘટનામાં કોલકાતાની આર. જી. કાર. હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરતી એક મહિલા ડૉક્ટરની સેમિનાર હૉલમાં મોડી રાત્રે દુષ્કર્મ બાદ હત્યા કરી નાખવામાં આવી હતી. આ મામલે અત્યાર સુધી CBI દ્વારા તપાસ કરવામાં આવી છે અને સંજોય નામના એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેનો પોલિગ્રાફી ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. આ સિવાય કોલેજ હોસ્પિટલના ડીનની પૂછપરછ કરવામાં આવી છે અને તેઓનો પણ પોલિગ્રાફી ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. બાયો મેડિકલ વેસ્ટ સહિત ઘણા મામલે હોસ્પિટલ મેનેજમેન્ટ પણ ભ્રષ્ટ હોય તે પ્રકારના અહેવાલ સામે આવી રહ્યા છે. આગામી સમયમાં ઘણા રહસ્યો આ કેસમાં બહાર આવશે એવું લાગી રહ્યું છે.

### ન્યૂઝ બ્રિફ

## પુરુલિયા હથિયાર કાંડનો માસ્ટરમાઈન્ડ નહીં આવે ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

પુરુલિયા હથિયાર કાંડનો માસ્ટરમાઈન્ડ નીલ્સ હોલ્ક ફરી ક્યારેય ભારત નહીં આવે. ડેનમાર્ક કોર્ટે હોલ્કના પ્રત્યાર્પણ અંગેની ભારત સરકારની અપીલને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, "હોલ્કને ભારતમાં ત્રાસનો સામનો કરવો પડશે." કોર્ટનો આ આદેશ ડેનમાર્કની ટોચની પ્રોસીક્યુટીંગ ઓથોરિટી વિરુદ્ધ છે જેણે નીલ્સને વિદેશ મોકલવા માટે લીલીઝંડી આપી હતી. હોલ્કે ૧૯૯૫માં પશ્ચિમ બંગાળના પુરુલિયામાં એક એરક્રાફ્ટમાંથી મોટી માત્રામાં શસ્ત્રો ફેંક્યાની કબૂલાત કરી છે. ડેનિશ કોર્ટે કહ્યું કે, ભારત દ્વારા અપાયેલી વધારાની રાજદ્વારી બાંયધરી હોવા છતાં, એ જોખમ છે કે હોલ્કને ભારતમાં ત્રાસ અથવા અન્ય અમાનવીય વ્યવહારનો સામનો કરવો પડશે. ૬૨ વર્ષીય હોલ્કે કહ્યું હતું કે, તેને ડર છે કે જો તેનું પ્રત્યાર્પણ કરવામાં આવશે તો તેનો જીવ જોખમમાં આવી શકે છે. ચુકાદો જાહેર થતા પહેલા હોલ્કે ગુરુવારે સવારે ડેનિશ રેડિયો ડીઆરને કહ્યું કે, "હું ન્યાયાધીશની સામે જવાબદાર ઠેરવવામાં આવીશ, કારણ કે હું માનું છું કે આ એક ન્યાયસંગત આપાત સ્થિતિ છે." પુરુલિયામાં શસ્ત્રો ફેંકાયા બાદ ભારતીય સત્તાવાળાઓ દ્વારા એક બ્રિટિશ નાગરિક અને પાંચ લાતવિયાઈ લોકોની ધરપકડ કરાઈ હતી.

## "એનસીપી નેતાની સાથે બેસતાં જ ઉલટી તેમણે થાય છે"

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી અને શિવસેનાના નેતા તાનાજી સાવંતે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી માટે નિવેદન આપતા વિવાદ ઊભો થયો છે. તેમનું કહેવું છે કે, 'હું ક્યારેય એનસીપી સાથે જોડાયો નથી. આટલું જ નહિ તેમણે એમ પણ કહ્યું હતું કે NCP સાથે બેસી રહેવાથી જ મારા શરીરમાં વિચિત્ર હલચલ થાય છે.' ધારાશિવમાં એક બેઠક દરમિયાન તાનાજી સાવંતે એમ કહ્યું કે, 'હું એક કટ્ટર શિવસૈનિક છું. કોઈપણ નેતા કે વ્યક્તિ જે કટ્ટર શિવસૈનિક છે તે ક્યારેય કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ સાથે બેસી શકે જ નહીં. શરૂઆતથી આજ સુધી એનસીપી નેતાના સાથે બેસવા માત્રથી મને અસ્વસ્થતા અનુભવવા લાગી છે. અમારા બંનેના વિચારો અલગ હોવાથી હું શરૂઆતથી જ તેઓને સહન કરી શકતો નથી, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આજે પણ જ્યારે હું કેબિનેટની કોઈ બેઠકમાં હાજરી આપું છું ત્યારે તેમાંથી બહાર આવ્યા પછી મને વૉમિટ જેવું થાય છે અને આ વાસ્તવિકતા છે કારણ કે વિચાર ક્યારેય એક દિવસમાં અચાનક જ બદલાઈ શકતા નથી. એવું નથી કે તમે હંમેશા અલગ રહો અને અચાનક કહો કે ચાલો સાથે મળીને કામ કરીએપઆવું ન થઈ શકે. આ જ હકીકત છે.' એનસીપી ીએ આ અંગે મુખ્યમંત્રી એકનાથ શિંદે પાસેથી જવાબ પણ માંગ્યો છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવાર જૂથના એમએલસી અમોલ મિતકારીએ કહ્યું હતું કે, 'તાનાજી સાવંતને ખબર નહી કેમ ઉલટી જેવું થાય છે.

### છેતરપિંડીના મોટા રેકેટનો પર્દાફાશ

# યુપી પોલીસના ૩ કોન્સ્ટેબલ સહિત ૬ની ધરપકડ કરાઈ

## ગાઝિયાબાદ પોલીસે છેડછાડ કેસમાં કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી, જેમાં ત્રણ પોલીસ કોન્સ્ટેબલ પણ સામેલ છે

। (એજન્સી) લખનૌ, તા.૩૦ ।



જિલ્લા પોલીસે છેતરપિંડીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગમાં માત્ર ગુનેગારો જ સામેલ ન હતા, પરંતુ ખુદ પોલીસકર્મીઓ પણ તેમાં સામેલ હતા. પોલીસે ટીપીંગ ગેંગનો પર્દાફાશ કરીને કુલ ૬ લોકોની ધરપકડ કરી છે જેમાં ત્રણ પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. આ ત્રણેય પોલીસકર્મીઓ કોઈ એક જગ્યાએ નહીં પરંતુ અલગ-અલગ જિલ્લામાં તૈનાત હતા. પોલીસે આ આરોપીઓના કબજામાંથી ૮ લાખ રૂપિયાની લૂંટ પણ કબજે કરી છે. આ સમગ્ર મામલે પોલીસે આગોતરી કાર્યવાહી હાથ ધરી છે. તેમજ આરોપીની પૂછપરછ હજુ ચાલુ છે. વાસ્તવમાં, ગાઝિયાબાદ પોલીસે યુપી પોલીસના ત્રણ કોન્સ્ટેબલની ધરપકડ કરી છે. આ સમાચાર મળતા જ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. પ ોલીસે જણાવ્યું કે આ પોલીસકર્મીઓ પણ ટપ્પેબાઝી ગેંગના બદમાશો સાથે યુનિફોર્મમાં સામેલ હતા. ત્રણેય પોલીસકર્મીઓની આગરા, હાપુડ અને ગાઝિયાબાદમાંથી ધરપકડ કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ આખી ગેંગનો માસ્ટર માઈન્ડ નદીમ, જે હિસ્ટ્રીશીટર પણ છે, તે મેરઠનો રહેવાસી છે. નદીપની સાથે આ ગેંગના અન્ય સભ્યો પણ તોડફોડના બનાવોને અંજામ આપતા હતા.

### એસ જયશંકરે પાકિસ્તાનને આપ્યો જડબાતોડ જવાબ

# પાકિસ્તાન સાથે વાતચીતનો સમય હવે પૂરો થઈ ગયો છે

## પાકિસ્તાન સરકારે ઈસ્લામાબાદ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે વડાપ્રધાન મોદીને મોકલ્યું છે આમંત્રણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।



પાકિસ્તાન આગામી ૧૫ અને ૧૬ ઓક્ટોબરે SCO કોન્ફરન્સ યોજવા જઈ રહ્યું છે. પાકિસ્તાન સરકારે ઈસ્લામાબાદમાં યોજાનારી આ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલ્યું છે. પરંતુ બીજી તરફ વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધુ છે. એસ. જયશંકરે કહ્યું કે પાકિસ્તાન સાથે વાતચીતનો યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. રાજધાની દિલ્હીમાં એક પુસ્તક વિમોચન સમારોહ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે આ નિવેદન આપ્યું છે. આ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે એમ પણ કહ્યું કે દરેક વસ્તુનો એક સમય હોય છે, દરેક કામ વહેલા-મોડા તેના અંત સુધી પહોંચે છે. જ્યાં સુધી જમ્મુ અને કાશ્મીરની વાત છે, ત્યાં હવે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. તેનો અર્થ એ કે મુદ્દો જાતે જ હવે સમાપ્ત થઈ ગયો છે. તેમણે કહ્યું કે હવે આપણે શા માટે પાકિસ્તાન સાથે કોઈ સંબંધ પર વિચાર કરીએ. આ દરમિયાન જ્યારે વિદેશ મંત્રીને પૂછવામાં આવ્યું કે, પાકિસ્તાન સાથે ભારત કેવા સંબંધો પર વિચાર કરી શકે છે? આ પ્રશ્નનો જવાબ આપતાં એસ. જયશંકરે કહ્યું- હું જે કહેવા માંગુ છું તે સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે અમે નિષ્ક્રિય નથી.

# આંધ્રપ્રદેશના મંદિરોમાં હવેથી ફક્ત હિન્દુઓને જ નોકરી અપાશે

## હિંદુ ધાર્મિક એન્ડોમેન્ટ્સ વિભાગના અધિકારીઓ સાથેની મહત્વપૂર્ણ બેઠક દરમિયાન આ જાહેરાત કરવામાં આવી

। (એજન્સી) અમરાવતી, તા.૩૦ ।



આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન નારા ચંદ્રબાબુ નાયડુએ આ ધાર્મિક સંસ્થાઓની આધ્યાત્મિક અખંડિતતા અને પવિત્રતા જાળવવાના વ્યાપક પ્રયાસના ભાગરૂપે, રાજ્યમાં મંદિરોમાં માત્ર હિન્દુઓની જ નિમણૂક કરવામાં આવશે તેવી જાહેરાત કરીને એક સાહસિક અને નિર્ણાયક પગલું ભર્યું છે. હિંદુ ધાર્મિક એન્ડોમેન્ટ્સ વિભાગના અધિકારીઓ સાથેની એક મહત્વપૂર્ણ બેઠક દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી, જ્યાં સીએમ નાયડુએ મંદિરના સંચાલનને પુનર્જીવિત કરવા અંગે ચર્ચા કરી હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ રાજ્યમાં મંદિરોમાં હિંદુ નોકરીઓનું રક્ષણ કરવા માટે એક મોટી જાહેરાત કકરતાં બાંયધરી આપી હતી કે મંદિરની જગ્યાઓ માત્ર સનાતન ધર્મના સભ્યો માટે છે. હિંદુ ધાર્મિક એન્ડોવમેન્ટ વિભાગ સાથેની મહત્વપૂર્ણ બેઠકમાં આંધ્રના સીએમએ કહ્યું કે રાજ્યમાં મંદિરોમાં માત્ર હિંદુઓને જ નોકરી આપવામાં આવશે. સીએમ નાયડુએ સમગ્ર આંધ્ર પ્રદેશમાં મંદિરના વહીવટને પુનર્જીવિત કરવા, ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપવા અને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક યોજનાનું અનાવરણ કર્યું. નાયડુ સરકારે રાજ્યભરના વિવિધ મંદિરોમાં કામ કરતા ૧,૬૮૩ અર્ચકોનો પગાર ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસથી વધારીને ૧૫,૦૦૦ રૂપિયા કરવાનો નિર્ણય પણ લીધો છે. આંધ્ર પ્રદેશ રાજ્ય સરકારે ધૂપ દીપા નૈવેદ્યમ યોજના હેઠળ નાના મંદિરોને આપવામાં આવતી માસિક નાણાકીય સહાયને રૂ. ૫,૦૦૦ થી વધારીને રૂ. ૧૦,૦૦૦ કરવા સંમતિ આપી છે. મંગળવાર, ૨૯ ઓગસ્ટના રોજ બેઠક દરમિયાન, સીએમ નાયડુએ રાજ્યભરના તમામ મંદિરોમાં આધ્યાત્મિકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે નિર્દેશ આપ્યો કે આધ્યાત્મિક આભા જાળવવા માટે મંદિરો અને તેમની આસપાસની જગ્યાને સંપૂર્ણ રીતે સ્વચ્છ રાખવી જોઈએ.

## પત્તું કપાતા નારાજ વરિષ્ઠ નેતાએ આપી દીધું રાજીનામું

। (એજન્સી) જમ્મુ, તા.૩૦ ।

જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના સંબંધમાં ટિકિટ વિતરણને લઈને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા ચંદ્રમોહન શર્માએ આજે પાર્ટીમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે અને સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની ધમકી આપી. આ કેન્દ્રશાસિત પ્રદેશમાં ટિકિટની વહેંચણીને લઈને ભાજપમાં અસંતોષ છે. જમ્મુ ક્ષેત્રના ઘણા જિલ્લાઓમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આથી આ મામલો શાંત કરવાની જવાબદારી કેન્દ્રીય મંત્રીઓ તેમજ વરિષ્ઠ નેતાઓને સોંપવામાં આવી છે. પાર્ટીમાં ટિકિટ વિતરણ અંગે ચંદ્રમોહન શર્માએ કહ્યું હતું કે, 'ટિકિટોની અયોગ્ય વહેંચણીને લઈને પાર્ટીના નેતાઓ અને કાર્યકરોમાં ભારે અસંતોષ અને ગુસ્સો છે. તેઓ પોતાનો અસંતોષ વ્યક્ત કરવા વિરોધ કરી રહ્યા છે. હું ભાજપના સૌથી વરિષ્ઠ નેતાઓમાંથી એક છું અને હું અયોગ્ય વહેંચણીના કારણે દુઃખી છું. આથી અન્ય લોકો સાથે પાર્ટીમાંથી રાજીનામું આપી રહ્યો છું.'

### આ મામલે વિદ્યાર્થિનીઓમાં ભારે રોષ

# ગર્લ્સ હોસ્ટેલના બાથરૂમમાં સીક્રેટ કેમેરો! ઘણી બધી ફૂટેજ થઈ લીક

## આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લામાં એક ગર્લ્સ હોસ્ટેલના વોશરૂમમાંથી સીક્રેટ કેમેરો મળી આવતાં ખળભળાટ

। (એજન્સી) અમરાવતી, તા.૩૦ ।



છોકરીઓના બાથરૂમમાં હિડન કેમેરો રાખવાનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લામાં એક ગર્લ્સ હોસ્ટેલના વોશરૂમમાંથી સીક્રેટ કેમેરો મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. જ્યારે એક વિદ્યાર્થિનીએ આ સીક્રેટ કેમેરાની નોંધ લીધી તો તેણીએ તરત જ હોસ્ટેલ મેનેજમેન્ટને જાણ કરી. કેમેરામાં રેકોર્ડ કરવામાં આવેલી કેટલીક ફૂટેજ બોયઝ હોસ્ટેલમાં શેર પણ કરવામાં આવી છે. આ ઘટનાથી ગુસ્સે ભરાયેલી વિદ્યાર્થિનીઓ વિરોધ-પ્રદર્શન શરૂ કરી દીધું છે. માહિતી મળતા જ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ હાથ ધરી હતી. પ ોલીસે એક વિદ્યાર્થીની અટકાયત કરી હતી, જેની પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લામાં આવેલી ગુડલવાલેરુ કોલેજ ઓફ એન્જિનિયરિંગની ગર્લ્સ હોસ્ટેલમાં સીક્રેટ કેમેરો લગાવવામાં આવ્યો હતો. આ વાતની જાણ થતાં જ વિદ્યાર્થીનીઓમાં રોષ ફેલાયો હતો. વિદ્યાર્થીનીઓ કોલેજ કેમ્પસમાં એકઠા થઈ ગઈ અને 'અમને ન્યાય જોઈએ'ના નારા લગાવવા લાગી. વિદ્યાર્થિનીઓએ ગોપનીયતાનો ભંગ કરનારા અને વીડિયો શેર કરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. વિરોધ થતો હોવાની માહિતી મળતા જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આ મામલાની તપાસ કરી, ત્યારબાદ એન્જિનિયરિંગના અંતિમ વર્ષના વિદ્યાર્થીને કસ્ટડીમાં લેવામાં આવ્યો. જોકે, વિદ્યાર્થીની ઓળખ જાહેર કરવામાં આવી નથી. પોલીસ આ મામલે પૂછપરછ અને તપાસ કરી રહી છે. કોલેજ પ્રશાસને વિદ્યાર્થીઓ અને વાલીઓને આશ્વાસન આપ્યું છે.

## રેલવેનો મોટો નિર્ણય, નિવૃત્ત કર્મચારીઓની ફરી કરશે ભરતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતીય રેલવે બોર્ડે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બોર્ડે રેલવેની વિવિધ સેવાઓમાં આવશ્યકતાઓ અનુસાર ખાલી પડેલી જગ્યાઓ પર સલાહકાર તરીકે નિવૃત્ત રેલવે અધિકારીઓની પુનઃનિયુક્તિ કરવાની મંજૂરી આપી છે. ૨૯ ઓગસ્ટના રોજ તમામ પ્રાદેશિક અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોને મોકલવામાં આવેલા પરિપત્રમાં રેલવે બોર્ડે જણાવ્યું હતું કે, નિવૃત્ત રેલવે અધિકારીઓની પુનઃનિયુક્તિ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી માન્ય રહેશે. ગેઝેટેડ અધિકારીઓની ખાલી જગ્યાઓને કારણે ક્ષેત્રીય રેલવે દ્વારા અનુભવાતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને, બોર્ડે સેવાઓની આવશ્યકતાઓ અનુસાર ખાલી પડેલી જગ્યાઓ પર સલાહકાર તરીકે નિવૃત્ત રેલવે અધિકારીઓની પુનઃનિયુક્તિને મંજૂરી આપી છે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર જનરલ મેનેજરને નિવૃત્ત રેલવે અધિકારીઓને ફરીથી સેવામાં લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે. અને આ માટે ૧૬ નિયમો અને શરતો જણાવવામાં આવી છે. મહત્તમ વય મર્યાદા ૬૫ વર્ષ નક્કી કરવામાં આવી છે. સલાહકારોની નિમણૂકને ફરીથી નિમણૂકની બાબત ગણવામાં આવશે નહીં. કર્મચારીઓને દર મહિને ૧.૫ પેઈડ લીવ મળશે. પરંતુ કર્મચારીઓ આ રજાઓને ટ્રાન્સફર કે ભેગી કરી શકશે નહીં. કોન્ટ્રાક્ટ પૂરો થવા પર આ રજાઓના બદલામાં કોઈ ચુકવણી કરવામાં આવશે નહીં. અધિકારીઓ HRA(House Rent Allowance) અને સરકારી આવાસ માટે હકદાર રહેશે નહીં. જો કે, તેમને ઘરેથી ઓફિસ અને ઓફિસથી ઘરે જવા માટે પરિવહન ભથ્થું આપવામાં આવશે, પરંતુ આ ભથ્થું નિવૃત્તિ સમયે અધિકારીને જે આપવામાં આવે છે.

### તપાસ કર્યા બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો

# ગળામાં અજગર લપેટીને માંગતો હતો પૈસા, સાપે ગળું દબાવી કરી દીધી હત્યા

## અજગરનું શરીર સંકોચાઈ જવાને કારણે મૃત્યુ થયું હતું હેમંતનું શરીર શાંત થયા પછી જ અજગરે તેને છોડ્યો

। (એજન્સી) રાંચી, તા.૩૦ ।



અજગરને બતાવીને લોકો પાસેથી પૈસા માંગનારા હેમંત સિંહે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે આ સાપ તેનો જીવ લઈ લેશે. પાટમડાના રાપચા ગામનો રહેવાસી હેમંત ગુરુવારે સવારે ૯.૩૦ કલાકે શહેરના ડિમના રોડ પર આવેલી હીરા હોટલ પાસે ગળામાં અજગર બાંધીને ભગવાનના નામે લોકો પાસે પૈસાની માંગણી કરી રહ્યો હતો. આ દરમિયાન અજગરે તેનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. કહેવાય છે કે અજગરનું શરીર અચાનક સંકોચાઈ જવાને કારણે હેમંત સિંહનું મૃત્યુ થયું હતું. હેમંતનું શરીર શાંત થયા પછી જ અજગરે તેને છોડ્યો હતો. અજગરને હટાવ્યા બાદ સ્થાનિક લોકો હેમંત સિંહને સારવાર માટે એમજીએમ હોસ્પિટલમાં લઈ ગયા હતા, પરંતુ ડોક્ટરોએ તપાસ કર્યા બાદ તેને મૃત જાહેર કર્યો હતો. કહેવાય છે કે ૫૨ વર્ષીય હેમંત સિંહ હંમેશા ગામમાંથી સાપ પકડતા હતા અને લોકો પાસેથી પૈસા માંગીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગુરુવારે સવારે પણ તે અજગરને લઈને દિમણા રોડ પર પહોંચી ગયો હતો. તેણે અજગરને ગળામાં વીંટાળ્યો હતો. જ્યારે તે લોકોને અજગર બતાવી રહ્યો હતો ત્યારે અજગરે હેમંત સિંહના ગળામાં વિટોળાઈ ગયો અને તેનું ગળુ દબાવી નાખ્યું. થોડી જ વારમાં તે રસ્તા પર પડી ગયો અને તડફડીયા મારવા લાગ્યો. ત્યાં હાજર લોકો તેને સાપથી છોડાવવાની હિંમત ના કરી શક્યા. થોડા સમય બાદ હેમંતનું મૃત્યુ થયું. લોકોએ જણાવ્યું કે ચાર દિવસ પહેલા પણ તે હાઈવે પર સાપ લઈને ફરતો જોવા મળ્યો હતો. ઘટનાની જાણકારી મળ્યા બાદ તેમના પુત્ર જગબંધુ સિંહ એમજીએમ હોસ્પિટલ પહોંચ્યા. પોલીસે અકુદરતી મૃત્યુનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી.

## તંત્રી લેખ...

# પૂર્વ ભારત માટે ચોમાસુ ખરેખર એક આપત્તિ

ભારતમાં વરસાદ પડે ત્યાં આડેધડ પડે એ સંયોગો કાયમી થઈ ગયા છે. પૂર્વ ભારત માટે ચોમાસુ એક આપત્તિ છે. ખરેખર વ્યક્તિગત રીતે દરેક મનુષ્ય આત્મદર્શન કરે કે કોરોનાના આગમન પછી એણે પોતાની જીવનશૈલીને કેટલીક બદલાવી તો ખ્યાલ આવશે કે અભિજાત લક્ષણો એમ થોડાક ગોથા ખાવાથી બદલાતા નથી. મૃત્યુના ભયથી ડરતા ડરતા રોજ ઉકાળાઓ ગટગટાવ્યા એ કંઈ પ્રકૃતિ કે પર્યાવરણ સાથેની દોસ્તી ન હતી. શરીરને નુકસાનકારક જે કંઈ આહાર છે તે અટકાવવાની વાત બહુ શરૂઆતમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહી હતી. જો એવા ત્યાજ્ય આહારનો ઉપયોગ અટકે તો જ એના ઉત્પાદનો બંધ થાય. અનેક વસ્તુઓ એવી જે એની મર્યાદામાં શોભનીય છે. મર્યાદા બહારના આહાર શરીરની ભીતર દુર્ઘટના નોંતરે છે જે ડાક્ટર જ જોઈ શકે કે સાંભળી શકે. કોરોનાએ ઈમ્યુનિટીને પડકારેલી છે. ને સરેરાશ ભારતીય પ્રજાની ઈમ્યુનિટીને દુનિયા આજે વખાણે છે. જો કે જેટલા મૃત્યુ છેલ્લા બે-ત્રણ વરસમાં થયા એ દુઃખદ છે. જિંદગી અલ્પવયે સમેટાઈ જાય ત્યારે સપનાઓની એક લાંબી વણઝાર પણ દિવંગત થઈ જતી હોય છે. મૃત્યુ સંસારનો સૌથી કારમો ઘા છે. જેમણે કોરોનામાં સ્વજનો ગુમાવ્યા છે તેઓના પર હજુ પણ શોકના વાદળો છવાયેલા જોવા મળે છે. આમ તો આ નવા દાયકાની શરૂઆત જ હજારો-લાખો એકરના સળગતા જંગલો વચ્ચે થઈ હતી. પચાસ હજાર ચોરસ કિલોમીટરની આગથી થયેલા નુકસાનનો હિસાબ કરતા ઓસ્ટ્રેલિયન સરકારને એક વરસ લાગ્યું. કચ્છના અને લાતૂરના ભૂકંપનો હિસાબ કરતા આપણને પણ એક વરસ લાગ્યું હતું. સહેજ પણ ચિંતા વિના લોકો જિંદગી પસાર કરે છે. જે ચિંતા છે તે પોતાની અંગત છે. પર્યાવરણની નથી. આપણી માનસિકતા એવી છે કે ઓસ્ટ્રેલિયન જંગલો સળગ્યા પણ એ આગ અહીં થોડી આવવાની છે? પરંતુ એ આગ અહીં આવી શકે છે. કારણ કે આ આગ પૃથ્વી નામના આપણા સહિયારા ઘરમાં લાગેલી આગ છે. કોઈ બીજા ગ્રહ કે ઉપગ્રહ પરનો આ ધૂમાડો નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘ અંતર્ગતના વિશ્વ મોસમ સંગઠનના નવા અહેવાલો આમ તો માણસ જાતની ઊંઘ ઉડાડવા માટે પૂરતા છે. હવે પછી આવનારા તમામ વરસોમાં કુદરત રુઠેલી રહેવાની છે. એક વાત એ ધ્યાનમાં લેવા જેવી છે કે દરેક આપત્તિમાં હવે બચાવ કામગીરી ધીમી પડતી જાય છે. એટલે કે કુદરતી સંકટ આત્યંતિક હોય છે. હવે કુદરત આગાહીઓને વશ નથી. ભલે હવામાન ટેકનોલોજી વધી પરંતુ અંદાજ ખોટા પડે છે. પૂનાની વેધશાળાએ ગયા વખતે સ્પષ્ટ કહ્યું હતું કે આ વખતે શિયાળો હૂંફાળો રહેવાનો છે, બહુ ઠંડી તો પડવાની જ નથી! એ વિધાનો સાવ અવૈજ્ઞાનિક સાબિત થયા અને શિયાળો નિયમસરનો કાતિલ નીવડયો. જો કે ગ્લોબલ વોર્મિંગનો તો અર્થ જ એ છે કે ખૂબ જ ઠંડી અને અસહ્ય ગરમી. આમ પણ મોસમનું ચક્ર જુઓ તો આ વરસે આખું ચોમાસુ ગરમીનું વાતાવરણ ચાલુ રહેવાનું છે. ગયા વખતે પહેલો એવો શિયાળો હતો જેણે રૂમ હિટરોનું માર્કેટિંગ કર્યું.

## લોકતંત્રમાં સત્તાની પ્રાપ્તિ માટે દરેક નાગરિકને પ્રયાસ કરવાનો અધિકાર

લોકતંત્રમાં સત્તા પ્રાપ્તિ માટે દરેક નાગરિકને પ્રયાસ કરવાનો અધિકાર છે. અપેક્ષા એ છે કે તેના માટે જે પણ રીતો અને રણનીતિઓ અપનાવવામાં આવે, તે લોકતંત્ર અને બંધારણના દાયરામાં હોય. એ તો પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી પણ જાણે છે કે ભારતનું બંધારણ જાતિ પ્રથાને સંપૂર્ણ રીતે અસ્વીકાર કરે છે. સામાન્ય નાગરિકની અપેક્ષા એ જ રહે છે કે કોઈપણ પક્ષ એવું કોઈ કામ નહીં કરે, જેમાં તેને જાતિ કે વર્ગ વિશેષનો સહારો લેવો પડે. બંધારણ નિર્માતા જાણતા હતા કે આ પ્રથાનાં મૂળિયાં કેટલાં ઊંડાં છે, તેમ છતાં તેમણે જાતિ પ્રથા ઉન્મૂલનનો સ્વીકાર કર્યો, કારણ કે એક સશક્ત રાષ્ટ્રના સ્વરૂપ લેવા માટે તેના ઉન્મૂલનની જરૂરિયાત તેઓ સમજતા હતા. આ સમયે દેશમાં જાતિને લઈને દરેક પ્રકારની ચર્ચા ચાલી રહી છે, જેમાં તેના ઉન્મૂલન માટે કોઈ સ્થાન નથી. જે સમયે બંધારણ બન્યું, ત્યારે લોકોએ કઈ પરિસ્થિતિઓમાં જાતિ પ્રથા ઉન્મૂલનને જરૂરી માની, કેવી રીતે ખુદને તેના માટે તૈયાર કર્યા, તેની બધાની પોતપોતાની સમજ હોઈ શકે છે, પરંતુ તેના પક્ષધર હોવું આ યુગમાં અસંભવ છે. મોટાભાગના લોકો આઝાદી, સ્વતંત્રતા, પ્રજાતંત્ર અને લોકતંત્ર જેવા શબ્દો અને તેના અર્થથી પરિચિત હશે. તેમણે આ બધું સ્કૂલથી માંડીને કોલેજમાં શીખ્યા હશે. પરંતુ આજે એ વિચારીને આશ્ચર્ય થાય છે કે આઝાદીના એ કઠિન સમયમાં દેશમાં ચારેબાજુ સકારાત્મકતા હતી. બધા એકબીજાની નજીક આવવા માગતા હતા. દેશના વિભાજન અને તેના કારણોને સામાન્ય નાગરિકની જેમ પરિચિત થઈને જ્યારે એ સમય તરફ નજર કરીએ તો ગ્રામીણ સમાજની પ્રૌઢતા અને વૈચારિક પરિપક્વતા પ્રત્યે નતમસ્તક થઈ જવાય. ત્યારે પારસ્પરિકતા દરેક તરફ જોવા મળતી હતી. જાતિ પ્રથા પ્રચલિત હતી, પરંતુ લોકોમાં એ વાત પણ સાંભળવા મળતી કે જેમ જમીનદારી સમાપ્ત થઈ તેમ જાતિ પ્રથા પણ સમાપ્ત થઈ જશે. ત્યારે નેહરુ આખા દેશમાં લોકપ્રિય હતા. રામ મનોહર લોહિયા તેમની ભારે ટીકા અને વિવેચના કરતા હતા. બધા તે સાંભળતા પરંતુ ક્યારેય કોઈના મોંઢે સ્તરહીન ભાષાનો પ્રયોગ નહોતો થતો. સંસદમાં ચર્ચાના જે સમાચાર છપાતા હતા, તેમાં દેશ પ્રત્યે ચિંતા, સમસ્યાઓ પર અધ્યયન બાદ તૈયાર કરવામાં આવેલ ભાષણ, પારસ્પરિક આદર સાથે રાજકીય દુર્ભાવનાની પૂર્ણ ગેરહાજરી યુવાઓને પ્રભાવિત કરતી હતી. આજે ચોતરફ ફેલાયેલી નકારાત્મકતાને જોઈને નિરાશા ઉપજે છે. જે અગણિત લોકોએ ગ્રામીણ વાતાવરણમાં જાતિ પ્રથાને જોઈ-પરખી કે જીવી હશે, તેઓ સહમત થશે કે ત્યારે પણ પરસ્પર સહયોગ, પારસ્પરિકતા અને સામાજિક ભાગીદારી જોવા મળતી હતી. સ્થિતિ એટલી ભયાવહ ન હતી, જેટલી આજના નેતાઓ પોતાના કુતર્કને આધાર પ્રદાન કરવા માટે જણાવે છે. તેને સાચી દિશા આપવી એ સમયે વધુ આસાન હતું. તમામ જાતિનાં બાળકોને એ જ શીખવવામાં આવતું કે ઉંમરમાં મોટા તમામ વર્ગોના લોકોને સન્માનસૂચક રીતે જ સંબોધિત કરવાના છે. એ સમયે મોટાભાગના લોકોને વિશ્વાસ હતો કે ગાંધીજીએ જે કંઈ શીખવ્યું છે, તેની પૂરતી સમજ વિકસિત થયા બાદ અને શિક્ષણના પ્રચાર-પ્રસાર બાદ જાતિ ભેદ આપોઆપ સમાપ્ત થઈ જશે. એવા વિચાર એ લોકોના પણ હતા, જેઓ સાક્ષર નહોતા, પરંતુ માનવીય ગુણોથી ઓતપ્રોત હતા. સ્વતંત્રતા સંગ્રામ લોકોને જાતિઓમાં વહેંચીને નહોતો લડવામાં આવ્યો. નેતાજીએ જે આઝાદ હિંદ ફોજ બનાવી તે એ તમામ સિદ્ધાંતોનું વ્યાવહારિક સ્વરૂપ હતી, જેમાં જાતિ, પંથ, ભાષા કે ક્ષેત્ર જેવી કોઈ માનસિકતાને સ્થાન ન હતું.

**જ્યારે સાક્ષાત્ શિવનો પરિચય થાય છે, ત્યારે તે તેને પોતાના ઈષ્ટ તરીકે સ્વીકારી, અને તેની ખૂબ તપશ્ચર્યા કરે છે**

# રાવણ છેક લંકાથી કૈલાશ શિવની સાક્ષાત્ પૂજા કરવા આવતો! આથી શિવજી લંકા આવ્યા હતા



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રાવણ પોતાના તપથી ભગવાન શંકરને કૈલાસ છોડી લંકામાં વસવા માટે મનાવી ચૂકે છે, અને શિવજી તેને પોતાનું આ સ્વયંભૂ સ્વરૂપ હાથમાં પકડાવી કહે છે, કે તું આ લિંગને જો જમીન પર નહીં મુકે ત્યાં સુધી હું તારી સાથે ચાલું છું, પરંતુ જ્યાં આગળ તું આ લિંગને જમીન પર મૂકી દઇશ, પછી હું તારી સાથે આગળ નહીં આવી શકું, અને ત્યાં જ મારી સ્થાપના થશે, રાવણ તે વાત સાથે સંમત થઈ, શિવજીના અંશ સ્વરૂપે સ્વયંભૂ એ શિવલિંગને લઈને નીકળે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સારી કે ખરાબ, લગભગ સૌની એકધારી જિંદગી જાય છે, ના એમાં ક્યાંય રસ છે કે ના પ્રેમ! લગભગ બધે જ ફક્ત વહેવારનાં ઢાંચા છે. દેખીતો વાટકી વહેવાર જ સૌનું જીવન બની ગયું છે, પણ હકીકતમાં અસ્તિત્વમાં ઘટતી દરેક ઘટના મંગલ જ વરસાવી રહી છે, એ સત્યને જો સ્વીકારીએ તો કદાચ ઘટતી ઘટના શુભ તરફ સંકેત કરી રહી છે, એવું આશ્વાસન લઈને આગળ વધી શકાય. ક્યારેક ડર ભયને કારણે પણ સારા કાર્ય થતા હોય તો કરી લેવા, અને આત્મ નિરીક્ષણના પરિણામે મળેલા નવનીત જેવા જ્ઞાનથી સુંદર જીવનનુ આયોજન પણ કરી શકાય. બસ આવું જ આજના સમાજનું કંઈક આત્મનિવેદન નીકળી શકે. શ્રાવણમાં સત્ય પ્રેમ અને, કરુણામય ભર્યું જીવન જીવવા કટિબદ્ધ થયો છે. ભક્તિની પરાકાષ્ઠા સુધી જઈ, અને પરમ પ્રેમને પામવાની ઝંખના પણ સેવી રહ્યો છે. આ શ્રાવણે ભગવાન ભોળા શંકરને ચરણે નત મસ્તક થઈ, અને તેને આરાધી રહ્યો છે. આપણે પણ રાવણ રચિત શિવ તાંડવ સ્તોત્રનો અભ્યાસ કરી રહ્યા છીએ, પહેલાં નવ શ્લોકનુ ગાનને ભાવાર્થ આપણે કરી ચૂક્યા છીએ હવે આગળ..

**શિવ તાંડવ સ્તોત્ર.**

**અગર્વસર્વમંગલા કલાકદમ્બમંજરી-**
**રસપ્રવાહ માધુરી વિજૃંભણા મધુવ્રતમ્ .**
**સ્મરાંતકં પુરાતકં ભાવંતકં મખાંતકં**
**ગજાંતકાંધકાંતકં તમંતકાંતકં ભજે ૧૦**

કલ્યાણમય, નાશ ન થનાર બધી જ કળાઓંની કળીયોંથી વહેતાં રસની મધુરતાનો આસ્વાદન કરવામાં ભ્રમરરૂપ, કામદેવને ભસ્મ કરનાર, ત્રિપુરાસુર, વિનાશક, સંસાર દુઃખહારી, દક્ષયજ્ઞવિધ્વંસક, ગજાસુર તથા અંધકાસુરને મારનાર અને યમરાજના પણ યમરાજ શ્રી શિવજીનું હું ભજન કરૂ છું.

**જયત્વદભ્રવિભ્રમ ભ્રમદ્ભુજંગમસ્ફુર-**
**દ્ધગદ્ધગદ્વિ નિર્ગમત્કરાલ ભાલ હવ્યવાટ્-**
**ધિમિદ્ધિમિદ્ધિમિ નન્મૃદંગતુંગમંગલ-**
**ધ્વનિક્રમપ્રવર્તિત પ્રચણ્ડ તાણ્ડવઃ શિવઃ ૧૧**

અત્યંત શીઘ્ર વેગપૂર્વક ભ્રમણ કરતાં સર્પોના ફુંફાડા છોડવાથી ક્રમશઃ લલાટમાં વધેલી પ્રચંડ અગ્નિવાળા મૃદંગની ધિમ-ધિમ મંગલકારી ઉધા ધ્વનિના ક્રમારોહથી ચંડ તાંડવ નૃત્યમાં લીન થનાર શિવજી બધી જ રીતે સુશોભિત થઈ રહ્યાં છે.

**દૃષદ્વિચિત્રતલ્પયોર્ભુજંગ મૌકતિકમૂજો-**
**ર્ગરિષ્ઠરત્નલોષ્ટયોઃ સુહૃદ્વિપક્ષપક્ષયોઃ .**
**તૃણારવિંદચક્ષુષોઃ પ્રજામહીમહેન્દ્રયોઃ**
**સમં પ્રવર્તયન્મનઃ કદા સદાશિવં ભજે ૧૨**

જોરદાર કઠણ પત્થર સમા છતાં કોમળ અને વિચિત્ર શય્યામાં સર્પ અને મોતિયોંની માળાઓમાં માટીના ટુકડાઓ અને ખુબ જ કિંમતી રત્નોંમાં, શત્રુ અને મિત્રમાં, તિનકે અને કમલ લોચન નિયોંમાં, પ્રજા



અને મહારાજાધિકરાજા ઓંના સમાન દૃષ્ટિ રાખે છે તેવા શિવજીનું હુ ક્યારે ભજન કરીશ. આમ જુઓ તો રાવણનો અવગુણ માત્ર એક અહંકાર અને એનાથી થોડુંક આગળ જઈએ તો અનીતિ, અને એની સામે ગુણ જોઈએ તો અઢળક. એવા રાવણનું પણ ચરિત્ર વર્ણન આપણે ત્રણ દિવસથી કરતાં આવ્યા છીએ, આજે એની શિવ ઉપાસનાની વધુ એક વાત આપણે કરીએ. કૈલાસને હચમચાવી નાખનાર રાવણને જ્યારે સાક્ષાત્ શિવનો પરિચય થાય છે, ત્યારે તે તેને પોતાના ઈષ્ટ તરીકે સ્વીકારી, અને તેની ખૂબ તપશ્ચર્યા કરે છે, અને શિવજીને પ્રસન્ન કરે છે. સદાકાળ ભોળાનાથ રહી ચૂકેલો, એ ભોળો ભગવાન રાક્ષસને પણ વરદાન આપે છે, અને અમૃતકુંભની રચના થાય છે, એ વાત આપણે જોઈ. પરંતુ લંકાથી કૈલાશ રાવણ રોજ શિવની સાક્ષાત્ પૂજા કરવા આવતો, આથી તેણે એક દિવસ પૂજા કે તપથી શિવજીને લંકા આવવા માટે મનાવી લીધા. શંકર શિવલિંગ રૂપે કેમ સ્થાપિત થયા, તેની પણ આ એક વાત છે. અગાઉ બે વાતની તે વિશે નોંધ થઈ, એક દક્ષ યજ્ઞમાં સમાહિત થઈ સતી પોતાનું અસ્તિત્વ પૂર્ણ કરે છે, અને બીજા જન્મમાં હિમાચલ પુત્રી પાર્વતી તરીકે જન્મ લે છે. ત્યાં નારદના કહેવા પ્રમાણે શિવ શંકરને ફરી પોતાના પતિ તરીકે મેળવવા તે કઠોર તપશ્ચર્યા કરે છે, અને જંગલમાં વેળુનાં એટલે કે રેતી આવા લિંગ જેવા આકાર બનાવી તેનુ પૂજન-અર્ચન કરે છે. તેથી શંકર ને આ રીતે શીવલીંગ તરીકે પણ આપણે પૂજીએ છીએ. બીજું કારણ હાટકેશ્વર સ્તોત્રમાં આપણે જોયું કે, દક્ષ યજ્ઞમાં સતી જ્યારે યજ્ઞાગ્નિમાં સમાહિત થઈ જાય છે, તે અડધું બળેલું સબ શિવજી પોતાના ખભે નાખી અને આખી દુનિયામાં ક્રોધથી હાહાકાર મચાવે છે, અને ફરતાં ફરતાં તે દક્ષિણ ગુજરાતના સાપુતારા, કે પછી દ્વારકા આસપાસના વિસ્તારમાં આવે છે. અહીં ઋષિ પત્ની અને બ્રાહ્મણની પત્ની તેના દિગંબર કલ્યાણકારી સ્વરૂપથી અંજાઈ જાય છે, અને ઋષિઓ વગર વિચાર્યું તેનું લિંગ છેદન કરી શાપિત કરે છે, જ્યારે બ્રહ્માજી પાતાળમાં સોનાના લિંગની સ્થાપના કરે છે, અને ત્યાં હાટકેશ્વર સ્વરૂપે ભગવાન શંકર બિરાજમાન થાય છે. ચિત્રગુપ્ત નામનો નાગર તપ કરી તેને ધરા પર લઈ આવે છે, ત્યારથી તે શિવલિંગ રૂપે પૂજાય છે.આજે આપણે આ શિવલિંગ તરીકે પૂજાવાની વધુ એક વાત કરીએ, જેમાં સ્વયં શંકર આ લીંગ સ્વરૂપમાં સમાય છે. રાવણ પોતાના તપથી ભગવાન શંકરને કૈલાસ છોડી લંકામાં વસવા માટે મનાવી ચૂકે છે, અને શિવજી તેને પોતાનું આ સ્વયંભૂ સ્વરૂપ હાથમાં પકડાવી કહે છે, કે તું આ લિંગને જો જમીન પર નહીં મુકે ત્યાં સુધી હું તારી સાથે ચાલું છું. પરંતુ જ્યાં આગળ તું આ લિંગને જમીન પર મૂકી દઇશ, પછી હું તારી સાથે આગળ નહીં આવી શકું, અને ત્યાં જ મારી સ્થાપના થશે. રાવણ તે વાત સાથે સંમત થઈ, શિવજીના અંશ સ્વરૂપે સ્વયંભૂ એ શિવલિંગને લઈને નીકળે છે, લંકા સુધી પગપાળા જવાની પણ શરત હતી. એટલે તે ચાલતો ચાલતો જાય છે, અને રસ્તામાં નાછૂટકે અત્યંત થાકી જતા લંકાથી થોડે દુર, તે લિંગને જમીન પર રાખી આરામ કરે છે, અને ત્યાં આગળ શિવલિંગની સ્થાપના થઈ જાય છે. પછી રાવણ રોજ ત્યાં આગળ આવી, અને ષડસોપ્ચાર વિધિથી શંકરના લિંગની પૂજા કરે છે. તેની પૂજનવિધિ બહુ જ લાંબી હોય છે, અને તેમાં શંકરના લીંગને ૧૦૦ કમળથી, પૂજા કરવી તે તેનો મહત્વનો નિયમ હોય છે. એક દિવસ આ સો કમળમાંથી એક કમળ પૂજા સમયે ઓછું થઈ જાય છે, ત્યારે તે કંઈ પણ વિચાર્યા વગર પોતાના હાથે જ, તલવારથી મસ્તક કાપી અને એક કમળની જગ્યાએ આ મસ્તક રાખી અને શિવની આરાધના પૂરી કરે છે. ત્યારથી એ શિવલિંગ કમલેશ્વરના નામે અતિ પ્રસિદ્ધ બન્યું. અને ભગવાન શંકર પ્રસન્ન થાય છે, આમ તે પોતાની શિવ ભક્તિને પુરવાર કરે છે. સુસંસ્કૃત સ્તોત્રના ગાન કરવા એ રાવણ જેટલું સરસ કોઈ કરી શક્યું નહીં, અને આજે આ વાતને આશરે ૯૦૦૦ વર્ષ થઈ ગયા હોવા છતાં, પણ શિવ ભક્તિની વાત આવે ત્યારે આપણે રાવણ ને યાદ કર્યા વગર રહી શકતા નથી. ૯૦૦૦ વર્ષ પહેલા બલી અને આ રીતની મસ્તક ભગવાનને ચરણે ધરવું એ બધું, દેશકાળ પ્રમાણે યોગ્ય હશે કે નહીં, તે વાતની ચર્ચામાં આપણે ઉતરવું નથી. પરંતુ મસ્તકની અંદર અહંકાર રહેલો હોય છે, એટલે સીધો સાદો અર્થ કરીએ તો શિવ શંકરને ભજવા હોય તો પૂર્ણપણે નત મસ્તક, એટલે કે અહંકારને મૂકીને તેના શરણે જઈએ, તો તે આપણી દરેક સમસ્યાનું સમાધાન અવશ્ય કરશે, એટલી વાત પાકી છે. રાવણને આપણે રાક્ષસ પણ નથી કહેવો, દેવ પણ નથી કહેવો, અને માનવ તો કહેવો જ નથી, છતાં તેની આ ભક્તિ પરથી આપણે કંઈક પાઠ કે શીખ તો અવશ્ય લઈ શકીએ, એ હેતુથી રાવણ ચરિત્રને અહીં વર્ણવામાં આવે છે. સંસારના દરેકે દરેક જીવમાં કોઈને કોઈ, સ્વભાવગત ત્રૂટી રહેલી જ હોય છે. દેવ, દાનવ, માનવ, એવી શ્રેણી પોતાની રીતે નક્કી કરી, અને આ શ્રાવણે આપણે દરેક શિવને આરાધીએ અને જન્મોજન્મ તેના ચરણોમાં સ્થાન પામી કાળથી દૂર રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી , હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રાવણ માસમાં શિવ મહિમા -૨૫ કાશી વિશ્વનાથ મંદિર હિંદુ ધર્મનું સૌથી જાણીતું મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે**

# આઠમા ત્ર્યંબકેશ્વર જ્યોતિ લિંગનો મહિમા જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કાલનું મંદિર પેશ્વા બાલાજી રાવ (નાનાસાહેબ) દ્વારા બાંધવામાં આવ્યું હતું. આ મંદિર પંદરેક ફૂટ ઊંચા કિલ્લાથી રચાયેલ છે. ઉત્તરમાં આવેલ સિહારમાંથી દાખલ હતાં વિશાળ પટાંગણ આવે છે. અને તેની વચ્ચે ૯૦ ફૂટ પહોળું, ૫૫ ફૂટ લાંબુ અને ૫ ફૂટ ઊંચુ અદ્ભૂત કોતરણીવાળું કાળમીઢ પથ્થરનું ભવ્ય મંદિર આવેલ છે.**

આજે વરસાદી માહોલ વચ્ચે વાવાઝોડાનો ખતરો કચ્છ સૌરાષ્ટ્રના દરિયા કિનારા નજીક વિસ્તાર પર મંડરાયેલો છે ત્યારે સૌ કાળજીએ રાખવી અજાણ્યા પાણીમાં ન જવું સલામત રહેવું. આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા ૨૫માં ત્ર્યંબકેશ્વર જયતિલિંગનો મહિમા જાણીએ ત્ર્યંબકારએ મહારાષ્ટ્ર રાજયના નાસિક જિલ્લાના ત્ર્યંબક શહેરમાં આવેલું પ્રાચીન હિંદુ મંદિર છે. ત્ર્યંબક નાસિક શહેરથી ૨૮ કિમી દૂર આવેલું છે.ચૈત્ર પર શિવના ૧૨ જયોતિર્લિંગ માંનું એક છે. મંદિરના પરિસરમાં આવેલો કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્ત્રોત રાષ છે, ગોદાવરી નદી દુખણ પ્રદેશમાં આવેલી સૌથી લાંબી નદી છે. કાલનું મંદિર પેશ્વા બાલાજી રાવ (નાનાસાહેબ) દ્વારા બાંધવામાં આવ્યું હતું. આ મંદિર પંદરેક ફૂટ ઊંચા કિલ્લાથી રચાયેલ છે. ઉત્તરમાં આવેલ સિહારમાંથી દાખલ હતાં વિશાળ પટાંગણ આવે છે. અને તેની વચ્ચે ૯૦ ફૂટ પહોળું, ૫૫ ફૂટ લાંબુ અને ૫ ફૂટ ઊંચુ અદ્ભૂત કોતરણીવાળું કાળમીઢ પથ્થરનું ભવ્ય મંદિર આવેલ છે. આ જયોર્તિલિંગ પરંપરાગત શિવલિંગ જેવું નથી. ગર્ભગૃહની અંદર વિશાળ ઘડામાં એક ફૂટ પહોળો અને દોઢેક ફૂટ ઊંડો ખાડો છે, જે મોટેભાગે આ જયોર્તિલિંગના પેટાળમાં વહેતી ગૌતમી નદીના પાણીથી ભરાયેલો જ ) રહે છે. એથી જવાથી જળ નો સાર થાય છે, તે મુખને હાથથી બંધ કરી દેવામાં આવે તો તેની અંદરની દિવાલ પર થોડા ઊંડે આવેલ મોટા લીંબુ જેવડા ત્રણ લિંગો અને ચોરસ ખાડો સ્પષ્ટ દેખાય છે. અહીં સ્ત્રીઓને જયોર્તિલિંગની પૂજા કરવાની મનાઈ છે. આવી કથા છે કે ગૌતમ નામે શ્રેષ્ઠ ઋષિએ બ્રહ્મ નામે પર્વત પર દશ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું.કોઈ કાળે ત્યાં સો વર્ષ સુધી ભયંકર અનાવૃષ્ટિ થઈ, સહેજ પણ વરસાદ પડ્યો નહિ.આથી ગૌતમે વરુણને ઉદ્દેશી તપ કર્યું. વરુણદેવ પ્રસન્ન થતાં વરદાન માગવા કહ્યું, ત્યારે ગૌતમે વરસાદની માગણી કરી.વરુણેકહ્યું "દેવોની આજ્ઞાને ઓળંગીને હું વરસાદ તો ન આપી શકું, પણ તમે એક ખાડો કરો." ગૌતમે એક હાથ ઊંડો ખાડો ખોદતાં વરુણે તે ખાડાને જળથી છલોછલ ભરી આપ્યો અને કહ્યું : "તે ખાડો અખૂટ રહેશે, અને તમારે નામે ત્ર્યંબકેશ્વર તરીકે ઓળખાશે." વરુણની વાણીથી ખાડામાં જળ અક્ષય રહ્યું. દુર્લભ જળ મેળવીને ગૌતમે



અન્ય ધાન્ય વાવ્યાં. આથી ઘણા જીવો તથા મુનિઓ ત્યાં આવ્યા અને સુખશાંતિ પામ્યા. એકવાર ગૌતમના શિષ્યો પાણી લેવા ગયા ત્યારે ઋષિ પત્નીઓએ તેમને અટકાવ્યા ને કહ્યું : "પ્રથમ અમે પાણી મેળવીશું, પછી તમે તે દૂરથી લઈ શકશો."તિરસ્કારેલા શિષ્યો પાછા ફર્યાને ગૌતમની પત્ની અહલ્યાને વાત કરી, એટલે અહલ્યા પોતે જઈને પાણી લાવી શિષ્યોને આપ્યું. આમ, દરરોજ થવા લાગ્યું. આથી ઋષિપત્નીઓ અહલ્યા પર ગુસ્સે થઈ અને પોતાના પતિ સમક્ષ ઊલટી રીતે રજૂઆત કરી. આથી તે મહર્ષિઓ ગૌતમ ઋષિ પર ક્રોધે ભરાયા, તેમણે ગણેશજીની આરાધના કરી. ગણેશજીએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું ત્યારે ઋષિ ઓએ કહ્યું : "તમે અમારા પર પ્રસન્ હો તો ગૌતમ ઋષિને બહાર કાઢો." ગણેશજીએ કહ્યું : "તમે લોકો આ યોગ્ય નથી કરતા.' આ માટે ગણેશજીએ ઋષિઓને સમજાવ્યા,છતાં ના માનતાં ગણેશ જી ઋષિઓની ઈચ્છા પૂર્ણ કરવા દુબળી ગાય બની ડાંગર તથા જવ ને આરોગવા લાગ્યા. ગૌતમે ઘાસ ના ગુચ્છાથી ગાયને અટકાવવા જતાં ગાય નીચે પડીને મૃત્યુ પામી. આ જોઈ બધા ઋષિ ઓ બોલ્યાઃ "અરે,આ શું કર્યું?' ગૌતમે અહલ્યા ને બોલાવ્યાં. તેઓ ખૂબ જ વિસ્મય પામ્યાં. ગૌતમે કહ્યું : "મારાથી ગૌહત્યા થઈ ગઈ." પેલા બ્રાહ્મણોએ ગૌતમ ઋષિનો તિરસ્કાર કર્યોને આશ્રમ છોડી જવા કહ્યું. તેમણે અહલ્યાને પણ કડવા વચન સંભળાવ્યાં અને પથ્થરો મારી ત્રાસ આપવા માંડ્યો. તેઓ કહેવા લાગ્યા : "તમે ત્રણ વાર આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી, તમારું પાપ દરેક જગ્યાએ પ્રકટ કરવું અને એક મહિનાનું મૌનવ્રત કરો. પછી એકસો એક વાર આ બ્રહ્મ પર્વતની પ્રદક્ષિણા કરી, શુદ્ધિ પ્રાપ્ત કરો અથવા તમે ગંગાને અહીં લાવી તેમાં સ્નાન કરી , એક કરોડ પાર્થિવ લિંગની સ્થાપના કરી ભોળાનાથનું સેવન કરો. પ્રથમ ગંગાસ્નાન કરી સો ઘડાના જળથી પાર્થિવ લિંગને સ્નાન કરાવશો તો તમારું પ્રાયશ્ચિત્ત થશે." પછી પત્ની સહિત ગૌતમ ઋષિએ ભોળાનાથ નું પૂજન કરતા શંભુ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું :"મને ગૌ હત્યાના પાપમાંથી મુક્ત કરો." ત્યારે શિવજીએ કહ્યું : "તમે સર્વ કાળ પાપરહિત છો.આ દૃષ્ટ ઋષિ ઓએ કપટ કરી તમને પજવ્યા છે.તેઓ દુરાચારી અને ગૌહત્યારા છે. તેમને શુદ્ધ થવા માટે ક્યાંય પ્રાયશ્ચિત્ત નથી." આમ તે દુષ્ટ બ્રાહ્મણોનું દુષ્ટ ચરિત્ર તે વખતે કહી સંભળાવ્યું. ગૌતમે કહ્યું : "હે પ્રભુ ! આ ઋષિઓએ તો મોટો ઉપકાર કર્યો છે, તેનાથી તો હું આપનાં દર્શન કરી શક્યો. તેઓએ મારું કલ્યાણ કર્યું છે."આ સાંભળી ભોળાનાથે ખૂબ પ્રસન્ન થયા. તેમણે ઉત્તમ પ્રકારનું વરદાન માગવા કહ્યું, ત્યારે ગૌતમે કહ્યું : "આપ મને ગંગા અર્પણ કરી લોકકલ્યાણ કરો." ત્યારે ભોળાનાથે પૃથ્વી અને સ્વર્ગના સાર રૂપ જળ આપ્યું અને ગંગા સુંદર સ્ત્રી રૂપે પ્રકટ્યાં. ગૌતમે પ્રણામ કરી કહ્યું : "તમે સઘળા ભુવનને પવિત્ર કરો."પછી ભોળા નાથે ગંગાને કહ્યું :"તમે મારી આજ્ઞાથી આ ગૌતમને પવિત્ર અને મંગલ બનાવો.' ત્યારે ગંગાએ કહ્યું : '"હે પ્રભુ! પરિવાર સહિત ગૌતમ ઋષિને પવિત્ર કરીને હું મારા સ્થાને જતી રહીશ." ત્યારે ભક્તવત્સલ ભોળાનાથે કહ્યું : "હે દેવી, અઠ્ઠાવીસમો વૈવસ્ત મનુ થાય અને જ્યાં સુધી કલિયુગ જતો રહે, ત્યાં સુધી તમારે અહીં રહેવું.' આ વચન સાંભળી ગંગાએ 'પોતાનું માહાત્મ્ય સર્વથી અધિક થાય, તો પોતે આ પૃથ્વી પર રહેશે' એમ નક્કી કર્યું. ભોળાનાથે કહ્યું : "હે દેવી ! હું તમારાથી જુદો નથી, તો હું પણ તમારી સાથે રહું છું,તમે પણ અહીં રહો."પ્રસન્ન થયેલા ગંગાએ ભોળાનાથની પૂજા કરી. આ જયોર્તિલિંગ ત્ર્યંબકેશ્વર કહેવાય છે. નાસિક અવિભાજય બની ગયેલા અંગ છે. ગોદાવરી નદીના તટે વસેલું નાસિક દક્ષિણનું બનારસ પણ કહેવાય છે. કારણ કે અહીં સંખ્યાબંધ મંદિરો છે. જોવાલાયક મંદિરોમાં સુંદરનારાણ મંદિર, જલારામ મંદિર, ગોરારામ મંદિર, મુક્તિધામ, પંચવટી અને તપોવન મુખ્ય છે. દર બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,કુદરતી કહેર સામે સાવચેતી રાખી સલામત રહો. સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# પાર્વતીએ રાજીનામા પર વાત કરી, જ્યારે જવાબદારીનો સમય આવ્યો ત્યારે ભાગ્યો

## ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓની સ્થિતિ પર હેમા કમિટીના રિપોર્ટે બધાને ચોંકાવી દીધા છે

મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓની સ્થિતિ પર હેમા કમિટીના રિપોર્ટે બધાને ચોંકાવી દીધા છે. આ અહેવાલ પછી, વધુ અભિનેત્રીઓ તેમની સાથે થયેલી જાતીય સતામણીની ઘટનાઓ શેર કરી રહી છે અને મલયાલમ ઉદ્યોગ સ્કેનર હેઠળ આવી ગયો છે.દરમિયાન, એસોસિયેશન ઓફ મલયાલમ મૂવી આર્ટિસ્ટ્સ (એએમએમએ)ના પ્રમુખ, વરિષ્ઠ અભિનેતા મોહનલાલ અને સમગ્ર એસોસિએશને પણ સામૂહિક રીતે રાજીનામું આપ્યું હતું. સાઉથની લોકપ્રિય અભિનેત્રી પાર્વતીએ હવે મોહનલાલ અને એએમએમએના રાજીનામા પર સવાલ ઉઠાવ્યા છે અને આ પગલાને 'કાયર' ગણાવ્યું છે. હાલમાં, મલયાલમ સિનેમામાં મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવવામાં વિમેન ઈન સિનેમા કલેક્ટિવ (WCC)ની મોટી ભૂમિકા છે, જેની વિનંતી પર કેરળ સરકારે હેમા સમિતિની રચના કરી હતી. WCCના સ્થાપક સભ્ય પાર્વતીએ હવે કહ્યું છે કે AMMAનું રાજીનામું 'જવાબદારીથી ભાગવાનો પ્રયાસ' છે. પત્રકાર બરખા દત્ત સાથે વાત કરતા પાર્વતીએ કહ્યું, 'જ્યારે મેં આ સામૂહિક રાજીનામાના સમાચાર સાંભળ્યા, ત્યારે મારી પ્રથમ પ્રતિક્રિયા હતી - 'આ કેટલું કાયર છે'. આ



તેમનું એટલું કાયરતાભર્યું કૃત્ય છે કે મીડિયાની સામે જવાબદાર ઠેરવવામાં આવતા સમયે તેઓ પોતાના પદ પરથી હટી ગયા હતા. બચવાનો આ એક ઝડપી રસ્તો છે. જેના કારણે આ મુદ્દાને લઈને ચર્ચાને આગળ વધારવાની સમગ્ર જવાબદારી ફરી મહિલાઓ પર આવી ગઈ છે. રાજ્ય સરકાર અને અન્ય પક્ષો સાથે મળીને આ મુદ્દે કોઈ રસ્તો કાઢવાનો તેમણે ઓછામાં ઓછો કોઈ ઈરાદો દર્શાવ્યો હોત તો તે અદ્ભુત હતું. પાર્વતીએ ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવ્યા અને AMMAના રાજીનામાને લઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેણે કહ્યું, 'આ એ જ એક્ઝિક્યુટિવ કમિટી છે જેણે ૨૦૧૭ના યૌન શોષણ કેસના મુખ્ય આરોપીને તેમની વચ્ચે પાર્વતીએ આવકાર્યા હતા, જ્યારે કેસ ચાલી રહ્યો હતો. આ એ જ એક્ઝિક્યુટિવ કમિટી છે જેણે દાવો કર્યો હતો કે જ્યાં સુધી તેમની સામે આક્ષેપો ન થાય ત્યાં સુધી આવી કોઈ વસ્તુ (ઉદ્યોગમાં જાતીય સતામણી) અસ્તિત્વમાં નથી. અને સરકાર તરફથી આવા નિવેદનો કરવા માટે તે ખૂબ જ બેજવાબદારીભર્યું હતું - 'જો મહિલાઓને ફરિયાદ હોય, તો તેઓએ ફક્ત એફઆઈઆર નોંધાવવી જોઈએ અને નામ જણાવવું જોઈએ.'પાર્વતીએ કહ્યું કે આવા નિવેદનો ફરી મહિલાઓ પર નામો જાહેર કરવા, શરમજનક (આરોપી) અને તે પછી જે થાય તે સહન કરવાની જવાબદારી મૂકે છે.પાર્વતીએ આગળ કહ્યું, 'મારો હંમેશા પ્રશ્ન રહ્યો છે કે તમે ન્યાયનો એવો કયો પુરાવો આપ્યો છે કે તમે ઈચ્છો છો કે અમે તમને નામ આપીએ અને તમને શરમાવે? આ પછી આપણું શું થશેપ આપણી કારકિર્દી, જીવન, કાનૂની ફી અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનું શું થશે? કોઈને આની પરવા નથી. જે સમસ્યાઓ આપણા કારણે ઊભી થઈ નથી તેનો સામનો કરવાની જવાબદારી વારંવાર મહિલાઓ પર શા માટે નાખવામાં આવે છે?તમને જણાવી દઈએ કે, મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં ઉથલપાથલ વચ્ચે મોહનલાલે એસોસિયેશન ઓફ મલયાલમ મૂવી આર્ટિસ્ટના પ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમના રાજીનામાએ બધાને ચોંકાવી દીધા હતા.

### મિર્ઝાપુર સીઝન ૩નો બોનસ એપિસોડ રીલીઝ

# મિર્ઝાપુર ભાગ-૩માં હંગામો થવા જઈ રહ્યો છે, મુન્નાા ભૈયા આવ્યા


ચાહકોના ફેવરિટ શો 'મિર્ઝાપુર'ની સીઝન ૩એ દર્શકોમાં ભારે ઉત્તેજના સર્જી છે. જો કે આ વખતે મુન્ના ભૈયા શોમાં નહોતો. આવી સ્થિતિમાં, ચાહકોએ મેકર્સ પર ઘણા પ્રશ્નો ઉભા કર્યા અને મુન્ના ભૈયાને શોમાં લાવવાનું પણ કહ્યું. હવે લાગે છે કે 'મિર્ઝાપુર'ના નિર્માતાઓએ તેમની વાત સાંભળી લીધી છે. હવે શોના બોનસ એપિસોડની જાહેરાત કરવામાં આવી છે. તેના પ્રોમોમાં મુન્ના ભૈયા એટલે કે દિવ્યેન્દુ શર્મા જોવા મળે છે.આ પ્રોમોમાં મુન્ના ભૈયા પોતાના ફેન્સ સાથે વાત કરી રહ્યો છે. તે કહે છે, 'આપણે શું કર્યું? મેં સાંભળ્યું છે કે અમારા વફાદાર ચાહકો અમને ખૂબ મિસ કરે છે. તમે સિઝન ૩ માં કેટલીક વસ્તુઓ ચૂકી ગયા છો. અમે તે શોધી કાઢ્યું છે અને લાવ્યા છીએ. જસ્ટ ફોર યુ સૌજન્ય મુન્ના ત્રિપાઠી. કારણ કે આપણે પહેલા કરીએ છીએ, પછીથી વિચારીએ છીએ. આ સાથે લખ્યું છે કે 'મિર્ઝાપુર' સિઝન ૩નો બોનસ એપિસોડ આવવાનો છે. આ એપિસોડ ૩૦ ઓગસ્ટે આવશે અને તમે તેને એમેઝોન પ્રાઈમ વિડીઓ પર જોઈ શકશો. અભિનેતા દિવ્યેન્દુ શર્મા ઉર્ફે મુન્ના ભૈયા 'મિર્ઝાપુર ૩'માં ન હોવા પર ચાહકોએ નારાજગી વ્યક્ત કરી હતી. પ્રેક્ષકોને અપેક્ષા હતી કે સીઝન ૨ માં બનેલી ઘટનાઓ પછી, પંકજ ત્રિપાઠીનું પાત્ર કાલીન ભૈયા અને દિવ્યેન્દુનું પાત્ર મુન્ના ભૈયા બંને સીઝન ૩ માં પાછા ફરશે. હવે કાલીન ભૈયા 'મિર્ઝાપુર ૩'માં આવ્યા હતા, પરંતુ નિર્માતાઓએ તેમના મૃત્યુ પછી મુન્ના ભૈયાનું પાત્ર પાછું લાવ્યું નથી. આવી સ્થિતિમાં, દર્શકોએ કહ્યું કે શોની નવી સીઝન તેના વિના નિસ્તેજ રહી.યુઝર્સે મુન્ના ભૈયાને લઈને સોશિયલ મીડિયા પર ઘણી ટ્વિટ અને પોસ્ટ શેર કરી હતી. તેમની એક જ માંગ હતી કે મુન્ના ભૈયા 'મિર્ઝાપુર ૩'માં પરત ફરે. વળી, યુઝર્સે કહ્યું કે દિવ્યેન્દુ શર્મા વિના શો પહેલા જેવો મજેદાર નહોતો. હવે શોના બોનસ એપિસોડના પ્રોમો પરથી લાગે છે કે ચાહકો મુન્ના ભૈયાને જોવાની આશા રાખી શકે છે. તમે પ્રાઈમ વિડિયો પર ૩૦મી ઓગસ્ટના રોજ નવા એપિસોડમાં ધમાલ જોઈ શકો છો.




### હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૪ અપડેટઃ કિંગ ખાનની સંપત્તિ ૭૩૦૦ કરોડ

# શાહરુખ ખાન પહેલીવાર લિસ્ટમાં સામેલ

## રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટમાં તેની ભાગીદારીને કારણે આ યાદીમાં સ્થાન બનાવવામાં સફળ



બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન પહેલીવાર દેશના અબજોપતિઓની યાદીમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ થયા છે. ભારતીય મનોરંજન ઉદ્યોગના બાદશાહ શાહરૂખ ખાનને ૭૩૦૦ કરોડની સંપત્તિ સાથે પ્રથમ વખત હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૪માં સામેલ કરવામાં આવ્યો છે. કિંગ ખાન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટમાં પોતાની ભાગીદારીને કારણે આ યાદીમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યો છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં બોલિવૂડના બાદશાહ અમિતાભ બચ્ચન, જુહી ચાવલા અને ફેમિલી, કરણ જોહર અને રિતિક રોશન પણ પહેલીવાર આ લિસ્ટમાં સામેલ થયા છે. શાહરૂખ ખાનની સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયા, હુરુન ઈન્ડિયાના મતે, વિશ્વના સૌથી મોટા ફિલ્મ નિર્માતા ઉદ્યોગમાંથી આ વખતે જે લોકો અમીરોની યાદીમાં સામેલ થયા છે, તેઓ માત્ર અભિનય દ્વારા જ નહીં પરંતુ પોતાના પ્રોડક્શન હાઉસ પણ ચલાવે છે. રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટના સ્થાપક ૫૮ વર્ષીય શાહરૂખ ખાન પહેલીવાર આ યાદીમાં સામેલ થયા છે અને તેમની કુલ સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયા છે. તેમના પ્રોડક્શન હાઉસે ઘણી મોટી અને સફળ ફિલ્મો બનાવી છે. હુરુન ઈન્ડિયાએ કહ્યું કે, IPL ક્રિકેટ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને કારણે શાહરૂખ ખાનની સંપત્તિમાં પણ વધારો થયો છે, જે એક સફળ ફ્રેન્ચાઈઝી છે. હુરુન ઈન્ડિયાના સ્થાપક અને મુખ્ય સંશોધક અનસ રહેમાન જુનૈદે કહ્યું કે, ક્રિકેટ અને ફિલ્મો ભારતના હૃદયની ધબકારા છે. આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સમાં હોલ્ડિંગ વેલ્યુને કારણે ફિલ્મ સ્ટાર શાહરૂખ ખાનને પ્રથમ વખત હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યો છે. જુનૈદે કહ્યું કે, મનોરંજન ઉદ્યોગના સાત લોકોએ, જેમને પહેલીવાર હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યા છે, તેમણે એક વર્ષમાં ૪૦,૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ઉમેરી છે.




### રિપોર્ટ સામે આવ્યા બાદ મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ

# વર્ષો સુધી ચૂપ રહી અભિનેત્રી, કહ્યું- મારે તે વ્યક્તિને મળવું છે..

## આ રિપોર્ટ બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ઘણી અભિનેત્રીઓ અને અન્ય મહિલાઓએ તેમના પર થયેલા શારીરિક, જાતીય અને માનસિક શોષણ વિશે વાત કરી છે


જસ્ટિસ હેમા કમિટીના રિપોર્ટ સામે આવ્યા બાદ મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચી ગયો છે. આ રિપોર્ટ બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ઘણી અભિનેત્રીઓ અને અન્ય મહિલાઓએ તેમના પર થયેલા શારીરિક, જાતીય અને માનસિક શોષણ વિશે વાત કરી છે. ઘણા પુરૂષ કલાકારો પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. હવે અભિનેત્રીમાંથી રાજકારણી બનેલી ખુશ્બુ સુંદરે આ વિશે વાત કરી છે.ખુશ્બુ સુંદરે ઠ પર એક લાંબી પોસ્ટ લખી છે. તેણે લખ્યું, 'અમારે તે મહિલાઓની હિંમતની પ્રશંસા કરવી પડશે જેઓ તેમની બંદૂકને વળગી રહી અને જીતી ગઈ. હેમા સમિતિ શોષણમાંથી ખૂબ જ જરૂરી વિરામ હતી. શોષણ, જાતીય તરફેણ માટે પૂછવું, સ્ત્રીઓને સમાધાન કરવાનું કહેવું જેથી તેમને દબાવી શકાય અથવા તેમની કારકિર્દી આગળ વધારી શકાય, આ બધું દરેક ક્ષેત્રમાં થાય છે. શા માટે સ્ત્રીને આ બધામાંથી પસાર થવું પડે છે? જો કે, પુરુષોને પણ આનો સામનો કરવો પડે છે. પરંતુ મોટાભાગે આ વસ્તુઓ ફક્ત મહિલાઓ સાથે જ થાય છે. અભિનેત્રીએ ભારપૂર્વક કહ્યું કે તમારે તમારો અવાજ ઉઠાવવો જોઈએ. તેણે લખ્યું, 'તમે આજે બોલો કે કાલે બોલો તેનાથી કોઈ ફરક પડતો નથી, બસ તમારો અવાજ ઉઠાવો. તમારો અવાજ ઊંચો કરવાથી તમને આ બાબતો પર કાબુ મેળવવામાં મદદ મળશે અને તેની વધુ સારી રીતે તપાસ પણ થશે. ખુશ્બૂ સુંદરે પોતાની પોસ્ટમાં લોકોને વિનંતી કરી કે તેઓ પીડિતો પર દોષ ન મૂકે અને તેમને શરમાવે નહીં. તેમ જ તેમને પ્રશ્નો પૂછો કે 'તમે આ કેમ કર્યું?', 'તમને આની કેમ જરૂર પડી?' આવા પ્રશ્નો પૂછવાથી પીડિત વધુ તૂટી જાય છે. તેણે કહ્યું કે જો પીડિત તમારા માટે અજાણી વ્યક્તિ હોય તો પણ તેને તમારા સપોર્ટની જરૂર છે.આ દરમિયાન અભિનેત્રીએ તેનું ઉદાહરણ પણ આપ્યું હતું. તેણે લખ્યું, 'કેટલાક લોકો મને પૂછે છે કે મેં મારા પિતાના હાથે જે દુર્વ્યવહાર સહન કર્યો તેની સામે અવાજ ઉઠાવવામાં મને આટલો સમય કેમ લાગ્યો? હું માનું છું કે મારે તે પહેલા કહેવું જોઈતું હતું. પરંતુ મારી સાથે જે થયું તે મારી કારકિર્દીને આગળ વધારવા માટે સમાધાન ન હતું.





# ૩૦ વર્ષ પછી રજનીકાંત સાથે કામ કરશે આમિર ખાન

## બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાને તેની છેલ્લી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'ની નિષ્ફળતા બાદ એક્ટિંગમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી

બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાને તેની છેલ્લી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'ની નિષ્ફળતા બાદ એક્ટિંગમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી. પરંતુ ટૂંક સમયમાં તે પોતાના પ્રોડક્શનની ફિલ્મ 'સિતારે જમીન પર'થી મોટા પડદા પર કમબેક કરવા જઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી, આમિર કેટલાક રસપ્રદ પ્રોજેક્ટ્સ અને નિર્દેશકો સાથે કામ કરી રહ્યો હોવાના અહેવાલો આવી રહ્યા છે અને હવે તેના ચાહકો માટે એક મોટા સમાચાર છે.કમલ હાસનની 'વિક્રમ' અને થાલાપતિ વિજયની 'લિયો'નું દિગ્દર્શન કરનાર નિર્દેશક લોકેશ કનાગરાજ આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'કુલી' પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મનો હીરો સુપરસ્ટાર રજનીકાંત છે. અને હવે ચર્ચા છે કે આમિર ખાન પણ 'કુલી'નો ભાગ બનવા જઈ રહ્યો છે.પિંકવિલાના એક અહેવાલ અનુસાર, લોકેશ કનાગરાજ તાજેતરમાં આમિર ખાનને મળ્યો હતો અને બંને વચ્ચે કેટલાક પ્રોજેક્ટ્સને લઈને ચર્ચા થઈ હતી. એવું કહેવામાં આવ્યું હતું કે આમિર અને લોકેશ સંભવિત પ્રોજેક્ટ પર ચર્ચા કરી રહ્યા છે, જેમાં એક કેમિયો અને એક અલગ ફિલ્મનો સમાવેશ થાય છે. જો કે, આ સહયોગ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે રજનીકાંતની ફિલ્મ 'કુલી'માં આમિરનો કેમિયો હોઈ શકે છે.થોડા દિવસો પહેલા એવા સમાચાર હતા કે લોકેશ કનાગરાજે 'કુલી' પછી તેના આગામી પ્રોજેક્ટ માટે પ્લાનિંગ શરૂ કરી દીધું છે અને તે આમિર ખાનને કાસ્ટ કરવાનું વિચારી રહ્યો છે. ફિલ્મના વિકાસ પર નજર રાખતા કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે એવું પણ અનુમાન લગાવ્યું છે કે આમિર પહેલા 'કુલી'માં કેમિયો કરશે અને પછી તેનું પાત્ર એક અલગ ફિલ્મમાં પોતાની વાર્તાનું નેતૃત્વ કરતા જોવા મળશે.આમિર ખાને તેની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં રજનીકાંત સાથે કામ કર્યું હતું. ૧૯૯૫માં આવેલી ફિલ્મ 'આતંક હી તારંક'માં આમિર અને રજનીકાંતે ભાઈઓની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મની વાર્તા હોલીવુડની ક્લાસિક 'ધ ગોડફાધર'થી પ્રેરિત છે. આ ફિલ્મ બહુ ઓછી લોકપ્રિય થઈ હતી અને બહુ ઓછા લોકોને યાદ છે. 'આતંક હી ટેરર' આમિરની સૌથી મોટી ફ્લોપ ફિલ્મોમાંથી એક હતી.ઘણા વર્ષો પહેલા આમિરે 'તાંક હી તાંક' વિશે વાત કરતા કહ્યું હતું કે તેણે આ ફિલ્મ કરવી જોઈતી ન હતી. એક પોર્ટલ સાથે વાત કરતાં તેણે કહ્યું હતું કે, 'આ ફિલ્મ રિલીઝ થયા બાદ હું ચોંકી ગયો હતો. મને લાગ્યું કે આ ફિલ્મ ન કરવી જોઈતી હતી.



# 'બોર્ડર ૨' ફિલ્મનું ટીઝર રીલીઝ, વરુણની ધમાકેદાર એન્ટ્રી



'ગદર ૨' પછી સની દેઓલ 'બોર્ડર ૨' લઈને આવી રહ્યા છે, અને હવે આ ફિલ્મની ઓફિશિયલ જાહેરાત પણ કરવામાં આવી છે. વરુણ ધવને પણ આ ફિલ્મમાં શાનદાર એન્ટ્રી કરી છે અને ટીઝરમાં તેનો અવાજ પણ સાંભળી શકીએ છીએ. વરુણ ધવને પોતે ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું ટીઝર શેર કર્યું છે.ટીઝરની શરૂઆત સોનુ નિગમના અવાજથી થાય છે જેમાં તે બોર્ડરનું પ્રખ્યાત ગીત 'સંદેશ આતે હૈં' ગાય છે, આગળ વરુણ ધવનનો અવાજ આવે છે અને તે કહે છે, 'દુશ્મનની દરેક ગોળી મને જય હિંદ કહીને વાગે છે, જ્યારે ધરતી માતા બોલાવે છે, હું બધું છોડી દઉં છું.' પોસ્ટમાં ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. તમે આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ ના ગણતંત્ર દિવસના અવસર પર જોઈ શકશો.વરુણ ધવને ટીઝરની સાથે એક લાંબી પોસ્ટ પણ લખી છે, અભિનેતાએ કેપ્શનમાં લખ્યું છે, ''હું ચોથા ધોરણનો બાળક હતો જ્યારે હું ચંદન સિનેમા ગયો અને બોર્ડર જોયું અને તેની મારા પર ખૂબ જ ઊંડી છાપ પડી. સભાખંડમાં આપણે બધાએ અનુભવેલી રાષ્ટ્રીય ગૌરવની ભાવના મને હજુ પણ યાદ છે. મેં આપણા સશસ્ત્ર દળોને આદર્શ માનવાનું શરૂ કર્યું અને આજે પણ હું તેમને સલામ કરું છું કે તેઓ કેવી રીતે આપણું રક્ષણ કરે છે અને આપણને સુરક્ષિત રાખે છે, પછી તે આપણી સરહદો પર હોય કે કુદરતી આફતો દરમિયાન. જે.પી. દત્તા સરની યુદ્ધ મહાકાવ્ય હજુ પણ મારી પ્રિય ફિલ્મોમાંની એક છે. તેમણે આગળ લખ્યું કે, જેપી સર અને ભૂષણ કુમાર દ્વારા નિર્મિત બોર્ડર ૨ માં ભૂમિકા ભજવવી એ મારી કરિયરની ખૂબ જ ખાસ ક્ષણ છે અને મને મારા હીરો સની પાજી સાથે કામ કરવાની તક મળી, જે તેને વધુ ખાસ બનાવે છે. હું એક બહાદુર સૈનિકની વાર્તાને પડદા પર લાવવા માટે આતુર છું જે ભારતની સૌથી મહાન યુદ્ધ ફિલ્મ બનવાનું વચન આપે છે. હું તમને શુભેચ્છા પાઠવું છું જય હિંદ.'' બોર્ડર ૨નું નિર્માણ ટી-સીરીઝના ભૂષણ કુમાર અને બોર્ડરના નિર્દેશક જેપી દત્તા દ્વારા કરવામાં આવી રહ્યું છે. અનુરાગ સિંહ આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે. પહેલી બોર્ડરનું નિર્દેશન, લેખન અને નિર્માતા જેપી દતા હતા.




### જેલના સળિયા પાછળ 'ઠંડક' કરી રહ્યો હતો

# કન્નડ સ્ટાર દર્શનને બીજી જેલમાં ટ્રાન્સફર કરાયો

કન્નડ સ્ટાર દર્શન થૂગુદીપાના કિસ્સાએ સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. હાલમાં જ જેલની અંદરની કેટલીક તસવીરો વાયરલ થઈ હતી, જેમાં હત્યાનો આરોપી દર્શન જેલની અંદર VVIP ટ્રીટમેન્ટ લેતો જોવા મળ્યો હતો. આ તસવીરો સામે આવ્યા બાદ લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પરંતુ છેલ્લી માહિતી મુજબ દર્શનને અન્ય જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, જેલમાં VVIP ટ્રીટમેન્ટ મળવાના આરોપોને પગલે તેને બેંગલુરુની પરપ્પના અગ્રહારા જેલમાંથી બલ્લારી જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. દર્શન ૩૩ વર્ષીય ઓટો ડ્રાઈવર અને તેની ફેન રેણુકા સ્વામીની હત્યાના કેસમાં કસ્ટડીમાં છે.હાલમાં જ તેનો એક ફોટો વાયરલ થયો હતો, જેમાં તે જેલની અંદર અન્ય ત્રણ લોકો સાથે ફરતો જોવા મળ્યો હતો. તસવીરમાં દર્શન એકદમ હળવા મૂડમાં ખુરશી પર બેઠો હતો અને સિગારેટ અને કોફીનો મગ પકડી રહ્યો હતો. આ સાથે એક અસ્પષ્ટ વીડિયો પણ વાયરલ થયો હતો જેમાં દર્શન જેલની અંદર વીડિયો કોલ પર કોઈની સાથે વાત કરતો જોવા મળ્યો હતો. આ ફોટો સામે આવ્યા બાદ ઘણો વિવાદ થયો હતો. મૃતકના પિતા સહિત સામાન્ય લોકોએ પણ દર્શનને જેલમાંથી શિફ્ટ કરવા અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી શરૂ કરી હતી. આ મામલે કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરાએ કહ્યું હતું કે, સરકાર દર્શનને જેલમાંથી શિફ્ટ કરવાનો નિર્ણય લઈ શકે નહીં. આ અંગે જેલ સત્તાવાળાઓ કોર્ટ અને અન્ય સત્તાવાળાઓ સાથે પરામર્શ કરીને નિર્ણય લેશે. આ કેસમાં ૧૭ આરોપીઓને અલગ-અલગ જેલમાં મોકલવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્યારે દર્શનને બલ્લારી જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે, ત્યારે આ કેસમાં તેના સહ-આરોપી પવન, રાઘવેન્દ્ર અને નંદિશને મૈસુર જેલમાં ખસેડવામાં આવ્યા છે.



# કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીના હસ્તે દેશના પાંચ રાજ્યમાં પોષણ ટ્રેકર એપમાં ફેસ ઓથેન્ટિકેશન ફીચરના પાયલોટ પ્રોજેક્ટનો આરંભ ગાંધીનગર ખાતે કરાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૩૦ ।

કેન્દ્રીય મહિલા અને બાળ વિભાગના મંત્રી શ્રી અન્નપૂર્ણા દેવીના હસ્તે દેશના પાંચ રાજ્યમાં પોષણ ટ્રેકર એપમાં ફેસ ઓથેન્ટિકેશન ફીચરના પાયલોટ પ્રોજેક્ટનો આરંભ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલી સેક્ટર -૩ ન્યૂ ની આંગણવાડીની મુલાકાત કેન્દ્રીય મહિલા અને બાળ વિભાગના મંત્રી શ્રી અન્નપૂર્ણા દેવીએ લીધી હતી. આ પાયલોટ પ્રોજેક્ટનો આરંભ કારવ્યો હતો. ગાંધીનગર ખાતે આંગણવાડીની મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રીશ્રીનો પ્રેમાળ સ્વભાવથી નાના ભૂલકાઓ તેમની સાથે હળીમળી ગયા હતા. તેમની ઉપસ્થિતિમાં કાર્યકર બેન પાસે નિયમિત કેવી પ્રવૃત્તિ કરાવવામાં આવે છે, તેને નિહાળી હતી. કેન્દ્રીય મંત્રીશ્રી નાના ભૂલકાઓના બાળ ગીત સાથેના નૃત્ય, શાકભાજી- ફળ ની ઓળખ કરવાની ક્ષમતા, રંગ ઓળખ જેવી બાબતોથી ખુશ થયા હતા. તેમણે ભૂલકાઓ સાથે વાતચીત કરીને બાળકોને સુખડી ખવડાવી હતી. તેમણે આંગણવાડીના ઈન્ફરાસ્ટ્રક્ચરનું પણ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ કેન્દ્રીય મંત્રી શ્રી અન્નપૂર્ણા દેવી અને ગુજરાતના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા એ ગુજરાત રાજ્ય સહિત દેશના પાંચ રાજ્યમાં અમલી થનાર પાયલોટ પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું. અને સગર્ભા, ધાત્રીમાતાને પોષણ ક્ષમ પેકેટનું પાયલોટ પ્રોજેક્ટ થકી વિતરણ કર્યું હતું.

## વડોદરા ડિવિઝનમાં ભારે વરસાદને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત

। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર ભારે વરસાદને કારણે બાજવા સ્ટેશન પર પાણી ભરાવાને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. જેની વિગતો નીચે મુજબ છે.

**સંપૂર્ણપણે રદ ટ્રેનો**

૧. ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા-અમદાવાદ સંકલ્પ ફાસ્ટ પેસેન્જર

૨. ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૯૬ અમદાવાદ-વડોદરા સંકલ્પ ફાસ્ટ પેસેન્જર

**શોર્ટ ટર્મિનેટ ટ્રેન**

★૩૦ ઓગસ્ટ ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૩૨૮ અમદાવાદ-વડોદરા મેમુ રનોલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

શોર્ટ ઓરિજિનેટ ટ્રેનો

૧. ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા-અમદાવાદ મેમુ રણોલી સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે.

૨. ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ રણોલી સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે.

# મરડેશ્વર મહાદેવ અભિષેક પૂજન અર્ચન..



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૩૦ ।

શહેરા તાલુકાના મરડેશ્વર મહાદેવ (પાર્થેશ્વર) શિવલિંગના સાનિધ્યમાં શ્રી રમેશભાઈ પુજાભાઈ બારીયા દ્વારા શાસ્ત્રી શ્રી પિનાકીનભાઈ તેમજ અન્ય ભૂદેવો ની સહાયથી ગ્રહોના શાંતિ કર્મ તેમજ પૂજન અર્ચન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.આ મંદિરની વિશેષતા એ છે કે જે મરડ નામના પથ્થર ઉપર આખું શિવલિંગ સ્વયંભુ સ્થાપિત થયેલ છે કે જે દંતકથા મુજબ એક વર્ષમાં ચોખાવા જેટલું મોટું થાય છે શ્રાવણ માસમાં અનેક શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લે છે.તેમ જ પોતાની મનોકામનાઓ મહાદેવ આગળ શ્રદ્ધાભેર મૂકે છે અને તદ્ ઉપરાંત પૂર્ણ થયા બાદ મહાદેવના સાનિધ્યમાં આવી પૂર્ણ કરી ધન્યતા અનુભવે છે.

## કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા "ભારતમાં ટેકનોલોજી, પ્રક્રિયાઓ અને કાયદાની દ્રષ્ટિએ અંગ અને પેશીઓના દાન અને પ્રત્યારોપણમાં વૃદ્ધિ માટે જરૂરી સુધારાઓ" વિષય પર ચિંતન શિબિર આયોજિત



। અમદાવાદ, તા.૩૦ ।

"અંગદાન આપણા માટે જીવનની એક રીત બનાવવાની જરૂર છે જેથી કરીને આપણે દિવ્યાંગ લોકોને નવું જીવન આપી શકીએ." આ વાત સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયના એડિશનલ સચિવ સુશ્રી એલ.એસ. ચાંગસન દ્વારા આજે અહીં "ભારતમાં ટેકનોલોજી, પ્રક્રિયાઓ અને કાયદાની દ્રષ્ટિએ અંગ અને પેશીઓના દાન અને પ્રત્યારોપણ માટે જરૂરી સુધારાઓ" પર ચિંતન શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભવોમાં જનરલ હેલ્થ સર્વિસિસ (DGHS)ના ડાયરેક્ટર પ્રો. (ડૉ.) અતુલ ગોયલ, નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO)ના ડાયરેક્ટર ડૉ. અનિલ કુમાર, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સંયુક્ત સચિવ સુશ્રી વંદના જૈન પણ ઉપસ્થિત હતા. પોતાના ઉદઘાટન સંબોધનમાં સુશ્રી એલ.એસ. ચાંગસને જણાવ્યું હતું કે "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં અંગ દાનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

# ઝાલોદ તાલુકાના લીમડીની માછણ નદીમાં ડૂબી જતાં યુવકનુ મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

લીમડી નગરના મોઢીયાવાડમા રહેતા ધર્મેશ ઔચ્છવલાલ મોઢીયા અને તેમના પુત્ર કર્તવ્ય ઔચ્છવલાલ મોઢીયા કરંબા મુકામે વ્યાપાર કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે નિત્ય ક્રમ મુજબ દરરોજ તેઓ દુકાને આવી વ્યાપાર કરતા હતા. તારીખ ૨૯-૦૮-૨૦૨૪ ગુરુવારના રોજ સાંજે ઓચ્છવલાલ પંચાલે નિત્ય ક્રમ મુજબ દુકાન બંધ કરી લીમડી જવા નીકળ્યા હતા અને તેમના પુત્ર કર્તવ્ય બાઈક લઈ આવું છું તેમ કહી કરંબા રોકાઈ ગયેલ હતા. મોડે સુધી લીમડી મુકામે પુત્ર ઘરે ન આવતા પિતા દ્વારા ફોન કરવામાં આવતા ફોન બંધ આવેલ હતો અને અંદાજીત સાડા આઠ વાગ્યાની સુમારે પિતા ઓચ્છવલાલને લીમડી થી કરંબા જતા માછણ નદીના પુલ ઉપર પુત્ર કર્તવ્યની બાઈક પડેલ છે તેવું જાણવા મળતા તેઓ તેમના પરિવારજનો સાથે માછણ નદી પહોંચી ગયેલ હતા.

આ વાતની લીમડી નગરમાં જાણ થતાં પોલીસ તંત્ર તેમજ નગરના લોકો માછણનદી પાસે પહોંચી ગયેલ હતા ત્યાં લીમડી નગરના પીએસઆઈ ગોહેલ સહિતનો પોલિસ સ્ટાફ દ્વારા ઘટના સ્થળે પહોંચી સામગ્ર મામલે ગંભીરતાથી લઈ ગુમ થયેલ કર્તવ્યભાઈની શોધખોળ હાથ ધરી હતી. મોડી રાત સુધી પોલિસ સ્ટાફ શોધખોળ કરતા કર્તવ્યભાઈ મળી આવેલ ન હતા. ઝાલોદ નગરની ફાયરબ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા નદીમાં કુદી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી તેવામાં તારીખ ૩૦-૦૮-૨૦૨૪ ના રોજ અંદાજીત સવારના સાડાસાત વાગ્યાની આજુબાજુ માછણનદી માંથી એક મૃતક અવસ્થામાં એક યુવક મળી આવેલ હતો અને તપાસ કરતા તે યુવક કર્તવ્ય હોવાનું માલુમ પડેલ હતું. પુત્રની લાશ મળતા પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયેલ હતા અને મૃતકની લાશને પોલિસ દ્વારા વધુ તપાસ અર્થે પોસ્ટમોર્ટમ કરવા મોકલેલ હોવાનું જાણવા મળેલ હતું.

### AMCના સ્વચ્છતા-રક્ષકો પહોંચ્યા વડોદરાની વહારે

# અમ્યુકોના ૧૦૦ જેટલા સફાઈ કામદારોની ટીમ પૂરગ્રસ્ત વડોદરામાં સાફસફાઈ અર્થે કાર્યરત

### વડોદરામાં ભારે વરસાદ બાદ રોગચાળો પ્રસરતો અટકાવવા છઃ્રજીની સફાઈ કામદારોની ટીમ દ્વારા સાફસફાઇ કરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો









। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

વડોદરામાં ભારે વરસાદને કારણે સર્જાયેલ પરિસ્થિતિને પહોંચી વળવા સમગ્ર રાજ્ય વહીવટી તંત્ર ખડેપગે છે. આ ઉપરાંત અનેક જિલ્લાના વિવિધ વિભાગોની ટીમ પણ વડોદરા ખાતે રાહતની કામગીરી માટે પહોંચી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આશરે ૧૦૦ સફાઈ કામદારોની ટીમ વડોદરા ખાતે સાફસફાઈ અર્થે કાર્યરત છે. વડોદરા શહેરમાં પૂરના પાણી ઓસર્યા બાદ સાફ સફાઈની કામગીરી તેમજ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગ ફેલાય નહીં તે માટે જરૂરી જંતુનાશક દવાઓનો છંટકાવની કામગીરી અર્થે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જરૂરી સંસાધનો અને સાધન સામગ્રી સાથે સફાઈ કામદારોને વડોદરા ખાતે મોકલવામાં આવ્યા છે. ૧૦૦ જેટલા સફાઈ કામદારો માટે સફાઈ કામગીરી માટે જરૂરી સંસાધનો અને સામગ્રી જેમ કે, ઝાડું, સેવાલ, પાવડા, તગારા, ગમ બુટ, માસ્ક, સાબુ તથા રોગચાળો અટકાવવા લાઈમ ડસ્ટ પાવડર, મેલેથીઓન પાવડર જેવા જંતુનાશક પાવડર અને એસિડ, ફિનાઈલ જેવી સામગ્રીઓ પણ મોકલવામાં આવી છે.

વધુમાં સફાઈ કામગીરી માટે જ્ઞઝ્ર મશીન, હાઈડ્રોલિક ટ્રક, હેવી ડિવોટરિંગ પંપ, પાણીનું ટેક્રર જેવાં વાહનો અને જરૂરી મશીનરી પણ પૂરી પાડવામાં આવી છે. હાલ, વડોદરાના શહેરના વોર્ડ નં. ૧૬, વોર્ડ નં. ૩ અને વોર્ડ નં. ૭ના વિવિધ વિસ્તારોમાં અમદાવાદના સફાઈ કામદારોની ટીમ સફાઈ કામગીરી અર્થે કાર્યરત છે.

# પોસ્ટ વિભાગના તમામ પોસ્ટલ સર્કલમાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી

। અમદાવાદ, તા.૩૦ ।

પોસ્ટ વિભાગે ગુરુવારે દેશભરમાં ઉત્સાહ અને એકતા સાથે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરી. પોસ્ટલ વિભાગે દેશભરમાં રમતગમતના અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું. કર્મચારીઓએ વોલીબોલ, કેરમ, ચેસ અને રસ્સા ખેંચ અને પ્લેક્ર હરીફાઈ જેવા મનોરંજક પડકારો સહિત વિવિધ આઉટડોર અને ઈન્ડોર પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ ઈવેન્ટ્સનો હેતુ સહાનુભૂતિ, ટીમ વર્ક અને સર્વસમાવેશકતાની ભાવનાને ઉત્તેજન આપવાનો હતો, જે મજબૂત રમતગમત અને ફિટનેસ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે વિભાગની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.



ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ સાથે તાલમેળ ગોઠવતા દેશભરના ટપાલ કર્મચારીઓએ ફિટ ઈન્ડિયાની પ્રતિજ્ઞા લીધી, આરોગ્ય અને શારીરિક પ્રવૃત્તિ પ્રત્યેના તેમના સમર્પણ પર ભાર મૂક્યો. આ પહેલ તેના કર્મચારીઓમાં સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહિત કરવાના વિભાગના વ્યાપક પ્રયાસોમાંથી એક છે.

પોસ્ટ વિભાગ દ્વારા રમતગમતને ટેકો આપવાના અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં સહભાગિતાને સમર્થન આપવાની પરંપરા લાંબા સમયથી જોવા મળે છે. પોતાના કર્મચારીઓ વચ્ચે રમતગમતને પ્રોત્સાહન આપવા ઉપરાંત, પોસ્ટ વિભાગે ફિલેટલી દ્વારા ભારતના રમતગમતના વારસાને ઉજવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. વિભાગે ઓલિમ્પિક ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને રમતગમતની દિગ્ગજ વ્યક્તિ સહિતની થીમ પર અસંખ્ય સ્મારક સ્ટેમ્પ બહાર પાડ્યા છે, જે રાષ્ટ્રના રમતવીરોને વધુ પ્રેરણા આપે છે. પોસ્ટ વિભાગ એ તમામ કર્મચારીઓની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરે છે જેમણે રાષ્ટ્રીય રમતગમત દિવસ ૨૦૨૪ની સફળતામાં ભાગ લીધો અને યોગદાન આપ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ? તમે ક્યારેય ન ગયા હો એવા સ્થળે જો તમને આમંત્રિત કરાયા હોય તો-આમંત્રણનો ગરિમા પૂવર્વક સ્વીકાર કરો. તમે એક જગ્યાએ ઊભા હશો અને પ્રેમ તમને બીજા જ વિશ્વમાં ખેંચી જશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્‌ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. નવા સંબંધો લાંબા ગાળાના તથા ખૂબ જ લાભદાયક ઠરશે. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. આજે કામના સ્થળે દરેક બાબતમાં તમારો હાથ ઉપર રહે એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. બૅક્રને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.








મહારાષ્ટ્રમાં મુંબઈ ખાતે ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ અને ઈન્ફોસિસના સહ-સ્થાપક ક્રિસ ગોપાલકૃષ્ણન સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નજરે પડે છે.

### કન્સલ્ટન્ટની ધરપકડ કરાઈ

# મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તોડવાના કેસમાં પહેલી ધરપકડ

## કોલ્હાપુર ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે સવારે 3 વાગ્યે સિંધુદુર્ગ કેસમાં સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ચેતન પાટીલની ધરપકડ કરી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તોડવાના કેસમાં શુક્રવારે પહેલી ધરપકડ કરવામાં આવી હતી. સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટની કોલ્હાપુરથી ધરપકડ કરવામાં આવી છે. કોલ્હાપુર ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે સવારે ૩ વાગ્યે સિંધુદુર્ગ કેસમાં સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ચેતન પાટીલની ધરપકડ કરી હતી. પાટીલની માલવણ પોલીસ સાથેના સંયુક્ત ઓપરેશન હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી કોલ્હાપુર પોલીસે આરોપીને માલવાન પોલીસને સોંપી દીધો. અગાઉ, પોલીસે કોન્ટ્રાક્ટર અને આર્કિટેક્ટ જયદીપ આપ્ટે અને સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ચેતન પાટીલને FIRમાં આરોપી તરીકે નામ આપ્યા હતા. છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તોડી પાડવાના મામલામાં બે લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. ફરિયાદમાં કોન્ટ્રાક્ટર અને કારીગર કંપનીના



માલિક જયદીપ આપ્ટે અને સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ડૉ. ચેતન પાટીલ પર બેદરકારી અને કામની નબળી ગુણવત્તાનો તેમજ પ્રતિમાની આસપાસના લોકોને સંભવિત રૂપે નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સિંધુદુર્ગ ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ ૪ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું, જ્યારે સિંધુદુર્ગમાં પ્રથમ વખત નૌકાદળ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિમાનો ઉદ્દેશ્ય મરાઠા નૌકાદળના વારસા અને છત્રપતિ શિવાજી મહારાજના દરિયાઈ સંરક્ષણ અને સુરક્ષા તેમજ આધુનિક ભારતીય નૌકાદળ સાથેના તેના ઐતિહાસિક સંબંધનું સન્માન કરવાનો હતો. આ પ્રોજેક્ટ રાજ્ય સરકારના સહયોગથી ભારતીય નૌકાદળ દ્વારા પરિકલ્પના અને નેતૃત્વ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે સરકારે ભંડોળ પૂરું પાડ્યું હતું.શિવાજીની પ્રતિમા તુટી પડ્યા બાદ રાજ્યમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. શિવસેના (UBT) અને NCP સહિત તમામ વિરોધ પક્ષો આ મુદ્દે ભાજપ અને શિંદે સરકારને ઘેરી રહ્યા છે.છત્રપતિ શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમાનું ૮ મહિના પહેલા ૪ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું. તેનું ઉદ્ઘાટન નૌકાદળ દિવસની ઉજવણી સાથે કરવામાં આવ્યું હતું. શિવાજી મહારાજના દૂરંદેશી પ્રયાસોને શ્રદ્ધાંજલિ આપતા, આ પ્રતિમા મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં એક કિલ્લામાં સ્થાપિત કરવામાં આવી હતી.

### ભાજપ સાંસદ કંગના રનૌતે જાતિ ગણતરી અને અનામત મુદ્દે શું કહ્યું?

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

અનામતને લઈને દેશમાં ચાલી રહેલી ચર્ચા વચ્ચે બોલિવૂડ એક્ટ્રેસ અને હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટથી બીજેપી સાંસદ કંગના રનૌતે પોતાનો વિચાર વ્યક્ત કર્યો. કંગના રનૌતે કહ્યું, ‘અનામતને લઈને મારું સ્ટેન્ડ એ જ છે જે CM યોગીએ કહ્યું હતું કે જો આપણે સાથે રહીશું તો ઉમદા રહીશું અને જો ભાગલા પાડીશું તો કપાઈ જઈશું. ‘બોલિવૂડ ઈન્ડસ્ટ્રી વિશે વાત કરતાં કંગના રનૌતે કહ્યું, ‘અમે એ પણ નથી જાણતા કે ક્યા અભિનેતાની જાતિ છે. મારી આસપાસના લોકોની જાતિ વિશે મને કોઈ ખ્યાલ નથી. આજ સુધી ખબર નથી પડી તો હવે શા માટે શોધવા માગો છો? વડાપ્રધાને કહ્યું છે કે ત્રણ જાતિઓ છેઃ ગરીબ, ખેડૂતો અને મહિલા. આ સિવાય કોઈ ચોથી જ્ઞાતિ ન હોવી જોઈએ. કંગનાએ આગળ કહ્યું, ‘રામનાથ કોવિંદ દેશના દલિત રાષ્ટ્રપતિ બન્યા, દ્રૌપદી મુર્મુ દેશના આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બન્યા. શા માટે આપણે આવા ઉદાહરણો જોતા નથી? હું અનામતને લઈને મારા પક્ષના સ્ટેન્ડ પર અડગ છું. પરંતુ મને લાગે છે કે મહિલાઓ, ખેડૂતો અને ગરીબોની સુરક્ષા માટે કામ કરવું જરૂરી છે.

### ઓવૈસી પર લાખ, મહુઆ મોઈત્રા ૭૫ લાખ...

# લોકસભા ચૂંટણી લડવા માટે કયા કયા નેતાઓને કેટલી રકમ મળી?

## પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ ટીએમસીએ તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં જંગી નાણાં ખર્ચ્યા છે

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૩૦ ।

પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં જંગી નાણાં ખર્ચ્યા છે. માત્ર TMC જ નહીં, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને AIMIMએ પણ ઉમેદવારો પર ભરપૂર ખર્ચ કર્યો છે. ૭ જૂને ચૂંટણી પંચને સબમિટ કરવામાં આવેલી ટીએમસીના ખર્ચની વિગતો અનુસાર, પાર્ટીએ ચૂંટણી લડવા માટે ૩.૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પાર્ટીએ ચૂંટણી લડવા માટે અભિષેક બેનર્જી, મહુઆ મોઈત્રા અને શત્રુઘ્ન સિંહા સહિત ૪૮ ઉમેદવારોને ૭૫-૭૫ લાખ રૂપિયા આપ્યા હતા.ટીએમસીએ પશ્ચિમ બંગાળ માંથી મોટાભાગના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. પાર્ટીના કેટલાક ઉમેદવારો આસામ અને મેઘાલયમાંથી ચૂંટણી લડ્યા હતા. તમને જણાવી દઈએ કે ટીએમસીએ બંગાળની તમામ ૪૨ લોકસભા સીટો પર ચૂંટણી લડી હતી જ્યારે તેણે ૨૯ સીટો જીતી હતી. લોકસભા ચૂંટણીમાં



આમ આદમી પાર્ટીએ પોતાના ત્રણ ઉમેદવારોની ચૂંટણી પાછળ ૬૦ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો હતો. આમ આદમી પાર્ટીના આ ઉમેદવારોમાંથી બે દિલ્હીથી જ્યારે એક ઉમેદવાર ગુજરાતમાંથી ચૂંટણી લડ્યા હતા. પાર્ટીએ ગુજરાતના ભરૂચમાંથી ચૂંટણી લડવા માટે ચૈતરભાઈ વસાવાને રૂ. ૬૦ લાખમાંથી લગભગ અડધો ભાગ આપ્યો હતો. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ-ઉલ-મુસ્લિમીન (AIMIM) એ ચૂંટણી લડવા માટે પાર્ટી પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીને બે હપ્તામાં કુલ રૂ. પર લાખ આપ્યા હતા. ચૂંટણી પ્રચાર પર ઉમેદવારના ખર્ચની મર્યાદા હોવા છતાં, રાજકીય પક્ષો માટે આવી કોઈ મર્યાદા નથી. કોંગ્રેસે ચૂંટણી પંચને કહ્યું છે કે તેણે વાયનાડ અને રાયબરેલીથી ચૂંટણી લડવા માટે રાહુલ ગાંધીને ૭૦-૭૦ લાખ રૂપિયા આપ્યા છે. તમને જણાવી દઈએ કે રાહુલ ગાંધી બંને સીટો પરથી જીત્યા હતા. જો કે, આખરે તેમણે રાયબરેલી બેઠક જાળવી રાખીને વાયનાડ બેઠક છોડી દીધી. પાર્ટીએ સંસદીય ચૂંટણીમાં ૯૯ બેઠકો જીતી હતી, જેમાંથી રાહુલે બે બેઠકો જીતી હતી. જાન્યુઆરી ૨૦૨૨ માં, ચૂંટણી પંચના સૂચનોના આધારે, સરકારે ઉમેદવારો માટેનો ચૂંટણી ખર્ચ રૂ. ૭૫ લાખથી વધારીને રૂ. ૯૫ લાખ કર્યો હતો, જ્યારે વિધાનસભાની ચૂંટણી લડવા માટેનો ખર્ચ રૂ. ૨૮ લાખથી વધીને રૂ. ૪૦ લાખ થયો હતો.લોકસભાની ચૂંટણી માટે ખર્ચવામાં આવતી રકમ હવે મોટા રાજ્યોમાં વધારીને ૯૦ લાખ રૂપિયા કરવામાં આવી છે, જ્યારે નાના રાજ્યોમાં તે ૭૫ લાખ રૂપિયા છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ હતી અને પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવશે.

### રાષ્ટ્રપતિ પદની રેસ દરમિયાન પણ અંતર દેખાતા હતા

# કમલા હેરિસ અને તેના પિતા વચ્ચેના સંબંધોમાં ખટાશ ?

। (એજન્સી) યુએસ, તા.૩૦ ।

**કમલાએ ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં પોતાના ભાષણમાં કહ્યું હતું કે તેના અને તેના પિતા વચ્ચેનો સંબંધ ‘નિકટ’ નથી**

યુએસ વાઈસ પ્રેસિડેન્ટ અને ડેમોક્રેટિક પ્રેસિડેન્ટ પદના ઉમેદવાર કમલા હેરિસ અને તેના ૮૬ વર્ષીય પિતા ડોનાલ્ડ જે હેરિસ વચ્ચેના સંબંધો ખૂબ જ ખટાશભર્યા જણાય છે. આ એ હકીકત પરથી આવે છે કે તેના પિતા ક્યારેય તેમને વ્હાઈટ હાઉસમાં મળ્યા હોય અથવા તેમના જાહેર કાર્યક્રમોમાં ભાગ લીધો હોય તેવા કોઈ પુરાવા નથી. કમલા હેરિસના પિતા ડોનાલ્ડ જે. હેરિસ, નિવૃત્ત સ્ટેનફોર્ડ પ્રોફેસર અને માર્ક્સવાદી વિચારધારાના સમર્થક, તેમની પુત્રીથી અંતર જાળવી રહ્યા છે. તેણે અગાઉ પણ કમલાની ટિપ્પણીઓની ટીકા કરી હતી અને તેના રાજકીય વાતાવરણને ‘ઘોંઘાટથી ભરેલું’ ગણાવ્યું હતું. કમલાએ ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શન (DNC)માં પોતાના ભાષણમાં કહ્યું હતું કે તેના અને તેના પિતા વચ્ચેનો સંબંધ ‘નિકટ’ નથી. આ કાર્યક્રમમાં તેમના પિતાની ગેરહાજરી પણ સ્પષ્ટપણે જોઈ શકાતી હતી. કમલાએ પોતાના ભાષણમાં એમ પણ કહ્યું કે તેના પિતાએ તેને ‘નિડર’ બનવાની પ્રેરણા આપી, પરંતુ એ પણ કહ્યું કે ‘મોટા ભાગે મારી માતાએ અમને ઉછેર્યા’.જ્યારે કમલાનો આખો પરિવાર DNC ખાતે પ્રેક્ષકોમાં હતો, જેમાં તેના પતિ ડગ્લાસ એમહોફ, તેના સાવકા બાળકો અને ડગ્લાસની ભૂતપૂર્વ પત્ની પણ સામેલ હતી, તેના પિતા ડોનાલ્ડ જે. હેરિસની ગેરહાજરી નોંધનીય હતી. ભારતીય અને અમેરિકન રાજકારણી કમલા હેરિસની માતા ભારતીય છે અને પિતા જમૈકન છે. તમિલનાડુના તુલાસેંથીરાપુરમ ગામને કમલા હેરિસના દાદા-દાદીનું પૈતૃક ઘર માનવામાં આવે છે.કમલાના પિતાએ તેમના જીવનના સૌથી મોટા ભાષણના એક દિવસ પછી જ તેમનો ૮૬મો જન્મદિવસ ઉજવ્યો. આ ભાષણ ૧૯ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન DNC કાર્યક્રમ દરમિયાન થયું હતું. આ સમય દરમિયાન, કમલાએ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિ પદ માટે પોતાનું નામાંકન મેળવ્યું. કમલા હેરિસની દક્ષિણ એશિયાઈ ઓળખમાં હંમેશા તેની માતા શ્યામલા ગોપાલનનો ઉલ્લેખ હોય છે. ડીએનસીની સાંજ પણ અલગ નહોતી. પોતાના ભાષણમાં કમલાએ તેની માતાની ભારતથી અમેરિકા સુધીની સફર અને સંઘર્ષની કહાણીને યાદ કરી.

# ન્યાય અપાવવા માટે છે, બદલો લેવા માટે નહીંઃ સુપ્રીમ કોર્ટ

## જસ્ટિસઓની ખંડપીઠે વિશ્વાસભંગના ગુનાહિત કેસની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી કરતા કહ્યું કે ફોજદારી કાર્યવાહીનો ઉદ્દેશ્ય ખોટું કરનારને ન્યાય અપાવવાનો છે, બદલો કે બદલો લેવાનો નથી. જસ્ટિસ જેકે મહેશ્વરી અને જસ્ટિસ સંજય કરોલની ખંડપીઠે વિશ્વાસભંગના ગુનાહિત કેસની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. આ મામલામાં તેલંગાણાના પડાલા વીરભદ્ર રાવ નામના વ્યક્તિએ તેની પુત્રીના પૂર્વ સાસરિયાઓ પર લગ્ન સમયે આપવામાં આવેલ સ્ત્રીધન (પૈસા અને મિલકત) પરત ન કરવાનો આરોપ લગાવ્યો છે.ખંડપીઠે કહ્યું કે આવા કેસોમાં સર્વોચ્ચ અદાલત દ્વારા વિકસિત ન્યાયશાસ્ત્ર સ્ત્રી (પત્ની અથવા ભૂતપૂર્વ પત્ની) ના ‘સ્ત્રીધન’ના એકમાત્ર માલિક હોવાના ‘‘એકમાત્ર અધિકાર’’ વિશે સ્પષ્ટ છે. સ્ત્રીધન એ પૈસા અને મિલકત સહિતની ભેટોનો સંદર્ભ આપવા માટે વપરાતો શબ્દ છે જે સ્ત્રીને તેના



માતાપિતા, સંબંધીઓ અથવા સાસરિયાઓ તરફથી મળે છે.બેન્ચે કાયદાની સ્થાયી સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો કે સ્ત્રી (પત્ની અથવા ભૂતપૂર્વ પત્ની)ને ‘સ્ત્રીધન’ પર ‘‘એકવચન અધિકાર’’ અને તેના પર એકમાત્ર અધિકાર છે. રાવ દ્વારા તેમની પુત્રીના ભૂતપૂર્વ સાસરિયાઓ વિરુદ્ધ શરૂ કરાયેલા ફોજદારી કેસ અંગે, બેન્ચે કહ્યું, ‘અમે આગળ જોઈ શકીએ છીએ કે ફોજદારી કાર્યવાહીનો ઉદ્દેશ ખોટાને ન્યાય આપવાનો છે, અને તે બદલો લેવો અથવા ન કરવો તે નથી. તેને લેવાનું સાધન છે.રાવે દાવો કર્યો હતો કે ૧૯૯૯માં લગ્ન સમયે તેણે તેને સોનાના દાગીના અને અન્ય વસ્તુઓ આપી હતી અને તે પછી દંપતી અમેરિકા ચાલ્યા ગયા હતા. તેણે દાવો કર્યો હતો કે અમેરિકામાં રહેતી વખતે તેની પુત્રી પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો, જેના કારણે તેની પત્ની ખૂબ જ વ્યથિત થઈ ગઈ હતી અને આખરે ૬ જૂન, ૨૦૦૮ના રોજ તેનું મૃત્યુ થયું હતું. પોતાની ફરિયાદમાં રાવે જણાવ્યું હતું કે તેમની પુત્રી અને જમાઈએ ૨૦૧૬માં લગ્નના ૧૬ વર્ષ બાદ ૧૪ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ અમેરિકામાં છૂટાછેડા લીધા હતા. ૨૦૨૧માં નોંધાયેલી એફઆઈઆરમાં રાવે આરોપ લગાવ્યો હતો કે તેણે જે ઘરેણાં તેની પુત્રીને ગિફ્ટ કર્યા હતા પરંતુ લગ્ન સમયે તેના સાસરિયાઓને આપ્યા હતા તે પરત કરવામાં આવ્યા નથી.

# હું પડી ગયો હોઉં તો વાંધો નથી, આ મારું રોજનું કામ છે

## સોશિયલ મીડિયા પ્રભાવક રજત દલાલ ફરી એકવાર પોતાની ખોટી પ્રવૃત્તિઓને કારણે હેડલાઇન્સમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સોશિયલ મીડિયા પ્રભાવક રજત દલાલનો એક કથિત વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેઓ પોતાના વિવાદાસ્પદ કાર્યોને કારણે હેડલાઈન્સમાં છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વીડિયોમાં દેખાતો વ્યક્તિ રજત દલાલ છે જે સંપૂર્ણ વ્યસ્ત રોડ પર ૧૪૦+ કિમી પ્રતિ કલાકની ઝડપે ગાડી ચલાવી રહ્યો છે. ઓવરસ્પીડિંગ દરમિયાન તેણે બાઈક સવારને ટક્કર મારી હતી અને તેણે રોકવાની પણ તસ્દી લીધી ન હતી. તેની બાજુની સીટ પર એક મહિલા પણ બેઠેલી છે જેણે કથિત ચાંદીના દલાલને ધીમેથી વાહન ચલાવવાનું કહ્યું, જેના જવાબમાં તે બેદરકાર રહેવાનું કહે છે. દરમિયાન, તે બાઈકને ટક્કર મારે છે અને મહિલા આ ઘટનાથી ડરી જાય છે અને કહે છે, ‘સાહેબ, તે (બાઈક સવાર) પડી ગયો છે, સાહેબ, આવું ન કરો.’ આના પર રજત દલાલ કહે છે, ‘ઠીક છે, હું તેને પાછો નહીં આપીશ...



તે પડી ગયું છે, કોઈ વાંધો નથી. આ મારું રોજનું કામ છે...’ આ પછી તે વ્યસ્ત રસ્તા પર પોતાની કારની સ્પીડ થોડી ઓછી કરે છે. આ વીડિયો કારની પાછળની સીટ પર બેઠેલા વ્યક્તિએ શૂટ કર્યો હતો. બ્રોકરનો આ કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને લોકો તેની ધરપકડની માંગ કરી રહ્યા છે. રજત દલાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર સતત ટ્રેન્ડમાં છે. જો કે હજુ સુધી તેની સામે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ ન હોવાનું સામે આવ્યું છે. આ વીડિયો ક્યા સ્થળનો છે તે પણ સ્પષ્ટ નથી. લોકો વીડિયો પોસ્ટ કરીને અને દિલ્હી, ફરીદાબાદ અને ગુરુગ્રામ પોલીસને ટેગ કરીને દલાલની ધરપકડની માંગ કરી રહ્યા છે.રજત દલાલની એક છોકરા સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ થઈ ચૂકી છે. આ વર્ષે જૂનમાં, અમદાવાદ પોલીસે રજતની ૧૮ વર્ષના છોકરા સાથે મારપીટ, દુર્વ્યવહાર, તેનું અપહરણ કરવા, તેના ચહેરા પર છાણ છાંટવા અને તેના પર પેશાબ કરવા બદલ ધરપકડ કરી હતી. વાસ્તવમાં, જે છોકરાએ દુર્વ્યવહાર કર્યો હતો તેણે રજત દલાલના જીમમાં સેલ્ફી લીધી અને પછી તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી અને કેપ્શનમાં લખ્યું, ‘રોજ સવારે જીમમાં તમારો ચહેરો જોવાથી દિવસ ખરાબ થઈ જાય છે’, જ્યારે આ પોસ્ટ વાયરલ થઈ બ્રોકર પાસે પણ પહોંચ્યો અને તે ગુસ્સે થઈ ગયો.

### વિદેશ રમવા ગયેલા પાક.ના ત્રણ ખેલાડીઓ હજુ સુધી પરત નથી ફર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ત્રણ પાકિસ્તાની હોકી ખેલાડીઓ અને એક ફિઝિયોથેરાપિસ્ટ પર પાકિસ્તાન હોકી ફેડરેશનની જાણ વિના યુરોપના દેશમાં ભાગી જવાનો પ્રયાસ કરવા બદલ આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વાસ્તવમાં, તેનું કારણ પાકિસ્તાની હોકીની આર્થિક સ્થિતિ પણ છે, જેના કારણે ખેલાડીઓને ભથ્થાં મળવામાં વિલંબ થયો હતો. PHFના જનરલ સેક્રેટરી રાણા મુજાહિદે ગુરુવારે પુષ્ટિ કરી હતી કે મુર્તઝા યાકુબ, ઈહતેશામ અસલમ અને અબ્દુર રહેમાન ફિઝિયોથેરાપિસ્ટ વકાસ સાથે ગયા મહિને નેશન્સ કપ માટે નેધરલેન્ડ અને પોલેન્ડ ગયા હતા. ભૂતપૂર્વ ઓલિમ્પિયને સ્વીકાર્યું કે PHFની નાણાકીય સ્થિતિ ઘણી પડકારજનક હતી. ખેલાડીઓને તેમના મુસાફરી ભથ્થાં અને દૈનિક નિર્વાહની ચૂકવણીમાં વિલંબનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આ રાષ્ટ્રીય ટીમ છોડવાનું અને દેશની બદનામીનું કારણ હોઈ શકે નહીં. મુજાહિદે કહ્યું, ‘જ્યારે ટીમ ઘરે પરત ફરી અને અમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે પ્રશિક્ષણ શિબિરની જાહેરાત કરી.

### ભારતીય રેલવે એન્જિનિયરો વિશ્વના શ્રેષ્ઠ એન્જિનિયરો છે : માનનીય રેલવે મંત્રી

## આઈપીડબ્લ્યુઈ ગાંધીનગરના બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનો શુભારંભ

### ભારતીય રેલવેના વરિષ્ઠ એન્જિનિયરો સહિત નિવૃત્ત એન્જિનિયરિંગ અધિકારીઓ એકઠા થયા






। ગાંધીનગર, તા.૩૦ ।

ગાંધીનગરના મહાત્મા મંદિર સ્થિત કન્વેન્શનલ સેન્ટર ખાતે ઈન્સ્ટિટ્યુશન્સ ઓફ પરમેનન્ટ વે એન્જિનિયર્સ આઈપીડબ્લ્યુઇ-ગાંધીનગર ૨૦૨૪ નો બે દિવસીય સેમિનાર શરૂ થયો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ આઈપીડબ્લ્યુઇ ના સંરક્ષક તથા રેલવે બોર્ડ ના સભ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર શ્રી અનિલ કુમાર ખંડેલવાલ હતા.

આ પ્રસંગે કાર્યક્રમનું આયોજન કરી રહેલા પશ્ચિમ રેલવેના પ્રિન્સિપલ ચીફ એન્જિનિયર શ્રી અમિત ગુપ્તાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ આઈપીડબ્લ્યુઇ નો ૩૦ મો સેમિનાર છે જેનું આયોજન ગુજરાતના ગાંધીનગરમાં થઈ રહ્યું છે, તે પશ્ચિમ રેલવેનું સૌભાગ્ય છે કે અમને આ ગૌરવપૂર્ણ આંતરરાષ્ટ્રીય આયોજન નું હોસ્ટિંગ કરવાની તક મળી રહી છે.આ સેમિનાર સિવિલ એન્જિનિયરિંગના ક્ષેત્રે વિવિધ સ્તરે વિચારોનું આદાન-પ્રદાન કરવા અને જ્ઞાન અને અનુભવોનું આદાન-પ્રદાન કરવા માટે એક મહત્વપૂર્ણ મંચ છે. રેલવે ટ્રેક એન્જીનીયરીંગના ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને આધુનિકીકરણના યુગમાં, જેમાં બ્રિજ એન્જીનીયરીંગ રેલ્વે ટ્રેક એન્જીનીયરીંગ સહિતના પ્રોજેક્ટ પ્લાનીંગમાં તેને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા છે. આ સેમિનારમાં, રેલવે એન્જિનિયરો દ્વારા તેમના ક્ષેત્રમાં સામનો કરી રહેલા તમામ સંબંધિત સમસ્યાઓ અને પડકારોની વિગતવાર ચર્ચા કરવામાં આવી રહી છે.

માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા આપેલા તેમના શુભેચ્છા સંદેશમાં આ સેમીનારની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે ભારતીય રેલવે ના એન્જીનીયરો વિશ્વના શ્રેષ્ઠ એન્જીનીયરો પૈકી એક છે અને જ્યારે પણ દેશ માં સૌથી જટિલ પ્રોજેક્ટ હોય ત્યારે રેલવે ની વાત આવે છે.રેલવે ગરીબ અને મધ્યમ વર્ગ ની સાથે સાથે જનજન ની સવારી છે. આવી સ્થિતિમાં આપણે કઈ રીતે નવી ટેકનોલોજી અને નવી સુવિધાઓ લાવીએ છીએ અને ટ્રેક સંબંધિત જે નવીનતાઓ કરવાની છે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

મુખ્ય અતિથિ તરીકેના તેમના સંબોધનમાં, રેલ્વે બોર્ડના સભ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર શ્રી અનિલ કુમાર ખંડેલવાલે જણાવ્યું હતું કે ભારતીય રેલ્વે ઝડપી વિકાસ તરફ આગળ વધી રહી છે જેમાં આધુનિક ટ્રેક સ્ટ્રક્ચર, આરઓબી અને આરયુબીનું ઝડપી નિર્માણ અને નવા રેલ્વે કોરિડોરના આયોજનમાં તેમને નક્કર આકાર આપવા અમારી પ્રાથમિકતા છે.ભારતીય રેલ્વે એ વિશ્વના સૌથી મોટા રેલ નેટવર્કમાંનું એક છે. જ્યાં દરરોજ ૨ કરોડ મુસાફરો અને ૫૦ લાખ ટર્ન કાર્ગોનું પરિવહન થાય છે અને ૮,૦૦૦ રેલવે સ્ટેશનોને જોડતી દરરોજ ૨૦,૦૦૦ ટ્રેનો દોડે છે. તે માત્ર દેશની જીવાદોરી નથી પરંતુ દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ પણ છે. ભારતીય રેલ્વે ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત ભારત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે, જેમાં નેટવર્કનું વિસ્તરણ અને ૨૦૩૦ સુધીમાં ૩૦૦૦ મિલિયન ટન માલ નું પરિવહન કરવાનો લક્ષ્યાંક છે. તેમણે કહ્યું કે સલામતી હંમેશા આપણી પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ અને આપણે હંમેશા સેફટી ફર્સ્ટ ઓલવેઝ ફર્સ્ટના સૂત્રને ધ્યાનમાં રાખવું જોઈએ.

કાર્યક્રમની શરૂઆતમાં માનનીય અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ વર્ષના સેમિનાર માટે પસંદ કરાયેલા વિષયોમાં આરઓબી અને આરયુબી નું ઝડપી બાંધકામ સામેલ છે જેથી લેવલ ક્રોસિંગ દૂર કરી શકાય. ફાસ્ટ ટ્રેક ડિલિવરી ઓફ પ્રોજેક્ટ્સના વિષય પર સફળ કેસ સ્ટડીની ચર્ચા કરવા જેવા મહત્વના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે જ એલિવેટેડ કોરિડોર (એલિવેટેડ સ્ટેશન સહિત)ના પ્રોજેક્ટ્સને સાકાર કરવો જેમાં ૨૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપની શક્યતા હોય.આ તમામ મુદ્દાઓ વર્તમાન સમયમાં સમકાલીન અને મહત્વપૂર્ણ છે જેના પર ટેકનિકલ ચર્ચાઓ આ સેમિનાર દરમિયાન કરવામાં આવશે. આ સેમિનાર રોજિંદા કામ દરમિયાન આવતી ટેકનિકલ સમસ્યાઓ અને પાસાઓને સમજવામાં તેમજ વધુ સારી વ્યૂહરચના બનાવવા અને તેનો અમલ કરવામાં મદદ કરશે.

આ સેમિનારમાં આઈપીડબ્લ્યુઈ ના પ્રમુખ અને રેલવે બોર્ડ માં અધિક સભ્ય સિવિલ એન્જિનિયરિંગ,શ્રી બ્રિજેશ ગુપ્તા, ઈરીસેન પુણેના ડાઈરેકટર જનરલ શ્રી એસ.કે.ઝા, ઉપપ્રમુખ અને રેલવે બોર્ડ ના ચીફ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બ્રિજ, શ્રી રવિન્દ્ર ગોયલ, જનરલ સેક્રેટરી. અને પ્રિન્સિપલ ચીફ એન્જિનિયર, ઉત્તર રેલવે શ્રી બી.પી. સિંહ અને સંસ્થાના અન્ય અધિકારીઓ, ડીઆરએમ અમદાવાદ ડિવિઝન શ્રી સુધીર કુમાર શર્મા અને દેશભરમાંથી વિવિધ રેલવેના વરિષ્ઠ રેલવે એન્જિનિયરોએ ભાગ લીધો હતો.

### અવિરત વરસાદ વચ્ચે ૩૩ લોકોને કરાયા એરલિફ્ટ

# રાજ્યમાં સેના, NDRF, SDRF, ફાયર વિભાગ અને પોલીસકર્મીઓ બન્યા દેવદૂત

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજ્યમાં ૧૮૭ જિલ્લાઓ પૂરગ્રસ્ત બન્યા છે. જેમા દ્વારકા, વડોદરા, જામનગર, કચ્છ, રાજકોટમાં મહાવિનાશક પૂર આવ્યુ છે. જેમા હજારો લોકો પ્રભાવિત થતા તેમને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી. રાજ્ય પૂર પ્રભાવિત વિસ્તારોમાં સેના, દ્ગ્ઢઈહ્લ, જીઢઈહ્લ, ફાયર વિભાગ અને પોલીસકર્મીઓ રેસક્યુ કામગીરીમાં જોડાયા છે. દ્વારકા, પોરબંદર, વડોદરા અને કચ્છના અસરગ્રસ્ત વિસ્તારોમાં કોસ્ટ ગાર્ડ, આર્મી, ફાયર વિભાગ દ્વારા લોકોના જીવ બચાવી સુરક્ષિત સ્થેળે ખસેડાયા. જામનગરની વાત કરીએ તો અહીં ભારતીય કોસ્ટગાર્ડે વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં અનેક જગ્યાએ લોકોને એરલિફ્ટ કર્યા. કંટોલ, થેપાડા, એરડા, માલ, ફટાણા અને પીઠડ ગામોમાં લોકોને એરલિફ્ટ કરાયા. ૭ મહિલાઓ અને ૧૦ બાળકો સહિત કુલ ૩૩ લોકોને બચાવાયા. પાંચ ગામોમાંથી કોસ્ટગાર્ડે હેલિકોપ્ટરથી ૩૩ લોકોનું રેસ્ક્યૂ કર્યું. અવિરત વરસાદને કારણે વહેતી નદી અને ગામોમાં પૂરની સ્થિતિ સર્જાઈ, અને લોકો જીવ બચાવવા છત પર ચઢ્યા હતા. જેથી તમામ લોકોને અરલિફ્ટ કરી બચાવાયા. દેવભૂમિ દ્વારકામાં મધદરિયે કોસ્ટગાર્ડ દ્વારા માછીમારોનું રેસ્ક્યુ કરાયું. દરિયા વચ્ચે બોટ ફસાયાની જાણ થતાંજ કોસ્ટગાર્ડ મદદે પહોંચી. ઓખા કોસ્ટગાર્ડની ટીમે ફસાયેલા તમામ માછીમારોને બચાવ્યા. બોટ સહિત ત્રણેય માછીમારોને સુરક્ષિત બંદરે લાવવામાં આવ્યા. દરિયામાં ભારે પવન સાથે વરસાદના કારણે માછીમારો ફંસાયા હતા. તો બીજી તરફ મેઘપર ટીટોડીમાં દિલધડક રેસ્ક્યૂ ઓપરેશનમાં ૮ લોકોનું હેલિકોપ્ટરની મદદથી સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરાયું. જિલ્લા વહીવટી તંત્રને જાણ થતા જ પાણીમાં ફસાયેલા તમામને તાત્કાલિક મદદ પહોંચાડવામાં આવી. સાથેજ લોકોના જાન માલનું રક્ષણ કરવા વહીવટી તંત્ર ખડેપગે જોવા



મળ્યું. તેમજ દ્વારકાના ધુમથર ગામે ૪ વ્યક્તિઓનું રેસ્ક્યુ હાથ ધરાયુ. કલ્યાણપુરના ધુમથર ગામે કોસ્ટગાર્ડે કર્યુ દિલધડક રેસ્ક્યુ. ૨ મહિલા અને ૨ પુરુષોને હેલિકોપ્ટરથી રેસ્ક્યુ કરી બચાવાયા. દેવભૂમિ દ્વારકામાં ખોડીયાર ચેક પોસ્ટ પાસે વરસાદને કારણે રસ્તો બંધ થયો હતો. માર્ગમાં ફસાયેલા ૨ હજાર લોકોને ટ્રેક્ટરની મદદથી રેસ્ક્યુ કરાયા.

લોકોને ટ્રેક્ટરમાં બેસાડી સલામત સ્થળે પહોંચાડાયા. હાઈવે પર પાણી વહેતાં દ્વારકાથી જામનગર જતો રસ્તો બંધ કરાયો હતો. આ આફતમાંથી લોકોને બચાવવા પાંચ થી સાત ટ્રેક્ટરની મદદથી લોકોની અવરજવર કરાવાઈ. દિલધડક રેસ્ક્યુ ઓપરેશન પોરબંદરમાં પણ જોવા મળ્યુ. કુતિયાણાના વાળી વિસ્તારમાં પાણી વચ્ચે ફસાયેલા યુવકને બચાવવા કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર પહોંચ્યું. વહેલી સવારે કોસ્ટગાર્ડ દ્વારા દિલધડક રેસ્ક્યુ કરી ફસાયેલ યુવકને બચાવીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યો. વડોદરામાં કુદરતી પ્રકોપ વચ્ચે કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું હતું . ઘટના છે કમાટીપુરા તાજ બુરહા બિલ્ડિંગની, અહીં ૧૨ ફૂટ પાણી વચ્ચે દર્દીનું દિલધડક રેસ્ક્યુ કરાયું.

### કલોલ અંડરપાસમાં ફસાઇ ST બસ

## અંડરપાસમાં વરસાદી પાણી ભરાયાં હોવા છતાં બસ ચાલકે બસ હંકારી



। (એજન્સી) કલોલ, તા.૩૦ ।

ગાંધીનગરમાં સલામત સવારી ST કલોલ અંડરપાસમાં ફસાઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. કલોલના અંડરપાસમાં પાણી ભરાયા હોવા છતાં ચાલકે બસ હંકારી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અંડરપાસમાં બસ બંધ થઇ જતા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. ચાલકે ટ્રાફિકથી બચવા અંડરપાસમાં બસ લઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. અંડરપાસમાં પાણી ભરાયા હોવાના કારણે રસ્તો બંધ કરાયો હતો. જો કે સમગ્ર ઘટનાની જાણ તંત્રને થતા મામલતદાર, કલોલ અને ફાયરની ટીમે મુસાફરોનું રેસ્ક્યુ કર્યું છે. બસ ચાલકની બેદરકારીથી મુસાફરોના જીવ જોખમમાં મૂકાતા લોકોમાં ભયનો માહોલ પણ જોવા મળ્યો છે. બીજી તરફ ખેડાના માતર તાલુકામાં રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. પૂજેરા ગામ પાસે પાણીના પ્રવાહમાં ખાનગી બસ તણાઈ હોવાની ઘટના સામે આવી છે. મુસાફર ભરેલી બસ પાણીના પ્રચંડ પ્રવાહમાં તણાતા જીવ તાળવે ચોંટ્યા છે. જો કે ડ્રાઈવરની સમયસૂચકતાથી મોટી જાનહાનિ ટળી છે.

# કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં રેઈન વોટર હાર્વેસ્ટીંગનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

### મગ્ર ગુજરાતમાં બંધ પડેલા ૧૪૮૦૦ બોરને રિચાર્જ કરવાનું આયોજન છ : વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

કેન્દ્રીય જળશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાના મંત્રીઓ, પદાધિકારી-અધિકારીઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય જળ મિશન હેઠળ 'કેચ ધ રેઈન', રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મેરિડીયન હોટલ ખાતે જળશકિત મંત્રાલયના નેજા હેઠળ આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ સૌને સાથે મળીને વરસાદરૂપી અમૃતના એક એક ટીપાને જમીનમાં સગ્રહ કરવા માટેના ભગીરથ કાર્યમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'કેચ ધ રેઈન'ના ધ્યેય સાથે જનભાગીદારીથી



વરસાદના પાણીને ભૂગર્ભમાં ઉતારવાના સામૂહિક કાર્યનો આરંભ થઈ ચૂકયો છે. આપણા ઘર, મહોલ્લા, ગામ, શેરીઓ સુધી આ અભિયાનને લઈ જવાની હાંકલ કરતા તેમણે કહ્યું કે, દક્ષિણ ગુજરાતમાં રાજયનું ૬૫ ટકા પાણી રહેલું છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ૨૦ નદીઓને જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આપણે સાથે મળીને ભૂગર્ભ જળસંગ્રહના હેતુ સાથે ૨૪,૮૦૦ બોર કરવા જઈ રહ્યા છીએ. જમીનના પેટાળમાં મોટી માત્રામાં પાણીના જથ્થાનો સંગ્રહ કરવાની તાકાત રહેલી છે. વરસાદી પાણીનો સંગ્રહ કરી ભવિષ્યની પેઢીને વારસામાં અખૂટ જળભંડાર આપવાનું આહ્વાન કરતા તેમણે કહ્યું કે, સમગ્ર વિશ્વની ૧૮ ટકા વસ્તી અને પશુધન ભારતમાં છે, જયારે પાણી માત્ર ચાર ટકા છે. આ ચાર ટકા પાણીનું વ્યવસ્થિત પ્લાનીંગ કરીશું તો ભવિષ્યમાં પાણીની સમસ્યા નહી રહે. પહેલાના સમયમાં લોકો પાણીની પરબ બંધાવતા હતા, જેથી તેનું ધાર્મિક મહત્વ પણ રહેલું છે. આગામી તા.૬ઠ્ઠીએ રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંગેનો કાર્યક્રમ વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરતના આંગણે થનાર છે, જેમાં પણ મોટી સંખ્યામાં સૌને હાજર રહેવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે વોટર રિચાર્જીંગના કાર્યને સૌ સાથે મળીને જનઆંદોલનરૂપે ઉપાડવાનો અનુરોધ કર્યો હતો. તાજેતરમાં ઓલપાડના દેલાડમાં ૧૩૬ બોર કરાયા હોવાનું જણાવી ઉમેર્યું કે, અગાઉ આ ગામમાં ટીડીએસનું પ્રમાણ ૧૧૦૦થી ૧૨૦૦ હતું, જ્યાં બોર કર્યા બાદ ઘટીને ૬૦૦ ટીડીએસ જેટલું થયું હોવાનું તેમજ સમગ્ર ગુજરાતમાં ૧૪૮૦૦ બોર બંધ પડેલા છે, જેમાંથી ૧૦ હજાર બોરને રિચાર્જ કરવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કર્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

## બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા આરોગ્ય વિભાગ સજજ થયું

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ ।

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા આરોગ્ય વિભાગ સજજ બન્યું છે. લોકોની આરોગ્ય સંબંધિત આકસ્મિક જરૂરિયાતને પ હોંચી શકાય એ માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. તકેદારીના ભાગરૂપે વરસાદના સમયે ઉદભવતી આકસ્મિક જરૂરી તબીબી સેવાઓ મળી રહે તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૨૪ કલાક ચાલુ રાખવા તેમજ તમામ આરોગ્ય સ્ટાફને હેડ ક્વાર્ટર ન છોડવા હૂકમ કરેલ છે. વરસાદની સ્થિતિમાં લોકોની આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવા જિલ્લા અને તમામ તાલુકા કક્ષાએ રેપિડ રિસ્પોન્સ ટીમ અને કંન્ટ્રોલ રૂમની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેના દ્વારા નાગરિકોને આરોગ્ય સંબંધી સૂચના અને સારવાર આપી શકાય. તેમજ રોગચાળા અટકાયતી દવાઓનો જથ્થો સુનિશ્ચિત કરવામાં આવેલ છે. જિલ્લામાં વરસાદ પ છી ફેલાતા રોગચાળાને અટકાવવા ૭૭૦ ટીમો દ્વારા સર્વેલન્સ કામગીરી કરવામાં આવેલ છે. જેનું દૈનિક મોનીટરીંગ જિલ્લા કક્ષાએથી કરવામાં આવી રહ્યું છે. લોકોમાં પણ રોગચાળો અટકાવવા અને સલામતીના ભાગરૂપે જાગૃતિ આવે એ માટે વિવિધ માધ્યમ થકી અપીલ કરવામાં આવી છે.

### વડોદરામાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે કરુણ ઘટના

## મગરે યુવકને નદીમાં ખેંચી લઈ જતા યુવકનું મોત નિપજ્યું હતું

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

ભારે વરસાદ બાદ પૂરની સ્થિતિ સર્જાતાં વડોદરામાં હાહાકાર મચી જવા પામ્યો હતો. તાજેતરના એક અહેવાલ અનુસાર નદી કિનારે કોતરમાં માછલીની જાળ કાઢવા ગયેલો યુવક મગરને જોઈને ભાગ્યો હતો અને આ દરમિયાન જ લપસી જતાં મગરનો કોળીયો બની ગયો. ઉલ્લેખનીય છે કે વડોદરા જિલ્લાના ચાણોદ પાસેથી પસાર થતી ઓરસંગ નદી ભારે વરસાદના કારણે પાણી બે કાંઠે વહેતી થઈ હતી. આ દરમિયાન નદીની કોતરમાં રાજપુરા ગામમાં રહેતો ૩૦ વર્ષીય અમિત પુનમ વસાવા યુવક માછલી પકડવા પાણીમાં નાખેલી જાળ કાઢવા માટે ગયો હતો. ત્યારે પાણીમાં મગર દેખાતા તે અચાનક ભાગવા લાગ્યો. પરંતુ આ દરમિયાન તેનો પગ લપસી જતા પાણીમાં પડી ગયો હતો. ત્યારે મગરે તેને જડબામાં પકડી લીધો અને નદીમાં ખેંચી ગયો હતો. જેના લીધે અમિતનું કરુણ મોત નીપજ્યું હતું. વડોદરામાં હાલ પૂરની પરિસ્થિતિને ધ્યાને લઈને સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વન્યપ્રાણી/વન્યજીવ રેસ્કયુ માટે ૧૮ ટીમ કાર્યરત કરાઈ છે. આ ટીમોમાં વડોદરાના સામાજીક વનીકરણ વિભાગના સ્ટાફ ઉપરાંત સ્થાનિક એન.જી.ઓ. તથા સ્વયંસેવકો સામેલ કરાયા છે.

વિશ્વામિત્રી નદીમાં રહેતા મગરો પૂરના પાણીની સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં તણાઈને પહોંચી ગયા જતાંત સાપ અને કાચબા પણ રહેણાંક વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં વડોદરા શહેરમાંથી ૭૦થી વધુ સાપ અને ૧૦ થી વધુ મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. વડોદરામાં આર્મી ટીમોની તૈનાતીથી પૂર પ્રભાવિત વિસ્તારોમાં સ્થાનિક અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવતી બચાવ અને રાહત કામગીરી વધુ ઝડપી બની છે. આર્મીની ટીમ દ્વારા તમામ જરૂરી સાધનો અને રાહત સામગ્રી સાથે અસરગ્રસ્ત લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

## રાજ્યના ચાર ઝોનમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં વરસી રહેલા ધોધમાર વરસાદનું છેલ્લા બે દિવસથી જોર ઘટ્યું છે. પરંતુ, કચ્છ તેમજ સૌરાષ્ટ્રના મોરબી, જામનગર અને દેવભૂમિ દ્વારકામાં આજે પણ ભારે પવન સાથે વરસાદની આગાહી ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કચ્છના માંડવી તાલુકામાં સૌથી વધુ ૧૫ ઈંચ કરતા પણ વધારે વરસાદ વરસ્યો હતો. જ્યારે, સમગ્ર કચ્છ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૪ ઈંચથી વધુ તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. તમામ જિલ્લામાં સરેરાશ એક ઈંચ કરતા પણ ઓછો વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં કચ્છના મુન્દ્રા તાલુકામાં ૮ ઈંચથી વધુ, દેવભૂમિ દ્વારકાના દ્વારકા તાલુકામાં ૭ ઈંચથી વધુ, કચ્છના અબડાસા તાલુકામાં ૬ ઈંચથી વધુ તેમજ અંજાર તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જ્યારે, કચ્છના ગાંધીધામ, ભુજ અને લખપત તાલુકામાં ૨-૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. કચ્છના નખત્રાણા અને ભચાઉ, જૂનાગઢના ભેસાણ, રાજકોટના લોધિકા, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા, જામનગરના જોડીયા, સુરેન્દ્રનગરના ચુડા અને ચોટીલા, અમદાવાદના ધોલેરા, બનાસકાંઠાના દાંતીવાડા, ડાંગના સુબિર તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

### ત્રણ દિવસથી ગુમ થયેલા યુવકનો મૃતદેહ મળ્યો

## અમીરગઢ પાસેની બનાસ નદીમાં થી યુવકનો મૃતદેહ મળી આવ્યો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ ।

ગુજરાતમાં છેલ્લા ચારેક દિવસથી ધોધમાર વરસાદ વરસતાં નદી નાળાં છલકાયા છે અને જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. ત્યારે આ સ્થિતિમાં અનેક જગ્યાએ ડૂબી જવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. બનાસકાંઠામાં અમીરગઢ ગામમાંથી ત્રણ દિવસ અગાઉ ગુમ થયેલા એક યુવકનો મૃતદેહ નદીના પટમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અમીરગઢમાં રહેતા લાલા ભાઈ ઠાકોર ત્રણ દિવસ અગાઉ ગુમ થયા હતા. આ યુવક બનાસ નદીમાં ડૂબ્યો હોવાની આશંકા લોકોએ વ્યક્ત કરી હતી. જેના પગલે તંત્ર દ્વારા ગઈ રાત્રે શોધખોળ હાથ ધરી હતી. જોકે રાત્રે અંધારું થઈ જતાં પુનઃ શુક્રવારના સવારે અમીરગઢ મામલતદાર, પોલીસ તેમજ સ્થાનિક લોકો અને પાલનપુરની ફાયર ટીમની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારે નદીના પાણીમાંથી આખરે લાલા ભાઈ ઠાકોરનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.અમીરગઢ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.તંત્ર દ્વારા બનાસ નદી તેમજ અન્ય વહેતા પાણી ના પ્રવાહમાં ના ઉતરવા અપીલ કરાઈ છે.અમીરગઢ નજીકથી ગુજરાતમાં પ્રવેશ કરતી લોકમાતા બનાસ નદીમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો અવરિત આવરો ચાલુ છે. પરંતુ મંગળવારે અંબાજી તેમજ આબુરોડ વિસ્તારમાં સારો વરસાદ પડ્યો હોવાથી અમીરગઢ તાલુકામાંથી પસાર થતી બનાસ નદીના જળ સ્તરમાં વધારો થયો છે.

### લોકોએ મેયરને સવાલ કરતાં મેયરે પણ ચાલતી પકડી

## વડોદરાના પુરગ્રસ્ત વિસ્તારોમાં લોકો ધારાસભ્ય અને કોર્પોરેટર પર વિફર્યા

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

છેલ્લા ત્રણેક દિવસથી વડોદરામાં પુરની સ્થિતિ સર્જાઈ છે.શહેરમાં ભયાનક પૂર વચ્ચે ૩ દિવસ ભૂખ્યા અને તરસ્યા લોકોમાં સરકાર અને તંત્ર સામે ખૂબ જ આક્રોશ જોવા મળી રહ્યો છે. પૂરની સ્થિતિમાં ફસાયેલા લોકોને તંત્ર કે સરકાર તરફથી કોઈ મદદ મળી નહોતી અને ત્રણ દિવસ સુધી પોતાનાં ઘરોમાં પુરાઈ રહેવાનો વારે આવ્યો હતો. આ દરમિયાન લોકો પાણીના એક એક ટીપા માટે તરસ્યા હતા. હવે જ્યારે વડોદરા શહેરના ધારાસભ્યો, કોર્પોરેટરો અને મેયર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે, ત્યારે તેમને લોકોના રોષનો ભોગ બનવું પડી રહ્યું છે. વડોદરાના સલાટવાડા વિસ્તારમાં તુલસીબાઈની ચાલમાં અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે ગયેલા વોર્ડ નંબર ૭ના કોર્પોરેટર બંદિશ શાહ પર લોકોએ રોષ ઠાલવ્યો હતો અને 'બહાર કાઢો બહાર કાઢો' ના નારા લાગ્યા હતા. અહીં માણસ ડૂબી જાય એટલું પાણી હતું. પીવાનું પાણી પણ મળ્યું નથી. પીવાનું પાણી તો આપો. લોકોનો રોષ જોઈને કોર્પોરેટર બંદિશ શાહે તુલસીભાઈની વાડીમાંથી ચાલતી પકડી હતી. લોકો ઉગ્ર રજૂઆત કરવા માટે તેમની પાછળ પાછળ જતા જોવા મળ્યા હતા. લોકોએ હમારી માગે પૂરી કરવાના નારા પણ લગાવ્યા હતા. ગઈકાલે ભાજપના જ ધારાસભ્ય મનિષા વકીલ અને બાળુ શુકલને અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચતા લોકોએ તેમનો વિરોધ કરી ભગાવ્યા હતા. ત્રણ- ત્રણ દિવસથી લોકો ભૂખ્યા-તરસ્યા ટળવળી રહ્યા હતા ત્યારે કોઈ નેતા ડોકાયા નહોતા. આથી લોકોમાં રોષ ભભૂકી રહ્યો છે. વડોદરા શહેરમાં પૂરનાં પાણી ઓસરતાં હવે મંત્રી, ધારાસભ્યો, મેયર અને કોર્પોરેટરો અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જતાં લોકોના રોષનો ભોગ બનવું પડી રહ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨